
આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

કુમાર



૭૮

જૂન ૧૯૩૦

કુમાર

જેઠ ૧૯૮૬

અંક ૭૮

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



વનનાં ફૂલ
ચિત્રકાર : કૃષ્ણલાલ ભટ્ટ

સૌરભથી સંસિક્ત ભલે નહિ હૃદય તમારાં,
છો આવે નહિ પાસ મધુવ્રત મધુ હરનારા;
પણ આવળનાં ફૂલ ! તમે મુજ અંતર ગમતાં
આ નિર્જન વનમાંય સદા યે રહેતે રમતાં.

સ્વાર્થપથે પળનાર ભલે તમને જગ ભૂલે,
પણ વિસરે ન વસંત, ખીલવી તમને ખીલે:
કુદરત કેરાં બાળ ! તમે એને બહુ વહાલાં,
કુચ્ય દઇ આરોગ્ય સદા હૃદયે રાખેલાં.

સાદું જીવન ભવ્ય સાફ આનંદ ભરેલું,
માયાતીત મનોજ્ઞ શિષ્ટ તમને જ મળેલું.

(ખોટાદકર)

કુમાર

જેઠ '૮૯

લઢે

[શિખરિણી]

લઢે યોદ્ધા શાને ? વિજયવરમાળા ન દિસતી,
ન વા સ્વર્ગપ્રાપ્તિ, સુરસદનબાલા ન ઝરૂખે
પ્રતીક્ષા જોતી, કે અમર વરને પ્રાપ્ત કરવા,
ન વા જીત્યે મોટી પદવી ધન કે માન મળવાં.

લઢે યોદ્ધા શાથી ? નહિ જ શમશેરો ચમકતી,
ન ઘેરી ભેરીઓ રણઝણુ કરી જોશ જગવે,
ન હાથી, ઘોડાઓ, રથ, પયદલો ઘોર ઘુમતાં,
ન કે શસ્ત્રોકેરો તુમુલ રવ આકાશ ભરતો.

લઢે યોદ્ધા ઘેલા, નહિ ફલ તણી લેશ પરવા,
ન કામેચ્છા પ્રેરે, નહિ મન ઉઠ્યાં પાર્થિવ સુખો,
ન કેફી પ્રોત્સાહો, ભયજનિત ના ભીરુ કવચો,
ન કે શસ્ત્રો શોધ્યાં વિકૃત મનડે કાયર તણાં.

લઢે પ્રેર્યા પ્રેમે મનુજકુલકેરા હૃદયથી,
પળ્યા સૌ પાપીની જનરુધિરલિપ્સા છિપવવા;
કલેજાંભૂખ્યા દાનવતણી ક્ષુધાને શમવવા,
સ્વયં એ હોમાતા જગહૃદયની શાંતિ જપતાં.

ખમીને ખેલાવે,
મરીને જીવાડે,
દટાઇ પાયામાં જગપ્રણયનું આલય રચે,
લડંતા તોયે એ અભય જગને અર્પણ કરે;
જગનયન આશ્ચર્ય ઉભરે,
અને ઊંડેથી એ સમર પર આશીષ ઉતરે.

'સુન્દરમ'



હિંદમાં સ્વાતંત્ર્યનું મહાભારત મંડાયાને એક માસ જેટલી મુદત થઇ એટલા વખતમાં તો કેટલા યે નવજવાન બત્રીસા તેમાં હોમાયા છે. હિંદના બાળકને હવે બીજા ઇતિહાસ ગોખીને શું જાણવાનું રહ્યું? સ્પાર્ટાનાં બાળકોની સહનશક્તિને વિસરાવે એવી ધીરતા ને શાંતિથી કરપીણ પોલીસની લાઠીઓ ખાતાં છતાં આગે ધસતા એ ભડવીરોની તાકાત કોણ ઓછી આંકશે? માત્ર લાઠીઓ જ નહિ, પણ માનવજાતિને કલંક રૂપ અતિ નિર્દય ને ઝાલિમ અત્યાચારો તેઓ પર ગુજર્યા છે. એમનાં એ બલિદાનથી મોટી શહેનશાહતના નામદાર અધિકારીઓને કાળાંધોળાં કરીને પોતાની આબરૂ ટકાવવાનો પ્રશ્ન આવી પડ્યો છે. દેશવિદેશમાં જતા સમાચારો, હકીકતો અને ચિત્રો ઉપર અંકુશ મૂકી સત્તા પોતાના ધાર્યા બોલ બળજોરીથી બીજાના ગળામાં નાખી રહી છે. અમેરિકા ને યુરોપને સમાચાર જોઇતા હોય તો એની મારફતે જ મળી શકે. જગતમાંથી અન્યાય અને પરતંત્રતાની સાંકળો તોડવા નીકળેલી પ્રજાઓનાં પોકળ હવે ખુલ્લાં પડી ગયાં છે. હિંદુસ્તાન અત્યારે કોઇમાં પણ આશા રાખશે તો ઠગાશે. અત્યારે જ એવો વખત છે કે પ્રજાએ પોતાનું ધ્યેય મક્કમરીતે પકડી રાખી આગળ વધવું જોઇએ. દેશમાં એક પણ સાચો હિંદી એવો નહિ હોય કે જે સરકારની હાલની નીતિને ટેકો આપી શકે; વિનીતમાં વિનીત મતનો પણ કોઇ એવો માણસ નહિ હોય જેને આ નીતિની પાછળ દેખાતી કુટિલતા જોઇ તેનાં ખાલી વચનોમાં હવે આશા કે શ્રદ્ધા થાય.

આ રાજસત્તા હિંદની સંસ્કૃતિને, તેની અભિલાષાઓને, તેના આદર્શોને કચડીભૂંસી, તેનાં સંતાનોને પોતાના હાથ નીચે બેગારીઓ તરીકે, અને ટુકડા રોટી માટે પોતાની લાચારી કરતાં કે ખુશામત કરતાં ટોળાં રૂપે જ જીવાડવા માગે છે. આપણા માનનીય દેશનેતાઓ ને રાષ્ટ્રવીરો, સાહસિકોને, દાનવીરોને, વિદ્વાનોને કે'દિવસથી બળવાખોરો, ગુનેહગારો ને ભયંકર માણસોનો ઇલ્કાબ મળી ચૂક્યો છે અને તે મુજબ તેમની સાથે વ્યવહાર બતાવાયો છે. તેત્રીસ કરોડની વસ્તી જેમને માન આપે ને જેમનામાં શ્રદ્ધા ધરે તેમને માટે જરા પણ વિચાર કે વિવેક વાપરવાની જે સરકારે દરકાર સુદ્ધાં રાખી નથી તેની પાસેથી હવે શા સહકારની ઇચ્છા કરવાની રહી?

હિંદીઓને માટે લશ્કરમાં કે રાજકારભારમાં લેશપણ સત્તા કે અધિકાર રહ્યા નથી; હિંદી વેપારમાં અને નાણાંના વહીવટમાં હિંદને જ નુકસાની આવે એવાં ચોકઠાં ગોઠવાયાં છે; અને સરકારી નોકરી (પછી તે ગમે તેવા મોટા હોદ્દા કે મામુલી પગારની હોય તોપણ) એટલે તેજોવધ અને આજીવન ગુલામી. હિંદને રડવાનો પણ હક રહ્યો નથી. વર્તમાનપત્રમાં છૂટથી પોતાની સ્થિતિ દર્શાવનારાને માટે કાયદાનો મજબૂત ફૂચો. હિંદુસ્તાનના તેજસ્વી આત્માઓ માટે માત્ર આમ ગૂંગળાટભર્યું મૃત્યુ નિર્માને જ સરકારની ગોઠવણ પૂરી થતી નથી. અંગ્રેજો દેશપરદેશમાં ખાંડ ખાય છે કે હિંદના ભલા માટે તેઓ હિંદપર હાકેમી ટકાવી રહ્યા છે. દોઢસો વર્ષોથી તેમનો આ દાવો ચાલુ છે. ક્લાઈવ સાહેબથી માંડીને આજના છેલ્લા સત્તાધીશ સુધી બધાએ હિંદુસ્તાનને કેળવણી, વેપાર, રીતભાત અને રાજવહીવટના ઉત્તમ દૃષ્ટાંતો પૂરાં પાડ્યાં છે. હિંદીઓ તો કાયર, ખટપટિયા, મૂર્ખા, કુસંપ અને વ્યસનોના ભોગ બનેલા, બાળલગ્ન કરનારા, વિધવાઓને હેરાન કરનારા, ધર્મ માટે લડી પડનારા, પામર જંગલીઓ હતા; તેમને એ પશ્ચિમના સરકારી લોકોએ આવી સુધાર્યા ને જીવનસંસ્કાર આપ્યા. ને પોતાના આ કલ્યાણકાર્યની જગતના ચોકમાં તેઓ જાહેરખબર કરે છે. તે સિદ્ધ કરવા તેઓ પુસ્તકો લખે છે, શાળામાં શિક્ષણ આપે છે, અદાલતો ઊભી કરે છે, કમિટીઓ નીમે છે. એમણે ઘડી રાખેલો અભિપ્રાય ન આપે તેવા માણસો કે સંસ્થાઓને તેઓ બિનઅધિકારી કે રાજદ્રોહી ગણે છે. દેશની એકની એક મહાન સંસ્થા મહાસભા, કે જેના અભિપ્રાયમાં એકએક શાણા હિંદીનો અભિપ્રાય આવી જાય છે, તેના કરતાં પણ તેમના એક મામૂલી સિપાઇનો કે પગારદાર અમલદારનો શબ્દ વધુ પ્રામાણિક અને વજનવાળો ગણાય છે. તેને ન કોઇ પૂછી શકે, ન તેની કોઇ સાર્વજનિક તપાસ કરી શકે. એવો એક માણસ અનેક સજ્જનોની આબરૂ પર હાથ નાખી તેમને માર મારે, રીબાવે, ગોળી ચલાવે છતાં તે પર દાદ નહિ-તપાસ નહિ.



સ્વદેશ

દેશ એ વ્યક્તિ નથી. અતિંદેહી સત્ત્વ છે; ઇંદ્રિયોથી પર મનોગ્રાહ્ય આત્મા છે; પિતામાતાથી ઘણાં જ વધારે સામર્થ્યવાળો પાલક ને રક્ષક છે; માતા કે ધર્મગુરુ કરતાં યે વિશેષ પૂજ્ય છે; સંતાનોની અનંત શ્રેણિ રૂપ ને અમર છે; ભૂતકાળના આદિથી પણ જૂનો 'પુરાણ પુરુષ' છે.

(પ્રો. બલવન્તરાય ક. ઠાકોર)

અમેરિકાની પ્રજાએ 'રાજકારભારમાં સત્તા ન મળે તો રાજકાજના ખર્ચમાં પણ ભાગ આપવો ન જોઇએ' એ સિદ્ધાંત કાઢ્યો ત્યારે તેની સામે આની આ અંગ્રેજ પ્રજા હતી. ઇંગ્લંડના રાજાઓને દબાવીદબાવીને પ્રજાના હક્કો અને પ્રતિષ્ઠા સ્થિર કરનારી પાર્લામેન્ટની જનની પણ એ જ પ્રજા છે. એ જ પ્રજા હિંદુસ્તાનમાં વળી જુદા જ દાંત બતાવે છે. એનો ઈલાજ હિંદી પ્રજાની મક્કમતા વિના કદી થવાનો નથી. કોઇ પણ પ્રજા બીજી પ્રજાને સદાકાળ લશ્કરી પહેરા નીચે રાખી શકતી નથી. જો તેણે રાજ્ય કરવું હોય તો પ્રજાની એકદિલી અને સહકારની જરૂર પડશે જ. હિંદીઓ પોતાનું સ્વમાન સમજે. સરકારને રાજ્ય કરવું હોય તો પ્રજાની સંમતિ વગર એકપણ કામ કરી જ ન શકે એ સિદ્ધાંત પળાવવા આ પ્રસંગે તો હવે ગમે તે ભોગ આપવા જ જોઇએ.

પેઢી દર પેઢી આ બનાવોની વાત કહેવાશે. તે વખતે કોણેકોણે દેશને સાથ નથી આપ્યો તેની કલંકકથા' ન રહી જવા પામે એ વિચાર દરેક જણ કરી લે અને સત્યાગ્રહનાં યુદ્ધક્ષેત્રમાં, વિદેશી બહિષ્કારદારૂનિષેધ કે ગ્રામસુધારણામાં, જ્યાંજ્યાં પોતાનો ફાળો આવે ત્યાં, પૂરો ભરી દેવા દરેક ભારતીપુત્ર આજે બીજું બધું બાજુએ હડસેલી આગળ આવે.

બેએક સૂચનાઓ

ગયા અંકની જ્ઞાનલીલાના ઉત્તરો મોકલવાની મુદત ૫મા જૂનની જણાવેલી, પરંતુ એ અંક અતિશય મોડો બહાર પડ્યો એટલે તે મુદત લંબાવીને ૩૦મી જૂનની ઠરાવી છે. માટે જેને હજી ઉત્તરો મોકલવા હોય તે મોકલે.

આ અંકમાં કેટલીક નકશોમાં પાન ૨૨૮–૨૨૯ અવળાં છપાએલાં અને ઊંધાં ગોઠવાએલાં આવ્યાં હશે. એટલી ત્રુટી નિભાવી લેવાની તે તે ગ્રાહક બંધુઓને વિનંતિ છે.



અન્યાય સાંખે તે જુવાન નહિ.
હરેક બાબતમાં બીએ તે જુવાન નહિ.
વારંવાર બાંધછોડ કર્યા કરે તે જુવાન નહિ.
અપનવીન આદર્શો ન રચે તે જુવાન નહિ.
ખરે વખતે પ્રાણાર્પણ ન કરી શકે તે જુવાન નહિ.
જે તે બાબતમાં ગણતરી જ કર્યા કરે તે જુવાન નહિ.
(છાત્રાલય)

કસોટીની ઘડી

જવાંમર્દોની કસોટીની ઘડી આવી પહોંચી છે. 'નમકનો કાયદો તોડીને, બ્રિટિશ સરકારની સત્તાનો ઈન્કાર કરવાની બાંગ' પુકારીને, 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'ના જયધ્વનિઓ સાથે જેલ સીધાવી સંતોષ પામવાની વેળા ચાલી ગઈ છે. આજે તો જોઇએ છે માતાને નામે છાતી ઉપર ગોળીઓ ઝીલનારા, પીઠ ઉપર લાઠીના નઠોર પ્રહારો ઝીલનારા, દેહનું શુદ્ધ બલિદાન આપવાની ઝંખના ઝંખનારા મરણિયા સત્યાગ્રહીઓ. આજે જોઇએ છે બ્રિટિશ સરકારની તોપ-તલવારથી મરણતોલ જખ્મી બની, મરણશય્યાએ સૂતાસૂતા ભારતની સ્વાધીનતાના રથને પોતાની છાતી ઉપર થઇને મુક્તિદ્વારે પહોંચવાનું પરમ વિશુદ્ધ આમંત્રણ કરનારા મરણિયા મહારથીઓ. જીવસટોસટનો છેલ્લો ખેલ ખેલી રહેલા બ્રિટિશ સામ્રાજ્યના સુકાનીઓનો એ પડકાર છે. આ પ્યારા ભારતવર્ષની ગુલામીની લોહજંજીરો છેદવા આખરી યુદ્ધનો વાવટો ફરકાવનાર મહાસભાની એ હાકલ છે. એ હાકલના જવાબમાં હિંદીઓનાં જૂથેજૂથ જિંદગીનો છેલ્લો લહાવ માણી લેવાને નીકળી પડવાં જોઇએ. એવો કોણ અભાગી હિંદી હશે કે જેના હૃદયને આ હાકલ ન સ્પર્શે? જે હિંદની આઝાદી ઘર લાવવા ન થનગની રહે? જે જીવનનું બલિદાન આપીને ભારતને જીવન આપવાને અધીરો ન થઇ રહે?

ગુજરાતમાં જુવાનો કેટલા છે? ગુજરાતનાં રણક્ષેત્રો તરફ જુવાનોનો પ્રવાહ ગર્વ લઈ શકાય એવો જોશભેર વહ્યો જાય છે એ સાચી વાત છે. પરંતુ ગુજરાત–કઠિયાવાડમાં એટલા જ જુવાનો છે? આજે વાઇસરૉય નવાનવા ફતવાઓ કાઢી રહ્યા છે; આજે તમારો દેશબાંધવ પરદેશી કાપડ ન ખરીદે કે મદ્યપાન ન કરે એટલા માટે તમે 'પિકેટીંગ' કરો એ પણ ગુનોહ ઠરે છે; આજે સીમલાથી સમાચાર આવી રહ્યા છે કે આખા મુંબઇ ઈલાકામાં માર્શલ લૉ જાહેર કરવાની વિચારણા ચાલે છે; ત્યારે ગુજરાતની જુવાની માત્ર થોડા હજાર ગુજરાતી પુત્રોના જ મુખ ઉપર પ્રકાશશે? એ જુવાનીનો પ્રકાશ લાખ્ખો ગુજરાતી પુત્રોના મુખ ઉપર પથરાવાનો વખત હજી નથી આવ્યો?

ગુજરાતના જુવાનો! 'જુવાનને હાક પાડવામાં જુવાન નામનું અપમાન છે; કોઇ જુવાન આજે ઘરખૂણે બેઠો હોય જ નહિં' એ લેનિનનાં અમર વચનો સાચાં પાડો. મુક્તિ-સંગ્રામનાં મેદાનોને સાચાં વિદ્યાલયો માનો. (સૌરાષ્ટ્ર)

બે,

૧][સ્વામી આનંદ

૧૯૧૪ના ઉનાળામાં મારે મારા દાદા (પિતાના મસિયાઇ ભાઇ)ને ત્યાં શિયાણી ગામે તેમના પુત્રના ઉપવીત પ્રસંગે જવાનું થયું હતું. શિયાણી જવું હોય તો લીંબડીથી સાત ગાઉ ધૂળ ખૂંદતાં જવું પડે. આ ગામડું એકાંતિક હોવા છતાં ચાલુ જમાનાના પવનથી અલિપ્ત નહોતું. ત્યાંની બ્રાહ્મણ વસ્તીમાંથી ઘણા જુવાનોએ લીંબડી, વઢવાણ ને અમદાવાદ જઇને અંગ્રેજી કેળવણી લીધી હતી; અને તેમાંના ઘણા તો સરકારી નોકરીમાં બહુ ઊંચે હોદ્દે ચડ્યા હતા! તેમાં મારા દાદાના દીકરા મૂળશંકરના મોટા મામા જયાશંકરની હમણાં ગામમાં બહુ વાતો થતી હતી, કારણકે તે તાજેતર મુંબાઈની ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાંથી સીમલા વાઇસરૉયના સેક્રેટેરીએટમાં નીમાયા હતા. તે જયાશંકરભાઇ આ પ્રસંગે સીમલેથી આવ્યા હતા અને ભોળાં દિલના ગામડિયાઓમાં ભાણેજ પણ આવા મામાથી ભાગ્યશાળી ગણાતો હતો. તેમના નાના ભાઈ પ્રભાશંકર ડૉકટર પણ અહીંતહીં અંગ્રેજી વિદ્યાનો પ્રકાશ નાખતા નજરે પડતા હતા.

જયાશંકરભાઇને હું અગાઉ એક વાર મુંબાઇ પીપળવાડીની ચાલમાં મળેલો અને તે પિછાન ફરી આ વખતે ચાલુ થઇ. તેઓ મારા પિતાશ્રીના બહુ ખબરો પૂછતા. સરકારી નોકરો, તેમના જોટાના બીજા સરકારી નોકરોની વાતો ગામડાંમાં પૂછેકરે ત્યારે તેમાં જુદી જ છટા હોય છે. ગામડાંના લોકોને આ લોકોનું મંડળ કંઇક દૈવી અને પ્રતાપી લાગે. ગામડાંનાં સુખ-દુઃખ સાંભળવાનો તેમને થોડો જ અવકાશ હોય છે. તેઓ તો પોતાને મળેલા મોટા માણસો, તેમની જોડેના પ્રસંગો વગેરેની વાતો કરી ગામડાને આંજી દેતા હોય છે.

આ જાતની હવામાં બીજી તરફ કેટલાક નવયુવાનો તેના એક ત્રીજા નાના ભાઇની વાતો કરતા હતા. તેઓ કહેતા કે એ તો કોઈ અજબ માણસ છે. આ બે ભાઇઓથી તેની પ્રકૃતિ જુદી જ છે. હિમાલય ગયેલ છે. સાધુ બની ગયેલ છે. પણ એ વખતે એવા માણસ વિષે મેં બહુ વિગતો જાણવાની દરકાર નહોતી કરી.

ત્યાર પછી એક વાર વીરમગામમાં મારા એક મિત્રે મને તેના કેટલાક પત્રો વંચાવ્યા. આટલા લાંબા પત્રો મેં કદી જોયા નહોતા. મને પોતાને લખવા તરફ બેહદ કંટાળો હતો, અને આ કોઇ અજાણ્યા યુવાનને વયોવૃદ્ધ



સ્વામી આનંદ   ફોટો : સુબેદાર

જેવી ફીલસુફી ડોળતો જોઇ મને આશ્ચર્ય થયું હતું. એ વખતે પણ તેને મારી મનોસૃષ્ટિમાં સ્થાન મળ્યું નહિ.

એકાદ વરસ પછી હું ભાવનગરમાં વૅકેશન ગુજારવા ગયો હતો તે વખતે મારા મિત્ર પરમાનંદ કાપડિયાએ મને તેનો એક લાંબો ૪૮ પાનાંનો પત્ર વંચાવ્યો. એ પત્ર વાંચી મને પહેલી જ વાર તે લખનારના પ્રબળ આત્માનું ભાન થયું. તેણે સમાજને રુઢિપરંપરામાં ગોથાં ખાતો–સબડતો જોઇ લીધો હતો; યુવાનોના ટૂંકા કૃપણ આદર્શો પર તિરસ્કાર વરસાવ્યો હતો; વૃદ્ધો અને વિદ્વાનોનું ડરપોકપણું તથા સ્વાર્થાંધતા ઉઘાડા પાડ્યાં હતાં; અને કોઇ યુવાન વિચારતાં પણ ડરે તેવા પ્રદેશમાં તેણે ઝંપલાવ્યું હતું. તે કોઇ કુટુંબનો કે પ્રાંતનો રહ્યો નહોતો. તેને તો સમસ્ત ભારતની સીમાને આવરી રહેલા કોઈ માતૃપ્રાણની લગની લાગી હતી. 'મા' એ એક જ તેના હૃદયનો આર્તનાદ હતો. 'મા' આદેશ આપે તે જ કરવું એવું તેણે વ્રત લીધું હતું. શ્રીમાન મિત્રોનાં મિષ્ટાન્ન અને હિમાલયમાં મળી આવતો પહાડી રોટલો, બંને તેને મન સરખાં થઇ ગયાં હતાં. કમાણી કરવી, ઘર બાંધવું, સમાજના વ્યવહાર કરવા એ બધા તેને મન અધઃપતનના માર્ગો લાગતા હતા. કોઇ પ્રખર તેજોમય ધ્યેય—હિમાલયનાં શુભ્ર શિખરો સમ ઉજ્જવળ આદર્શો તેના ચિત્તમાં વ્યાપી રહ્યા હતા.

આ માણસ થોડા દિવસમાં ભાવનગર આવશે એમ ભાઇ પરમાનંદે જણાવ્યું એટલે તો મને તેને

સંસ્કારચિત્રો

માતાને મુક્તિપંથે શ્રી, શક્તિ અને સંસ્કારિતાથી સંપન્ન, ગુજરાતના જે અનેક પનોતા પુત્રો પાક્યા છે તેમની ઓળખનાં ટૂંકાં આલેખનો સ્મરણ પર પડેલી સંસ્કારછાયા પરથી એક પછી એક આલેખી આપવાનો ઇરાદો છે. તેમાંના આ પહેલાં બે.

મળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. હિમાલયમાં બે વર્ષ તપ કરી આવેલો અમારી જ ઉમરનો આ તાજો યોગી જોવાની કોઈ અનેરી જિજ્ઞાસા જાગી. ઘરનો ત્યાગ કર્યે તો તેને લગભગ છસાત વર્ષ થયાં હતાં; પણ તેનો વચલો ઇતિહાસ મને કે પરમાનંદને પૂરો માલૂમ ન હતો.

એક દિવસે મને પરમાનંદની ચિઠ્ઠી મળી કે સ્વામી આવ્યા છે; બપોરે મળવા આવો. બપોરે હું ગયો ત્યારે પરમાનંદના પુસ્તકોના કબાટ આગળ ચોપડીઓ ફીંદતો એક યુવાન સાધુ મેં જોયો. કોઈને પણ ન લાગે કે તે ગુજરાતના બ્રાહ્મણ-વાણિયા વર્ગ પૈકીનો હશે. તેણે કફાર જેવી લૂંગી વીંટી હતી. સાદું બદીઅન પહેર્યું હતું. માથા અને દાઢી પર કેશ વધારેલા હતા. પાતળી મૂછો નીચેથી વારંવાર હાસ્ય ભભૂકતું. આંખો રમતી જ રહેતી. મારી ઓળખાણ થયા બાદ તેને કળાની બાબતમાં યે મારી સાથે ખૂબ વાતો કરી. તેણે બંગાળા પણ ખૂબ ખૂંદ્યું હતું. નંદલાલ બોઝ અને અસીત હલધર જોડે ગોઠિયા-વ્યવહાર બાંધ્યો હતો. શાંતિનિકેતનમાં પણ તેનો ખૂબ વ્યવહાર



એક યુવાન સાધુ મેં જોયો.

જામેલો લાગ્યો. મુકુલ દે તો તેનો ખાસ દોસ્ત (રખડૂ હોવાથી) થઇ ગયો હતો. તેની વાતમાં 'હિંદુસ્તાન હવે જાગ્યું છે, સૂવાનું નથી; તમે માત્ર ભાવનગર જોઇને કશો ખ્યાલ બાંધશો નહિ. હું તમારી સાથે વાત કરૂં છું તે વખતે મારી નજર મદ્રાસ, બંગાળ, લાહોર, કાશી બધે પડે છે. બધે ઠેકાણે આદર્શશીલ પુરુષોને કામે લાગી ગએલા જોઉં છું. કોઇ જાગૃત થએલો આત્મા હવે જંપી શકશે નહિ. તેણે ઘણામાં ઘણી ફરજ ઉઠાવી લેવી પડશે. માતા આદેશ આપતી જાય છે.'

મને તેની વાતોમાં બહુ રસ પડ્યો. તેના આવવાથી અમે નવું જ વાતાવરણ અનુભવી રહ્યા હતા. રાષ્ટ્રીય વિચારો કદી આવા પ્રબળ ધસારા સાથે અમારા મંડળમાં પ્રવેશ્યા નહોતા.

તેની વાતોનો અંત જ નહોતો. સાંજે તેણે જણાવ્યું કે ભાવનગરમાં તેને મળવા જવું જોઇએ તેવા એક મુરબ્બી રહે છે. તેનું નામ પૂછ્યું ત્યારે તે નામ મારા પિતાશ્રીનું જ હતું. તરત જ મને શિયાણીના પ્રસંગો યાદ આવી ગયા અને આ સ્વામીજીની અને મારી સંબંધપરંપરા લક્ષમાં આવી ગઇ. પણ એ તો મારૂં જ મમત્વ હતું. તેને વળી નિકટનું કોણ અને દૂરનું કોણ? છતાં તેણે અમારા માટે જે લાગણી બતાવી તેમાં તેનો જ વિનય હતો. એણે કહ્યું કે 'હું સાધુ તરીકે તમારી વચ્ચે નથી રહેવા માગતો. તમે બધા મને તમારા જેવો જ ગણજો. હું પણ અનુભવાર્થી છું.

આમ ભાવગરમાં સ્વામી સાથે સંબંધ બંધાયા પછી ઘણો વખત તે અમારાથી દૂર રહ્યા. તે પછી ફરી હું મારા અભ્યાસને અંગે મુંબાઇ ગયો. હું પીપળવાડીમાં રહેતો ત્યાં મેં સ્વામીને એક દિવસ જોયા. મને જોઇને તેમણે બહુ સ્નેહ બતાવ્યો. ભાવનગરના પ્રસંગો પછી તેમણે મને કદી વિસાર્યો નહોતો, અને મળ્યા વગર પણ તેણે મારા પર એક જાતનું લક્ષ્ય સાંધ્યું હતું એમ મને પાછળથી જણાએલી વાતો અને પ્રસંગોથી સમજાયું. સ્વામી અને તેમના એકબે મિત્રોએ પીપળવાડીમાં મારી ઓરડીને ઉપલે જ માળે એક ઓરડી રાખી હતી; જોકે સ્વામી તેનો લાભ થોડો જ લેતા. એ ઓરડી પહેલાં રા. તુળજાશંકર ગૌરીશંકર યાજ્ઞિકની હતી (જેઓ હાલ ગુજરાતી ચિત્રમય જગતના તંત્રી છે.) ભાઇ જુગતરામ હવે પણ મને સ્વામી સાથે

પહેલા ત્યાં જ મળ્યા. કાચી વયના એક અલ્લડ કાઠિયાવાડી છોકરામાંથી, આજના ભદ્ર, વિચારશીલ અને ચુસ્ત રાષ્ટ્રભક્ત ઘડવાને તે વખતે સ્વામી પોતાના બધા સંસ્કાર જુગતરામભાઇમાં રોપી રહ્યા હતા. તેનું સંપૂર્ણ સર્જન થતાં તે ગુજરાતની સેવામાં સમર્પાયું છે તે આજે સૌને વિદિત છે. એનો બધો યશ સ્વામીને જ ઘટે છે.

સ્વામી પોતાના મજલા ઉપર જતાં કે ઊતરતાં મારી ઓરડીમાં ડોકિયું કરતા જ, અને ઘણી વાર મારા ટેબલ પર અઢેલી પ્રેરક વાર્તાલાપ ચલાવતા! અત્યાર સુધી રાષ્ટ્રીય ભાવનાઓ પર મેં ધ્યાન જ આપ્યું નહોતું એમ કહું તો ચાલે. સ્વામીને મોંએ વિવેકાનંદ, નિવેદિતા કે કુમારસ્વામીના આદર્શો એટલી બધી વખત હું સાંભળતો કે મને તે સમજવાની રુચિ પ્રકટી. સ્વામીએ તે જાતનું સાહિત્ય પૂરું પાડવા માંડ્યું અને મેં તે વાંચવા માંડ્યું. બંગાળી સાહિત્ય અને કવિતાઓ પણ સ્વામી વારંવાર સંભળાવતા. તે વેળા સ્વામી પ્રો. ટી. કે. ગજ્જરના સેક્રેટરી હતા, એટલે કોઇકોઇ વાર તે મહાન વ્યક્તિની મહાન વિચિત્રતાઓ પણ કહીને હસાવતા. સ્વામીને નિર્દોષ તોફાનભરી હસવાની વાતો બહુ જ ગમે છે એમ કહું તો ખોટું નહિ.

પીપળવાડીમાંથી મારો અને સ્વામીનો ઉચ્ચતર સંબંધ થયો એમ હું માનું છું, કેમકે તે વખતે તેમણે મારા મન પર પાડેલી છાપથી હું મારા જીવનની ઘણી રેખાઓ નક્કી કરી શક્યો. National Artist (રાષ્ટ્રીય કલાકાર) થવાની ઉમેદ તેણે જ મારામાં રોપી. એ આદર્શ પૂર્ણ થવાના દિવસની રાહ જોતો હું પરિશ્રમ કરી રહ્યો છું અને જે થતું આવે છે તેથી અસંતુષ્ટ નથી. થોડા વખત પછી સ્વામીએ પ્રો. ગજ્જરને છોડ્યા અને કોઇ શેઠિયાને ત્યાં શિક્ષક થયા. પછી કોઇ મરાઠી પત્રના રીપોર્ટર બન્યા. એ વાતોની વિગતો હું આપી શકીશ નહિ, કારણકે અમને બધાને એમ લાગતું કે સ્વામી તેમના આદર્શોથી દૂર જાય છે; હવે તો તે અમારા જેવી જિંદગી માંડે અને ગૃહસ્થ થઇ જાય એમ પણ કેટલાક મિત્રોએ સલાહ આપેલી! આજે તો એ ભ્રમ તૂટી ગયો છે. એમ પણ લાગે છે કે તેમનું જ દૃષ્ટિબિંદુ સાચું હતું. ઘણા શક્તિવાળા માણસો ગૃહસ્થાશ્રમમાં બંધાઇ જવાથી તેમની શક્તિનાં પૂર વહેવડાવી શકતા નથી અને પછી તેમનામાં આવતાં ઇશ્વરી ઝરણું બંધ થઇ જાય છે.

સ્વામીને હું આપ્તજન તરીકે ચાહતો. મને તે પ્રીતિથી 'રવુભાઇ' કહેતા. એ સમયે તેમને રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે ઓળખવા કઠણ હતા; હું તેમની પ્રવૃત્તિઓથી પૂરો વાકેફગાર નહોતો. તેમના મોટા મિત્રમંડળમાંથી બહુ થોડાને ઓળખતો.

ત્યાર પછી વળી પાછા ઘણા લાંબા વખત સુધી અમે એકબીજાથી છૂટા પડી ગયા. એક વાર હું બેચાર દિવસ માટે વડોદરા ગએલો, ત્યાં તેમને મારા ખબર મળતાં જ તે કાકાસાહેબને લઇને મારા મુકામે (શ્રી ગજાનન પાઠકને ઘેર) મળવા આવ્યા. તે વેળા કાકાસાહેબ સયાજીગંજમાં લોકસુધારણાનું કામ કરી રહ્યા હતા. સ્વામી પણ ત્યાં જ રહેતા. એ અરસામાં કાકાસાહેબને ભાષણો કરવાની રાજ્ય તરફથી મનાઇ થઇ હતી. કાકાસાહેબ સાથે પહેલું ઓળખાણ મને એ વેળા થયું. કાકાસાહેબે મારા પ્રતિ જે પ્રેમ દાખવ્યો તે પરથી મને લાગ્યું કે સ્વામીએ એમને મારે વિષે બહુબહુ વાતો કરી હશે. તેમણે તો મારે માટે ઘણી આશાઓ કલ્પી હશે. પણ આજે એ બે મહારથીઓ રાષ્ટ્રકાર્યની જે ધુરા ખેંચી રહ્યા છે તેનો એક તાગડો પણ હું તાણી શકતો નથી. તેમના અતુલ કાર્યભાર સાથે તેઓ હોમાઇ રહ્યા છે. વિરાટ આત્માના ચેતનસંતાન જેવા એ પુરુષો આગળ મારું જીવન મને અલ્પ લાગે છે.

વળી પાછો સમયનો થોડો ગાળો પડી ગયો અને તે પછી અમે મળ્યા ત્યારે સ્વામી સત્યાગ્રહાશ્રમમાં આવીને વસ્યા હતા. કાકાસાહેબ પણ ત્યાં આવી ગયા હતા, પણ માત્ર અધ્યાપનનું મૂંગું અને સંગીન કામ કરતા હતા. કાકાસાહેબને ગુજરાતમાં અવતારવાનો યશ હું તો સ્વામીને જ આપું; નહિ તો કાકાસાહેબ જેવાને તો સેવાનાં ક્ષેત્રનો પાર નહોતો.

નવજીવન પ્રેસનો કારભાર સ્વામીએ હાથમાં લીધો ત્યારથી જ એ પ્રેસનાં મંગળ મંડાયાં હતાં. પત્રકારિત્વનો તેજોમય આદર્શ સ્વામીએ બંગાળ–મહારાષ્ટ્રમાંથી અને દેશપરદેશના સુપ્રસિદ્ધ ગ્રંથોમાંથી ખૂબ પીધો હતો. તે ગુજરાતમાં એમણે નવજીવનદ્વારા પહેલવહેલો ઝળકાવ્યો.

આપણે માનીએ છીએ કે એક મહાન અવતારની સાથે તેનાં કામો ઉપાડવાને બીજી વિભૂતિઓ પણ ખાસ જન્મ લે છે. તે જ પ્રમાણે યુગમૂર્તિ ગાંધીજીનો

દિગ્વિજય સાધવાને સ્વામી જેવા અનેક આત્માઓ કોણ જાણે ક્યાંથી કેન્દ્રમાં આવી પહોંચ્યા. છાપખાનાના આદર્શો, જનસમૂહના માનસનો પાકો પરિચય, અપાર વ્યવસ્થાશક્તિ ને અવિશ્રાંત બેઠકે કામ કરવાની તૈયારીથી 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'ને સ્વામીએ પત્રકારિત્વમાં સર્વોચ્ચ કોટિએ પહોંચાડ્યાં. નિયમિતપણે અને યોગ્ય સ્વરૂપમાં બહાર પડતાં ત્યારે એ વેળા કોને તેની પાછળ રહેલી પ્રચંડ શક્તિનો ખ્યાલ આવી શક્યો હશે? સ્વામી માણસને ટકોરો મારીને પારખી લેતા અને પોતાના કામનો છે કે નહિ તે એક ક્ષણમાં નક્કી કરી શકતા. પોતાના હાથ નીચે તાલીમ પામેલા માણસમાં જરા સરખી પણ કચાશ રહેવી ન જોઇએ એ સ્વામીનો સદાગ્રહ છે, અને તેને પરિણામે નવજીવન અને યંગ ઇંડિયામાં ઉત્તરોત્તર સબળ અધિકારીઓ મળતા જ રહ્યા છે. છસાત હજારના નાના છાપખાનામાંથી નવજીવન મુદ્રણાલયને અમદાવાદનું એક આગેવાન છાપખાનું બનાવી સ્વામીએ નવજીવન પ્રેસ છોડ્યું ત્યારે તેની મિલકત લગભગ બે લાખ રૂપિયાની અંકાઇ હતી. છતાં સૌ જાણે છે કે સ્વામીએ પોતાના પગારની પાઇ સરખી યે તેમાંથી લીધી નહોતી.


સ્વામી તો સેવાને જ વરેલા. અમદાવાદ છોડી મુંબાઇ જઇ તેમણે ગોસેવાસંઘ ને અપૃશ્યતાનિવારણનું કામ હાથ લીધું. રાજકીય બાબતોથી દૂર રહેતા છતાં બારડોલીની લડતના સમાધાન વખતે એ વલ્લભભાઇને જમણે પડખે જ હતા. અંત્યજોને માટે મંદિરપ્રવેશની ઝુંબેશ ચાલી ત્યારે પણ સ્વામીએ મુંબાઇ અને પૂના વચ્ચે દોડાદોડી કરી મૂકી હતી ને પંડિતો, વિદ્વાનો તથા શેઠિયાઓ પાસેથી પ્રવેશમતની સહીઓ લેવા માંડી હતી. સ્વામીનું નામ આજે રાષ્ટ્રીય દળમાં એક ચમત્કાર દેખાય છે. તેમની શક્તિ અને કાર્યદક્ષતા માટે સૌને અટલ શ્રદ્ધા અને માન છે.

મુંબાઇ ઉપનગર સત્યાગ્રહ શરૂ થયો એટલે સ્વામી તેમાં એક મહારથી બની ઘૂમવા લાગ્યા અને ઘણા વખત સુધી કોઇએ નહિ જાણેલી એવી પ્રભાભરી વાણીમાં સળગતાં ભાષણો વડે પ્રજાને ઉત્તેજી મૂકી. સરકાર એને કેમ છૂટા રાખી શકે? મીઠાના કાયદાભંગ માટે તથા લોકોને ઉશ્કેરવાના આ ગુનાહ માટે પકડી તા. ૨૨–૪–૩૦ના રોજ સરકારે એમને એક વરસનો જેલવાસ આપ્યો. પણ તેથી શું? એ તો આવીને પાછા પોતાનો જીવનભરનો ધંધો લેવાના જ છે. કૈંક નૌજવાનોને પાછળ મૂકી દે એટલી સમૃદ્ધિ એ સાચવી રહ્યા છે. એ આજન્મ બ્રહ્મચારીનો પ્રતાપ સરકાર કેટલોક જીરવશે?

૨][શ્રી રામનારાયણ પાઠક

ગુજરાતની યુવાન સૃષ્ટિમાંથી ભૂતકાળના વૃદ્ધોને શાણપણનો નમૂનો જોઇતો હોય તો શ્રી રામનારાયણ પાઠકનું જ નામ દઇએ. બધી બાબતનો સરખો તોલ કરીને નિર્ણય બોલે. બધાનું સમાધાન થાય અને કોઇને કટુતાનો સ્પર્શ ન થાય એવી રીતનો વાણીપ્રયોગ એકલા બટુભાઈને જ આવડ્યો છે. એમને રામનારાયણ પાઠક કરતાં જેઓ બટુભાઇ તરીકે ઓળખે છે તે એ વાણીપ્રયોગનાં ઊંડાં મૂળ તેમના હૃદયની મીઠાશ સુધી પહોંચેલાં જોઇ શકે છે. નિખાલસ, સરળ અને મધુર સ્વભાવના બટુભાઇ ગુજરાતના અગ્રેસર સાક્ષર અને વિદ્વાન તો છે જ, પરંતુ એક સમર્થ વિચારક તરીકે પણ એમનું સ્થાન અનોખું જ છે. એકવાર તેમણે જ કોઇ પ્રસંગે કહેલું કે 'ગુજરાતને આજે સૌથી વધારે જરૂર હોય તો વિચારકોની છે. જે દેશને ઝાઝા વિચારકો મળી રહે છે તે દેશનો વિકાસ સૌથી વધુ થાય છે.' તેમને વાંચેલા વિચારોની પુનરાવૃત્તિ ગમતી નથી. પોતાના જ વિચારોની વેલોની વેલો ઉગાડવામાં તેમને બહુ આનંદ પડતો હોય એમ લાગે છે. સંસારી તરીકે એમણે બધી જંજાળો આટોપી લીધા પછી મોટે ભાગે તેઓ વિચારક તરીકે જીવન ગાળે છે. અભ્યાસ અને સંશોધન પણ પોતાના વિચારોના સમથન માટે જ કરતા હોય એમ લાગે.

પ્રૌઢ અને ચિંતનશીલ જીવન માટે એટલું બધું મમત્વ હોવા છતાં જ્યારે દેશના ધર્મયુદ્ધ કાજે મહાત્માજીએ ધીર વીરોને સાદ દીધો ત્યારે બટુભાઇએ પોતાનું નામ આપતાં જરા ય વિલંબ કર્યો નહિ. એ રીતે પોતાના પ્રિયમાં પ્રિય વિષયનો પણ ભોગ આપી તેઓ ધોળકા તાલુકામાં લડતનું કામ કરવા જોડાઇ ગયા. ગુજરાતમાં અત્યાર સુધી સાક્ષરો કે વિદ્વાનો માત્ર પુસ્તકો લખી જાણનાર નિષ્ક્રીય જીવો ગણાતા હતા તે વાત તેમણે ખોટી પાડી અને ધોળકા ધંધુકાની વસ્તીને ખાતરી થઇ ગઇ કે બટુભાઇ જેવા સાક્ષરોમાં



શ્રી રામનારાયણ પાઠક

પણ વ્યવસ્થા, ચીવટ અને કામની યોજના કોઈ પણ વ્યવહારકુશળ માણસ જેવી જ છે. તેમના કામની સંગીનતા સરકારને ખૂંચી એટલે જ તેમને પોતાની જેલના અતિથિ તરીકે ખેંચી લીધા.

રામનારાયણભાઈના પિતાશ્રી શ્રી વિશ્વનાથ પાઠક રાજકોટની મેઈલ ટ્રેઈનિંગ કૉલેજમાં અધ્યાપક હતા. તેમની વિદ્વત્તા ને સંસ્કૃત અભ્યાસ માટે આખા કાઠિયાવાડમાં તેમનું નામ હતું. વેદાંતના તે પ્રખર અભ્યાસી ગણાતા. જ્ઞાતિએ પ્રશ્નોરા ને ભોળાદ ગામના રહીશ એટલે જીવન ખૂબ સાદું અને ઊંચા આચારોવાળું હતું. બટુભાઈનાં વાચા અને વર્તનમાં જે અનોખા સંસ્કાર અને તેજ લાગે છે, તે એવા વિદ્વાન અને ચારિત્ર્યસંપન્ન પિતાની છાયા મળવાને પ્રતાપે જ. તેમનાં માતુશ્રી આદિત્યબાઈ ભારે જાજરમાન સન્નારી હતાં. તેઓ કુટુંબ આખા પાસે કુળના આચારો પળાવવાની પૂરી કાળજી રાખતાં. સાથેસાથે પોતાના કુટુંબ અને બાળકોના હક્કો માટે ભલા ચમરબંધીની સામે પણ મોરચા માંડે એવી જબરી હિંમતવાળાં પણ ખરાં. શ્રી રામનારાયણ પાઠકનું 'પ્રસ્થાન' માસિક જ્યાં છપાય છે તે છાપખાનાનું 'આદિત્ય મુદ્રણાલય' નામ એ માતાની નામસ્મૃતિ જાળવવા રખાએલું છે. તેના માલિક શ્રી ગજાનન પાઠક, રામનારાયણભાઈના નાના ભાઈ થાય.

માતાનો કડક અને ઉગ્ર સ્વભાવ બટુભાઈમાં નથી આવ્યો, પણ તેમની સત્યપ્રિયતા અને તેજસ્વિતા તો એમનામાં સ્પષ્ટ દેખાય છે. તે સાથે પિતાની નિર્મળ બુદ્ધિમત્તા અને અભ્યાસપ્રિયતા તથા બ્રાહ્મણશીલ બટુભાઈ જેટલાં તેમના કોઈ ભાઈમાં નથી દેખાતાં. તેઓ ચાર ભાઈ છે અને તે દરેકમાં એ કુટુંબજનિત બુદ્ધિમત્તા જુદાજુદા પ્રકારે પ્રકટેલી છે. દરેકમાં પોતાની જીવનપદ્ધતિ ઘડવાનો સબળ સંકલ્પ અને આગ્રહ દેખાય છે. એ દરેક જણ ધાર્યું પાર પાડે એવો અને તેની આડે આવતી કોઈપણ વ્યક્તિથી કે ખોટી લાજશરમથી જરાય દબાય નહિ એવી હિંમતવાળો છે. પણ મોટા ભાઈ બટુભાઈ આવી હિંમતવાળા છતાં સુજનતાનો અવતાર છે. પોતાને નુકસાન કરી જનાર પોતાના દ્વેષીઓ કે વિરોધીઓ, બધા તરફ તે ક્ષમતાથી જ વર્તે છે. ગાંધીજીનું હૃદય ફૂલ કરતાં ય કોમળ છે છતાં પ્રસંગે વજ્ર જેવું કઠણ બની શકે છે એમ કહેવાય છે; પણ બટુભાઈ તો કદી કઠણ બની શકતા જ નથી.

બટુભાઈ ભણતા તે દિવસથી તેમની તીવ્ર જિજ્ઞાસા અને અભ્યાસપરાયણતા સૌએ જાણ્યાં હતાં. ભાવનગરની હાઈસ્કૂલમાંથી ઊંચે નંબરે મૅટ્રિક પાસ કરી શામળદાસ કૉલેજમાં તેઓ દાખલ થયા. ત્યાં પ્રીવિયસની પરીક્ષામાં પહેલે નંબરે આવ્યા એટલે ત્યાંની 'પરસિવલ સ્કૉલરશિપ' તેમને મળી. પછી મુંબાઈમાં તેમને ગોકુળદાસ તેજપાલ બોર્ડિંગમાં બોર્ડરશિપ મળી એટલે મુંબાઈ ગયા અને વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ત્યાં ૧૯૦૯માં લૉજિક અને મૉરલ ફિલૉસોફીના વિષય સાથે બી.એ.માં પહેલા વર્ગમાં પાસ થયા અને એ જ કૉલેજમાં ફેલો નીમાયા.


સ્વતંત્ર જીવનની ઝંખના એમનામાં શરૂઆતથી જ હતી, એટલે ક્યાંય નોકરી ન લેતાં એલએલ. બી. થઈ અમદાવાદમાં વકીલાત શરૂ કરી. અમદાવાદની સ્પર્ધામાં ઘણો લાંબો કાળ રાહ નહિ જોઈ શકવાથી પછી તેઓ સાદરા (મહિકાંઠા એજન્સી)માં ગયા. ત્યાં તેમણે સારી નામના મેળવી. વકીલાતના ધંધામાં પડ્યા છતાં પોતાની સત્યપ્રિયતા અને પ્રામાણિકતા તેમણે છોડ્યાં નહોતાં. અસીલો સાથે જરા પણ દંભવ્યવહાર તેમને પસંદ નહોતો.



ચોરવાડનો વડલો

ફોટો : બળવન્ત ભટ્ટ

ચોરવાડમાં દરિયાકિનારા તરફ 'વડોવન' નામની જગ્યામાં આ વિશાળ વડલો પોતાની શીળી છાયા વિસ્તારી રહ્યો છે. નર્મદાકિનારાનો કબીર વડ તેના વિસ્તાર માટે અદ્વિતીય લેખાયો છે; કલકત્તાના વનસ્પતિ-ઉદ્યાનમાંનો વડ તેની અનેક વિસ્તારી વડવાઇઓના થડના થાંભલાથી આકર્ષક ગણાય છે; પણ એ બધાને પડછે ચોરવાડના વડોવનનો આ વડલો નાનો હોવા છતાં તેની સુંદરતા અને ઘટાટોપ છાયા માટે અનેરૂં માન લઇ જાય. તમે કોઈ વિશાળ ઘરમાં જઇને જે આશ્રય ને શાંતિ પામો તેથી યે વધુ નિરાંત અને આનંદ આ વડલા નીચે તમને મળે. આડી વાટે ફેલાતી તેની વડવાઇઓ ઉપર નાનાં છોકરાં પણ ઘરના દાદરા ચડે એમ ઝડપથી ચડી જાય. સારા શિક્ષકને ત્યાં નિશાળ જમાવવાનું મન થાય; કવિને તેની ડાળોમાં માળો બાંધીને રહેવાની ઇચ્છા થાય; દંપતીઓને તેની ડાળે વાર્તાલાપ માંડવાના કોડ ઊપજે; બાળકોનું તો તે સુંદર ક્રીડાસ્થાન બને; એમ ભીષ્મપિતામહ જેવો આ વડલો સૌને વાત્સલ્યના ભાવમાં ગરક કરી નાખે એવો છે. એ વડલો અને આસપાસની જમીન એક જ કુટુંબની માલિકીનાં છે, અને વડલાની વડવાઇઓની જેમ એ કુટુંબ પણ ફૂલીફાલીને એક નાના ગામ જેટલી વસ્તીવાળું બની ગયું છે! આ વડલો એ કુટુંબનું પૂજ્ય સ્થાન છે અને તેના મુખ્ય થડ આગળ તેની કુળદેવીનું સ્થાપન છે: એટલે વડલાની નીચે ઘરના ચોક જેવી સ્વચ્છતા રખાય છે, અને વડલાની એક ડાળ પણ ખંડિત થાય નહિ એવી એ કુટુંબની ભાવના છે. હજી પણ વડલો ખેતરોમાં વધતો જ જાય છે. તેની છાયાને આશીર્વાદ આપતી કુમળી પાનવેલોને માટે તો એ પ્રકાર ઉપકારક બન્યો છે. વર્ષમાં એક વાર અહીં ગામના લોકોનો મેળો ભરાય છે.



'કુમાર' અંક : ૧૯૮૬ **પુનિત પ્રયાણ** ચિત્રકાર : કનુ દેસાઈ

ભવિષ્યમાં જગતભરના ઇતિહાસમાં અમર બનશે તે ગાંધીજીની સત્યાગ્રહ-યાત્રાનું આ એક હૃદયંગમ ચિત્ર છે. ઘણાં યે મહાન બનાવોનાં ચિત્રો તે વીતી ગયા બાદ સ્મૃતિથી કે કલ્પનાથી બન્યાં છે. તેમાં તવારીખના સત્ય કરતાં ચાતુરી અને મનોરમ કલ્પનાના રંગ વિશેષ હોય છે. પરંતુ આ ચિત્ર તો કલ્પના અને વાર્તાથી પર છે. ચિત્રકારે જે જાતે જોયું ને અનુભવ્યું તેનું તેમાં આગે યથાસ્થિત દર્શન કરાવ્યું છે. ભારતના ભીષ્મ ઉદ્ધારક અને જ્ઞાની પુરુષ, આજે સત્યના સિદ્ધાંતોને કસોટીએ ચડાવી, જગતને સત્યનો, અને સત્ય દ્વારા ઇશ્વરતત્ત્વનો પરિચય કરાવવા, તથા એ જ સત્યપ્રેરિત પ્રેમને બળે અડગ શ્રદ્ધાભેર ઝાલિમ અને નિષ્ઠુર બનેલી સત્તાનો પ્રતિકાર કરવા નીકળે છે. પ્રજાના સેંકડો વર્ષોના તાપ શમાવનાર અને તેની સ્વાતંત્ર્યની આરઝૂને તૃપ્ત કરવાનો મોક્ષમાર્ગ બતાવનાર આ વ્યક્તિને વધાવવા આમ-જનતા ઉછળી રહી છે. એ અદ્‌ભુત પુરુષના દર્શને ગામડાની પ્રેમભીની માનવમેદની જે આનંદ ઉર્મિ અનુભવી રહી છે તે દર્શાવતાં, ચિત્રની વસ્તુરચનામાં ચિત્રકાર જાણ્યે-અજાણ્યે બુદ્ધયુગનું કળાદર્શન પ્રકટાવે છે. એવડા મોટા માનવસમૂહની ચલવિચલની વચ્ચે પણ આપણું ધ્યાન આપમેળે મુખ્ય પાત્ર ઉપર જાય છે અને ફરી વાર આખા સમુદાય ઉપર નજર ફરી વળે છે એ આ ચિત્રની અંતર્ભૂત ખૂબી છે. સમકાલીન કળામાં પ્રકટેલું આ ચિત્ર તો રાષ્ટ્રની કૉલેજ-હાઇસ્કૂલોમાં, અને નગરચોકની ભીંતો પર કે શહેરનાં વ્યાખ્યાનગૃહોમાં વિશાળ માપથી ચિતરાવું જોઇએ.

ધંધામાં તેમને સફળતા મળતી જતી હતી અને જાણીતા થતા જતા હતા, તેવામાં ઈન્ફ્લ્યુએન્ઝાના વર્ષમાં તેમનાં પત્ની પ્રસૂતિમાં મૃત્યુ પામ્યાં અને તેમનું દાંપત્ય ખંડિત થયું. પતિ તરીકે બટુભાઇએ જે વફાદારી અને વિશુદ્ધ પત્નીપ્રેમ દાખવ્યાં છે તે આ કાળમાં વિરલ છે. બહુ નાની ઉમરે વિધુર થયા છતાં તેમણે આગ્રહપૂર્વક ફરીવાર લગ્ન ન કરતાં વાનપ્રસ્થ જેવું એકાંતિક અને અભ્યાસી જીવન જ પસંદ કર્યું. તેમનાં પત્ની એક રમણીરત્ન હતાં. બટુભાઇના જીવનમાં એમણે બહુ સુંદર સાથ દીધો હતો ને એ વખતમાં એવા સંસ્કારવાળાં ને દીપ્તિમાન સ્ત્રીપાત્રો ભાગ્યે જ દષ્ટિએ પડતાં. એ જો હયાત હોત તો બટુભાઇ અત્યારે જે પદ ભોગવે છે તેનાથી પણ ઊંચું પદ ભોગવતા હોત.

જીવનસાથી ગુમાવતાં બટુભાઇનું દિલ વકીલાતના ધંધા પરથી ઊઠી ગયું અને ઘણા વખતથી જેની ઉમેદ હતી તેવો શિક્ષણનો વ્યવસાય હાથમાં લીધો. ઇ.સ. ૧૯૧૯–૨૦માં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક સાથે તેઓ જે. એલ. ન્યૂ ઇંગ્લિશ સ્કુલમાં જોડાયા.

ગાંધીજીના મંત્રી શ્રી મહાદેવભાઇ અને બટુભાઇને મૂળથી જ સારી મિત્રાચારી હતી. મહાદેવભાઇ મુંબાઈમાં સરકારી ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરના ખાતામાં હતા તે વખતે બટુભાઇ વિલ્સન કૉલેજમાં ફેલો હતા. બંને ગોકુળદાસ બોર્ડિંગમાં સાથે હતા અને પાછળથી 'મગનબાગ'માં કુટુંબ સાથે પણ નજીક જ રહેતા હતા. અસહકારના ઉગમકાળે વિદ્યાપીઠ નીકળી અને બીજી શાળાઓને સરકારનો સાથ છોડી તેમાં જોડાવાનો વખત આવ્યો ત્યારે જે. એલ. ન્યૂ ઇંગ્લિશ સ્કુલે તેમ ન કર્યું; એટલે બટુભાઇએ એ શાળા છોડી વિદ્યાપીઠ સ્વીકારી.


ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે તો શ્રી રામનારાયણ પાઠકની બહુ ઉજ્જવળ કારકીર્દિ છે. બીજા પ્રાંતના અનેક સુસંપન્ન અધ્યાપકોની વચ્ચે ગુજરાતના આ નરરત્ને પોતાના પ્રાંતની બરોબર પ્રતિષ્ઠા અને શોભા જાળવ્યાં છે. ગુજરાત અને ગુજરાતી ભાષાની સેવા કરવાની અભિલાષા તેમને વિદ્યાપીઠના સંસર્ગમાંથી જન્મી હોય એમ લાગે છે. ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકમાં 'દ્વિરેફ'ના નામથી ટૂંકી વાર્તાઓ તથા બીજા લેખો, અને ગુજરાત પુરાતત્ત્વ મંદિર મારફત કેટલાક અભ્યાસજનિત સુંદર કાર્યથી શરૂઆત કરીને એમણે પોતાની સાહિત્યપ્રવૃત્તિ ઉત્તરોત્તર એકધારી વિકસાવ્યે જ રાખી છે.

'યુગધર્મ' બંધ થતાં તેની જગ્યાએ તેનાં સર્વ અંગોને સમાવતું વ્યાપક સાહિત્યધર્મવાળું 'પ્રસ્થાન' માસિક તેમણે ચાલુ કર્યું અને તે દ્વારા ઘણા વખતથી અસ્ખલિત ને એકસરખું સાહિત્યકાર્ય તેમણે કર્યા કર્યું છે. સાહિત્યની આ સેવામાં તેમણે કદી સ્વાર્થનો સમાસ કર્યો નથી. સાહિત્ય માત્ર વિદ્વાનો ને ગ્રૅન્જ્યુએટો માટે જ હોય એવા મતના તેઓ સખત વિરોધી છે અને પ્રજાના દરેક વર્ગના પ્રત્યેક જાતનાં માણસોમાં જે ચોક્કસ જાતનું સાહિત્ય રહેલું છે તે કોઇ રીતે ભેગું કરી, પ્રજા સમક્ષ લાવી, નવી સાહિત્યસૃષ્ટિ ઊભી કરવાના તેમના કોડ જાણીતા છે. ગમે તે માણસ કોઈ પણ વિષય માટે એક શબ્દ, વાક્ય કે નાનો ફકરો પણ ચોક્કસ દૃષ્ટિ અથવા વિચારથી પ્રકટ કરે તો તેને સાહિત્યમાં ગણવા તે હમેશાં તૈયાર હોય એમ લાગે છે. પ્રસ્થાનમાં તેમણે રાજકારણ, લોકસંગ્રહ, સમાજ, ધર્મ, કળા, ઇતિહાસ વગેરે વિવિધ બાબતોની સમીક્ષાઓ કર્યા કરી છે.

યુવાનો અને વિદ્યાર્થીઓને રામનારાયણભાઇ હમેશાં માર્ગદર્શક થતા આવ્યા છે. વૃદ્ધો અને પ્રૌઢો આ યુગના યુવાનોને છોડીને જાય તો તેઓ વચ્ચે બટુભાઈ જેવા વિચારકો હોય ત્યાં સુધી ગાડાં વાળનારાની ખોટ પડવાની નહિ. પોતાનાં અનેક સંમેલનોમાં બટુભાઈને પ્રમુખ તરીકે આમંત્રી યુવાન વર્ગે તેમના પ્રતિનાં પોતાનાં વિશ્વાસ અને આદર સિદ્ધ કર્યાં છે અને તે દરેક પ્રસંગે સભ્ય, મધુર, સ્વસ્થ અને સરળ બટુભાઈની કર્ણપ્રિય વાણીએ જુવાનજૂથને તેમની તરફ આકર્ષ્યાં છે.

આજે તેમને કારાવાસ મળ્યો છે, પરંતુ કઇ સરકાર મનુષ્યના મનને કારાવાસ આપી શકવાની છે? તેમના મનમાં જે અદ્ભુત ચિંતન અને જીવનશોધન ચાલી રહ્યું હશે તેમાંથી જરૂર મુક્તિના જ મંત્રો જન્મવાના. ફક્ત તેતાળીસ કે ચુમાળીસ વર્ષના બટુભાઇ આજે સંન્યાસ અને દેશભક્તિની જે આરાધના કરી રહ્યા છે તેની પ્રેરણા અનેકને મળો.

રવિશંકર રાવળ



હાઉદ્દીની!' પરાણે અવાજ સ્થિર કરી ધ્રૂજતો ધ્રૂજતો એ બોલ્યો: 'હાઉદ્દીની! દોસ્ત, મને ઓળખે છે ને?'

જંગલનો ભેરૂ

આફ્રિકા! સ્મરખતી લૂ, ધીકતો તડકો અને સિંહની જન્મભૂમિ જેવા આ દેશમાં પરમેશ્વરને પણ કોઇ પૂછતું નથી. ભારે જહેમતથી માણસ અડ્ડો જમાવતો જાય અને 'હાશ, હવે ઠરીને ઠામ બેઠા,' એમ વિચાર કરે ત્યાં તો એક જ ચોમાસું આવે કે પાછું હતું એમનું એમ. કુદરત એવો ઝપાટો મારે કે સ્થળેસ્થળ ઘાસ અને ઝાડનાં જંગલો ઊભરાઇ જાય અને ખાલી મકાનોનાં ખોખાં જ ઊભાં રહે. માણસ કહે આ મારૂં અને કુદરત શીખવે કે અહીં કોઈનો ય ભાગ નથી. આમ બેની લડાઇ ચાલતી હોય ત્યાં સિંહ અને એનાં સગાંવહાલાં લાભ લેતાં જાય. કહેવાય છે કે જો અંગ્રેજોએ બંદુકો ન આણી હોત તો અરધી સદીમાં આફ્રિકા માણસ વિનાનો ઉજ્જડ વેરાન પ્રદેશ બની જાત. સિંહ એટલા ઊભરાયા હતા કે દર વરસે દરેક પરગણામાં ૧૦૦ થી ૫૦૦ સુધી દેશીઓ ચરણી થઇ જતા.

છતાં આફ્રિકાની મોહિની અજબ છે. કોઇ સ્થળે નજર નાખીએ ત્યાં સુધી માઇલોના વિસ્તારમાં પથરાતાં મેદાનો છે, તો બીજી જગાએ જટાજૂથ જામેલાં ઊંચાં ઝાડનાં જંગલો આભ સાથે બાથ ભરતાં લાગે છે. નદી નાળાં તો એનાં ફુંવાડાં જેમ ઊભરે છે. અને એનાં પેલાં ભયંકર રણોની રેતી;—ઓહ!

અમેરિકન શોધક-મુસાફર માર્ટિન જૉન્સનની ડાયરીમાંના સાચા સાહસ-પ્રસંગો પરથી લખાએલી

ભીષણ આફ્રિકન જંગલના કરાળ હાથીના શિકારનાં સાહસોની વાર્તા—જેમાં જગતના ભયંકરમાં ભયંકર ને એટલા જ બુદ્ધિશાળી એ પ્રાણીનો પરચો મળે છે.

એ રેતીનું તો નામ સંભારતાં કંપારી આવે. ભયંકર તાપમાં જ્યારે એ રણ સળગી ઊઠે છે ત્યારે એની ઝાળ ઠેઠ સૂર્યને સળગાવી દેતી લાગે. અને પવનના ઝપાટે ઝપાટે એવા તો ધૂળકોટ થાય કે આભની નીચે બીજું આભ ઊભું કરી દે.

આવા ચિત્રવિચિત્ર અનુભવ કરાવનારા એ વિશાળ પૃથ્વીખંડની રમણીય ભયંકરતા એટલી નિર્દય, એટલી અપરંગી, એટલી તો વિચક્ષણ છે કે થરથરાટ છૂટવા છતાં માણસ એની મોહિનીમાંથી છૂટી શકતો નથી. કોઈ શિકારને બહાને તો કોઈ ધનપતિ થવા આફ્રિકાનો ખોળો શોધે છે. જગતના પ્રકૃતિસૌંદર્યના શોખી મુસાફર એની સુંદરતા અનુભવવા એના ખૂણેખૂણા ફરી વળે છે. પણ આફ્રિકાની ભોમ હમેશાં અજિત છે. એ કોઈની થઈ નથી, થવાની નથી. એનાં જંગલો હજી જેમનાં તેમ પ્રાણીથી ભરપુર છે. એના સિંહ, એના હાથી એવા ને એવા નીડર વિહરે છે. એનાં રણમાં બળબળતા બપોરે ઊંચે હજુ ય કારમાં ગીધ ભમ્યાં કરે છે.

અને આફ્રિકાનાં રણમાં ખરે બપોરે ગીધ ચક્કર લેતું હોય તો સમજી લેવું કે કોઈની ઘડીઓ ગણાય છે. કોઈ સજીવ પશુ પક્ષી કે માણસના રામ રમી રહ્યા છે.

એવા રણમાં એક દિવસે બપોરે, સૂરજ બરોબર માથે આવી અંગારા વેરતો હતો તેવે વખતે, બે આદમી જમીન પર પેટ ઘસતા આસ્તેઆસ્તે આગળ વધી રહ્યા હતા. ઢીંચણ અને કોણીઓનો ટેકો લેતાંલેતાંમાં તો ધોળી ધગધગતી રેતીનાં ઊડીઊડીને વાદળાં બંધાતાં હતાં; અને એની ઓથે, બાજુનાં ઝાંખરાંનાં જાળાંનો આશરો લેતા એ બે જણ થોડે દૂર આવેલા ચઢાણ ભણી જવા મથતા હતા. ઉપર નરક-યાતનાની ભઠ્ઠી જેવો ધીકતો સૂરજ એમની પીઠને શેકી રહ્યો હતો. એવામાં ઊંચે એક ગીધ ચક્કર લેતું જણાયું. થઈ રહ્યું. મોતની નિશાની! અને તેમાં ય આ તો કૈસૂતનું કાળમુખું રણ!

હતા બે જોડીદાર; પણ બંને વચ્ચે ઉત્તરદક્ષિણ જેટલો ફેર. એક ઠીંગુજી; બીજો પૂરો પાંચ હાથ અને કાયામાં બમણો. પરસેવે તરબોળ એની પીઠ પર પહેરણ ચોંટી જવાથી ભારે ગાંઠાવાળાં એનાં કસાએલાં અંગ સ્પષ્ટ દેખાઈ આવતાં. વીસ વીસ વરસ એણે આફ્રિકાનાં જંગલમાં ગાળેલાં. એથી ય બમણી વખત મોતના મોંમાં પગલાં પાડી આવેલો. એટલે વખાથી અને વીરતાથી એની એકેએક મુખરેખા સીધી પાણીદાર ને પાળીના જેવી ચમકતી હતી. એ માર્વિન ટૉમ્પ્સન જગજાણીતો અમેરિકન શોધક અરધી જિંદગી આફ્રિકાના રણવગડા ખૂંદી વળ્યો હતો.

'શ્ શ્ શ . . . ઓ રૂ'યા.' અચાનક એણે ધીમેથી ફફડી સાથીનો હાથ દાબ્યો અને છેટે આવેલાં જાળાં ભણી ઇશારો કર્યો.

વૅન્ડરપૂલ—એનો સાથી—સ્થિર થઈ ગયો. ધ્રૂજતા હાથ વડે આંખો પર ઓળો માંડી એણે ગણવા માંડ્યું. થથરતે સ્વરે એ બોલ્યો: 'ઓછામાં ઓછા વીસ!'

અને જાણે ગણતરી કરાવતાં ન હોય તેમ, પૂરાં વીસ પ્રચંડકાય કાળાં પ્રાણી ટેકરી પરનાં જાળાંની ઓથેથી નીકળ્યાં અને આ બે જણ સામે વળ્યાં. આફ્રિકાના જંગલી હાથી! પ્રાણીમાત્રમાં બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી;—અને—અને એટલા જ ભયંકર!

'આ લીધો!' ફફડી વૅન્ડરપૂલ જેવો બંદુક સીને ટેકવે છે, ત્યાં તો માર્વિનનો ભારે હાથ એના ખભા પર પડ્યો, અને પોલાદના સકંજા જેમ ચોંટી ગયો: 'ના—ખબરદાર!'

ટોળાના મોખરે ચાલતો હાથીનો નાયક થંભી ગયો. તેના કાન ફફડી ઊઠ્યા. અજગર જેવી સૂંઢ ટટ્ટાર થઈ. વાતા પવનની દિશામાં ફરી એ સુસવાટા કરતો ગંધ લેવા માંડ્યો. એની હકુમતમાં કોઈનો અણછાજતો પ્રવેશ થયો હોય તેમ, એના શરીરમાં ક્રોધની ધીમી ધ્રુજારી ફરી વળી અને એના સાથીઓ ચંગાતે પગલે એની ફરતા ગોઠવાઈ ગયા. આખી જમાત ભય અને ક્રોધથી અસ્વસ્થ બની ઊભી.

'અલ્યા, પણ આટલા સારૂ તો હું અહીં આવ્યો છું.' વૅન્ડરપૂલ બગડ્યો. હાથી પર જ નજર ચોંટેલી રાખી ટૉમ્પ્સને ડોકું ધુણાવ્યું. એને ચીડ ચડી હતી કે આ ગમાર વૅન્ડરપૂલ શું સમજતો હશે? આ તો આફ્રિકાના હાથી. એનો શિકાર કરવો એટલે મરવાં

બનતાં મારવાનાં નથી.

પણ વૅન્ડરપૂલનું બોલવું એની દૃષ્ટિએ સાચું હતું. એ જાડિયો વામનસ્વરૂપ લક્ષાધિપતિ ઠેઠ ન્યૂ યૉર્કથી આખો દરિયો ડોળી અહીં આવ્યો હતો તે આટલા જ સારૂ:—આફ્રિકાના હાથીનો શિકાર કરવા. શિકારની સગવડ કરવા માટે માર્વિન ટૉમ્પસનને ફક્ત તાર કરવામાં જ એણે ખાસ્સા છસો રૂપિયા ખરચ્યા હતા. અને અહીંથી પાછલે મુકામે પાંચ ગાઉ પર પડેલા ડેરામાંના સરસામાન, શિકારના સરંજામ, નોકરચાકર, વાહન, ઊંટ વગેરેની નાનકડી સેના ઊભી કરવામાં ટૉમ્પસને એની ઇચ્છાને વશ થઇ કેટલાય હજારનો ધુમાડો કર્યો હતો. છ હજાર માઇલનો મહાસાગર ખૂંદી એ અહીં બ્રિટિશ ઇસ્ટ આફ્રિકામાં આવ્યો ને નરસિંહ મહેતાની વેલ જેવી રેલગાડીમાં અથડાતોકુટાતો નૈરોબી ઊતર્યો. અને ત્યાંથી પછી આગળ પણ છેલ્લા પંદર દિવસથી ટૉમ્પસને એને પજવવામાં બાકી રાખી ન હતી. આગથી ધીકતાં આથાનાં મેદાનો ખૂંદી, ગંધાતા કિતુઇમાં અથડાતાં મુથા આવી, ત્યાંનાં બાંડાં કદરૂપાં બાગ-બાગનાં ઝાડ અને કાંટાળી ઝાડીઓમાં ઉઝરડાતા રસ્તો કહાડતા તેઓ અહીં પહોંચ્યા હતા. આ બધી હાડમારીઓ તેણે ભોગવી તે આ સોનેરી ઘડી પામવા, કે જે વખતે પોતે આફ્રિકાના જંગલી હાથીનો શિકાર કરી શકે.

અને હવે એવી ઘડી આવી પહોંચી ત્યારે માર્વિન હુકમ કરે કે શિકાર નહિ કરી શકાય! જુલમ ને?

卐 卐

'પણ, સમજાવ તો ખરો કે ગોળી કેમ ન મારૂં?' ગુસ્સા ને નિરાશાથી વૅન્ડરપૂલ ગૂંગળાઇ જતો હતો.

પણ સાંભળે જ કોણ? ટૉમ્પસને તો હાથી સામે જ મીટ માંડી હતી. અનેક શિકારોની વિજેતા ભયંકર સંહાર કરનારી એની બંદુક તૈયાર હતી; નિશાન પણ સામે હતું; . . . ત્યારે?


થોડી વારે એણે વૅન્ડરપૂલના કાનમાં ફફડીને કહ્યું, 'મૂર્ખા, જો આ ટોળું પાછળ પડ્યું તો આપણા બંનેનું આવી બન્યું સમજવું.' વૅન્ડરપૂલની નજર બંદુક પરથી હાથી પર ફરી વળી અને ત્યાંથી આ મહાન શિકારીની પાટ જેવી પીઠ અને બોગળ જેવા ભારે ખભા પર ઠરી.

વૅન્ડરપૂલ હાથીથી બીતો ન હતો, કેમકે ટૉમ્પસનની પેઠે એને ભાન ન હતુ કે હાથી પાછળ પડ્યા તો ઊગરવાનો એકકે ય આરો નહોતો:. નહોતું ક્યાંય ઝાડ કે ઉપર ચડી જાય. ઝાડી વાડે ન હતી કે એની ઓથે ભરાઇ બેસે. વૅન્ડરપૂલ માનતો કે હાથમાં બંદુક હોય એટલે બસ; શિકારના શા ભાર છે કે છટકી જાય! પણ એની જાડી બુદ્ધિમાં એટલું નહોતું ઊતરતું કે બંદુકથી એકાદ હાથી મગાય, કંઈ વીસે ય થોડા જ એકસામટા ભોયભેગા થઇ જાય? અને હાથી એટલે કબુતર ન હોય. એને મારવા માટે તો બરોબર એના નાના મગજ પર નિશાન તાકવું પડે. વૅન્ડરપૂલ બીતો નહોતો, કારણકે હાથીના શિકારમાં એ કશું ય સમજતો ન હતો.

આસ્તે આસ્તે પગલાં માંડતો હાથીનો નાયક આગળ ધપ્યો. ધીરેધીરે શિકારી અને શિકાર વચ્ચેનું અંતર ઓછું થવા લાગ્યું. સો ફૂટ, પચાસ...પચીસ... ક્રોધથી ધૂંધવાતો હાથી પછેડી માફક કાન પાથરતો હતો કે રખે રજ પણ અવાજ વણસાંભળ્યો રહી જાય. સૂંઢ લાંબીટૂંકી કરતો ને આમતેમ વીંઝતો ભોંય પર પડેલાં પગલાંની ગંધ લેવા તે મથતો હતો. તાનમાં હોય તેમ ઝૂલતું એનું પહાડ જેવું પ્રચંડ કલેવર ક્રોધથી કંપતું હતું.

બીક અને ગભરામણથી ટૉમ્પસન ઠંડોગાર થઇ ગયો હતો; અને હવે તો, નજીક આવતા હાથીના વિકરાળ સ્વરૂપથી વૅન્ડરપૂલના પણ હોશકોશ ઊડી ગયા હતા. શું થશે એની વાટ જોતો, વણબોલ્યો બંદુક પંપાળતો તે જમીન સરસો ચંપાઇ ગયો હતો. પેલું ગીધ હજી માથા પર ચક્કર લીધા જ કરતું હતું. એની તીક્ષ્ણ આંખોમાં આતુરતા ચમકતી હતી.

ટૉમ્પસનની આંખો હાથી પર હતી, પણ એનું મગજ તો ભૂતકાળ ભૂલવા મથતું હતું. ગઇ સાલ આ જ ટોળાના પગે ચગદાએલા એના મિત્ર લિન્ડસેના વિચારો એને આવતા હતા. લિન્ડસેએ કુવા'ચે અહમાં બંદુક મારી કે નિશાન ચૂકી ગયો; અને બહાર આવી પહોંચે ત્યાર પહેલાં તો ખલાસ: હાથીના પગ નીચે છુંદાઇ ગયો હતો. અને પેલો થોર્પ. બીચારો આશાભર્યો હાથીના શિકારે આવેલો. માર્યો ય ખરો; પણ એક જ. બીજા તો જીવતા જમ જેવા ઊભા હતા. એટલે એક પડતાંવેંત બીજાએ એને ચડપ લઇને



'આ લીધો!' કહી વૅન્ડરપૂલ જેવો બંદૂક સીને ટેકવે છે ત્યાં તો માર્વિનનો ભારે હાથ તેના ખભા પર પડ્યો: 'ના—ખબરદાર!'

સૂંઢમાં ઉપાડ્યો; ઝાડ સાથે ઝીંક્યો; અને લોથને ભોંય પર નાખી ઘૂંટણથી રગડી ચાંપી પ્રાણ લીધો. આ બીચારા તો જેવાતેવા. પણ કાર્લ એકલે. એને તો વૅન્ડરપૂલ જેવા પણ માનની નજરથી જોતા હતા. એક વખત એના પર પાછળથી હાથીએ હુમલો કર્યો, પણ દહાડો ઘેર, એટલે વાત કહેવા જીવતો રહ્યો. દાંતમાં ભરાવી ચગદી નાખવા હાથીએ ઘણાં ય વલખાં માર્યાં, પણ દાંત અને સૂંઢની વચ્ચેના મારગમાં ભરાઇ જવાથી બચી ગયો. . . .

એક પછી એક આ બધાં ભયંકર સ્મરણો તેના મગજ પરથી પસાર થઇ ગયાં. સામે પચીસ ફૂટ છેટે જમ જેવો કરાળ હાથી તૈયાર બની સ્થિર ઊભો હતો. બીજા એની પાછળ ચીડાએલા પગ પછાડતા ધૂંધવાતા હતા. ધીમેધીમે ટૉમ્પ્સને બંદૂક તૈયાર કરી. અંતઘડી તો છે જ; એટલે મરતાંમરતાં ય ગોળી મારવી પડે તો મારી લેવી. જે થવાનું હોય તે થાય. વૅન્ડરપૂલ પણ એનું અનુકરણ કરવા લાગ્યો. બીચારાને એને જોખમનું પૂરૂં ભાન પણ નહોતું. એનું રૂંવેરૂંવું તો ઘોડો દબાવવા ફરકી રહ્યું હતું.

પણ રામ રાખે તેને કોણ ચાખે? એમનાં સદ્ભાગ્યે અચાનક હાથીના ટોળામાં ધમસાણ મચ્યું. કાં તો કોઈ બચ્ચાએ કોઇ હાથીની પાની કચરી હોય, અગર તો મદઘેરાતી આંખોવાળી માદાઓ ધક્કે ચડી હોય; પણ ચીચિયારી પાડી ટોળાના હાથીઓ ખળભળી ઊઠ્યા. એ સાંભળતાં જ વીજળી પડે તેમ નાયક પાછો ફર્યો. એક જ ડગલે ટોળા પાસે જઇ પહોંચ્યો ને પહેલો હાથમાં આવ્યો તેને એક એવી તો સજ્જડ ઢીક મારી કે તરત જ બીક અને શરમથી ટોળું ગભરાઈ ગયું. બધા કીકિયારીઓ પાડતા, ભાંગડતા, ધૂળ ઉડાડતા આમતેમ જમીન ખૂંદવા માંડ્યા.

લાગલો જ ટૉમ્પ્સન ઊભો થયો. કુતરૂં ઘસડે તેમ વૅન્ડરપૂલનું બાવડું ઝાલી પગભર કર્યો અને 'ચાલ નાસ હવે; નહિ તો આવી બન્યું.' કરી દોટ મૂકી.

જમીન સરસા દબાતા ચંપાતા બંને નાઠા. આગળ ટૉમ્પ્સન ને પાછળ વૅન્ડરપૂલ. જોતજોતાંમાં તો જાળાં પાછળ થઇ ગયા. વૅન્ડરપૂલનો શ્વાસ માતો નહતો, તો ય લથડતી જીભે બબડતો હતો કે 'હત્ તારી. બધો ખેલ બગાડી નાખ્યો. કેટલી બેવકૂફી! આખો આફ્રિકા ખૂંદી વળ્યા ત્યારે હાથી હાથમાં આવ્યો. પણ બંદુક ફોડવાની હિંમત ચાલે ત્યારે ને?' ટૉમ્પ્સન હસ્યો. એના મોં પર હર્ષ અને સંતોષની લાગણીઓ જણાતી હતી. 'મને જો ખબર હોત કે હાથીઓ આટલા નજીકમાં છે, તો એમની મુલાકાતે આવી રીતે જવાનો વિચાર પણ કર્યો ન હોત. ગરમીથી હાથીઓ અકળાયા ન હોત તો અત્યારે જીવતા હોત ખરા કે?'

'પણ હવે?'

'હવે શું વળી? પાછા તંબુએ જવાનું.' માર્વિને ઘડિયાળ જોતાં કહ્યું: 'અને તે પણ બનતી ઝડપથી. પેલા ભૂતોથી છૂટા પડ્યે ચાર પહોર થયા.'

'ચાર વરસ થયાં મારા મનથી તો.' વૅન્ડરપૂલે

કપાળ પરનો પરસેવો લૂછ્યો.

'આજે સવારથી જ એ ભાગડતા હતા, એટલે એમના પર મને ઝાઝો વિશ્વાસ નથી. પછી આવતી કાલે થોડાં માણસો મોકલી હાથીઓને નિભેડી નાખીશ; એટલે છૂટાછવાયા હાથીમાંથી તમને ફાવે તેનો શિકાર કરી લેજો.'

'એ તો હવે હાથી આવે ત્યારે ને?' ચીડાઈને વૅન્ડરપૂલ બોલ્યો: 'છ હજાર માઈલ ખેડીને પંદર હજાર ડૉલર ખરચ્યા, તે આમ હાથીનાં દર્શન કરવા, નહિ? અરે, જો હાથી જ જોવો હોત તો ન્યૂ યૉર્કમાં જ છ દોઢિયાં ટ્રામનાં ખરચીને મ્યૂઝિયમમાં ન જોઈ આવત, પેટ ભરીને?' એવામાં અચાનક એની નજર ઊંચે ગઈ. 'સત્યાનાશ જાય પેલા પક્ષીનું; ક્યારનું આપણા માથા ઉપર જ ભમ્યા કરે છે.'

'એ તો બીચારું ગીધ છે.' ટૉમ્પસને સમજાવ્યું. ત્યાં તો 'લાવ ત્યારે એને પાડું હેઠું' કહી વૅન્ડરપૂલે બંદુક તાકી.

'ના, ભાઈ ના. એવી નકામી ચીજની પાછળ હું તો કારતુસ ન બગાડું. એની હાજરી એટલે કોઈક પ્રાણીનું મરણ. અરધુંપરધું ખાઈને આટલામાં કોઈક પ્રાણીને સિંહ છોડી ગયો હશે. આપણે શું.'

આમ વાતો કરતા બંને હાંફતા ચાલતા હતા. કાળમીંઢ પત્થર જેવી ઠરી ગએલા, જૂના વખતમાં ફાટેલા જ્વાળામુખીના લાવા રસથી બંધાએલી જમીન લાલ લોહી જેવી દેખાતી હતી. વચ્ચે તાપથી તરડાઈને પડેલા ચીરાડોમાંથી સૂર્યના તાપને લીધે જ્વાળાઓ નીકળતી હતી. અંગારા જેવી ધીકતી ધરતી પર બંને પરાણે મારગ કાપતા હતા. અરધેક રસ્તે પહોંચ્યા હશે ત્યાં વૅન્ડરપૂલનો પગ ખસ્યો અને ઘૂંટીમાંથી અમળાઈ ગયો. ચીસ પાડી એણે જમીનનો આશરો લીધો. 'આ પણ ઠીક!' ઘૂંટી મસળતા મસળતાં એણે નિસાસો નાખ્યો. એની ચીસ સાંભળતાં જ ટૉમ્પસન પાછો ફર્યો અને જુએ છે તો વૅન્ડરપૂલ ઊભો પણ થઈ શકતો નથી.'

છાવણીનું તો હજુ નામનિશાને જણાતું ન હતું. મેદાનની કોરે જઈને એણે જોયું, પણ કોઈ દેખાયું નહિ, ત્યાં બૂમ તો કોણ સાંભળે? એટલે હવે તો ગમે તેમ કરી વૅન્ડરપૂલને છાવણી ભેગો કર્યા વિના છૂટકો ન હતો. થાક ખૂબ લાગેલો. ત્રીજા પહોરનો આકરો સૂરજ માથે તપતો હતો. નજીકમાં સૂકું રૂખડું યે મળે નહિ. તરસથી ગળું સુકાઈ ગયું હતું. શીશી સાથે હતી, પણ પાણી પીએ એટલે તરસ બમણી વધે.

છતાં યે એણે કમર કસી. ઘાયલ વૅન્ડરપૂલને અરધો ઉપાડતાં અરધો ઘસડતાં એણે રસ્તો કાપવા માંડ્યો. નિર્દય સૂરજના વરસતા અંગારમાં આ વધારાની મહેનતથી એનાં ગાત્ર શિથિલ થઈ ગયાં હતાં. અંગોમાં રજ પણ જોર રહ્યું ન હતું. તો યે એ નીડર હતો. વજ્ર જેવાં અંગો અને ધમણ જેવાં એનાં ફેફસાંમાં બે આદમી જેટલું જોમ હતું. એટલે આમ શિથિલ થતાં પણ એણે હિંમત જતી ન કરી. આવી સ્થિતિમાં પણ એક કલાક કાપી નાખ્યો.

આખરે છાવણી દેખાઈ. સંતોષનો ઊંડો શ્વાસ લઈ વૅન્ડરપૂલને ત્યાં જ પડતો મૂકી એ છાવણી ભણી દોડ્યો.

પણ જેવો તંબુમાં પેસવા જાય છે કે બારણામાં જ થંભી ગયો. ચકલું સરખું ય ન મળે! ઘડીભર તો એની હિંમત ભાંગી ગઈ. નિરાશા અને ત્રાસની લાગણીથી એનાં અંગ ઢીલાં થઈ ગયાં. આવે અણીને વખતે નોકરચાકર આમ નાસી જાય ત્યારે ભલભલાની છાતી પણ આવા ભયંકર રણમાં તૂટી જાય. પણ માર્વિનનો આવો અનુભવ આ પહેલો નહોતો, એટલે એણે તરત જ હોશ સંભાળી લીધા. પાછો ફરી એ વૅન્ડરપૂલ પડ્યો હતો ત્યાં આવ્યો.

'પેલા તો ગયા!'

સાંભળતાં જ વૅન્ડરપૂલ ઢગલો થઈ પડ્યો. એના હોશકોશ ઊડી ગયા: 'હેં!'

'હા. કાળો કાગડો યે ન મળે.'

'કદાચ પાણી લેવા ગયા હશે.' પરાણે મન મનાવતાં વૅન્ડરપૂલે કલ્પના કરી.

'તે ઊંટ ખચ્ચર લઈને?' કઠોર હાસ્ય કરતાં ટૉમ્પસને ખરી સ્થિતિ સમજાવી.

વળી પાછી ઘસડ-ગાડી શરૂ થઈ અને થોડી વારે બંને છાવણીમાં આવ્યા. થોડાંક છુટાંછવાયાં તાડને ઓથે તંબુ તાણ્યા હતા. પાસે જ એક સુકાએલું વહેળિયું હતું, જેની રેતીમાં ખોદવાથી પાણી નીકળવાની આશાએ આ સ્થાને મુકામ કરવામાં આવ્યો હતો.

તંબુ પાસે આવતાં વૅન્ડરપૂલ બોલ્યો, 'તું તો કહેતો'તો ને માર્વિન, કે આ તારાં માણસો તો કોઇ દિવસ નાસે એવાં નથી?'

'હા, હું પણ એ જ વિચાર કરું છું.'

'કર્યો તારું ક . . .' એટલું બોલતાંબોલતાં તો વૅન્ડરપૂલ તંબુના બારણામાં જ પોદળો થઈ પડયો.

તંબુની પાછળ કાંટાળા ઝાડના થડને ટેકે ટૂંટિયાં વાળી એક આદમી બેઠો હતો. દેખાતી રીતે એનામાં જીવ જેવું દેખાતું ન હતું; પણ થોડી વારે એના મોંમાંથી ધીમું ડચકું નીકળતું સંભળાયું. ત્રાસ અને દરદથી એનાં અંગો અંબળાઇ ગયાં હતાં; મૃત્યુના ભયથી એના મોંપર ભયંકર શેરડા પડયા હતા.

પગમાં ઝાળ લાગતી હતી છતાં દયાથી પ્રેરાઇ વૅન્ડરપૂલ એને હાથ આપવા સારૂ ઊઠવા જતો હતો, ત્યાં એક જ આંચકે ટૉમ્પ્સને એને પાછો ખેંચ્યો. 'ખબરદાર, બેવકૂફ! કોઈ દહાડો ધાંદુ નામના રોગનું નામ સાંભળ્યું છે? આખી દુનિયામાં આના જેવો ભયંકર રોગ નથી —દાક્તરો એમ કહે છે. જોઇ એની છાતી? પેલાં ભૂરાં ચાંદાં રોગની પહેલી નિશાની. ધીમે ધીમે એ ધોળાં થઈ જશે. રગતપીત જેવો એ રોગ. ઘડી વારમાં તો આખું એનું શરીર કહોવાઇ જશે; એટલે પછી ખલાસ.'

'ઓ . . .' વૅન્ડરપૂલના મોંમાંથી હાય નીકળી ગઇ. ઢીલો થઇ એ હેઠે બેસી પડયો. 'ત્યારે હવે આપણું શું થશે?'

પરંતુ ટૉમ્પ્સનની તો કઠોર છાતી હતી. એણે એક ટેકરા પર ચડી ચારે બાજુ નજર કરી; પણ કોઈ મળે નહિ. અંતે એક લાંબો નિસાસો નાખી એણે તૈયારી કરવા માંડી. ઝપાટામાં જરૂરી વસ્તુઓ ભેગી કરી: કારતુસ, ખોરાકના ડબ્બા, છરી, કુહાડી, દોરડું, સોયદોરા, ધાબળી, પાવડો; દારૂની એક બાટલી પણ ભેગી લીધી. પાણી માટે બધાં ય પીપ ખંખોળી ખંખોળીને ઊંધાં વાળ્યાં, પણ એક ટીપુંયે ન નીકળ્યું એટલે મનમાં જ ગાળો દેતાં એણે સામાનનું પોટલું બાંધ્યું. વૅન્ડરપૂલને ઊભો કર્યો, એને ટેકવવા બંદુકના આધારે એક ઘોડી જેવું બનાવ્યું અને ત્રાસ, ભૂખ તથા થાકથી પીડાતા બંને ચાલી નીકળ્યા.

તંબુની પાછળથી એક ઝીણો શ્વાસ નીકળી ગયો. ઊંચે ફરતું ગીધ એકદમ નીચે ઊતરી આવ્યું. પાંખોનો ફફડાટ મચી રહ્યો અને આફ્રિકાની ભયંકર સંહારક વૃત્તિ સ્વચ્છંદપણે વર્તવા લાગી.

બે બંદુકો, છરો, કુહાડી, ભાતાનું પોટલું અને પાણીની શિરોહી, એટલા સરંજામ સાથે બે—ખરી રીતે તો દોઢ—મુસાફરની બીચારી આ દયાપાત્ર મંડળી ફાંફાં મારતી આગળ વધતી હતી. નજર પહોંચે ત્યાં સુધી કેવળ આગમાં બળતું રેતીનું રણ તરવરતું હતું.

સૂરજ આથમતાં પહેલાં તેઓ નીકળ્યા હતા. સાથે પાણી જરાક જેટલું હતું, એટલે માર્વિનનો વિચાર દહાડે આરામ લઈ રાત્રે મુસાફરી કરવાનો હતો.

અથડાતાંકુટાતાં ત્રણ માઇલ કાપ્યા ત્યાં સૂરજ આથમ્યો. અંધારું થઇ જાય તે પહેલાં તો ડાળાં-પાંદડાં અને જાળાંનો ઓથો કરી માર્વિને રાતવાસાની તૈયારી કરી લીધી. વચ્ચેવચ્ચે લોહી ઠારી નાખતો સિંહનો ભયંકર ઘુરકાટ આવતો હતો. ત્રણ બાજુ વાડ ને ચોથી બાજુએ સળગાવેલું તાપણું. તાપણા-ના રંગબેરંગી પડના ઓળામાં દૂર ચમકતી બે અંગારા જેવી વિકરાળ આંખો રાનમાં જોઇ રહી હતી.

આમ મુસાફરી કરતાં બે દિવસ નીકળી ગયા. જૂન મહિનાના દિવસ એટલે વરસાદના દહાડા ક્યારના યે આવી ગયા હતા. રેતીમાં ગમે તેટલું ખોદે તો ય પાણી મળે તેમ ન હતું. છેવટે તળાવ આવ્યું, પણ સુકાએલું!

વૅન્ડરપૂલ અમેરિકામાં ખૂબ ભમ્યો હતો. ડગલે ડગલે ચળકતાં મીઠાં શીતળ ઝરણાંવાળા પ્રદેશોમાં ફર્યો હતો. પણ અહીં આફ્રિકામાં! નૈરોબીથી આવતાં વચ્ચે જ્યારે માર્વિને એને ગંધાતું કાદવવાળું એક તળાવડું દેખાડયું ત્યારે એને ભાન આવેલું કે જે અલભ્ય પાણીના સ્થાન માટે તેઓ આટલું રખડયા હતા તે આ સ્થળ. ત્યાં તો તેમની પાસે પાણી ઉકાળીને ગાળવાના સાધનો યે હતાં. પણ અત્યારે તો એમના નસીબે નિરાશા જ હતી. સૂરજના તાપમાં એટલું એ ગંધાતું તળાવે ગયું હતું. સૂકાઇને તરડાઈ ગયેલા કાદવના બેટ પર તડકાનાં તેજ તરવરતાં હતાં.

વૅન્ડરપૂલની હતી તેટલી હામ પણ હવે છૂટી પડી. રજ પણ શરમ રાખ્યા વગર કે ખમચાયા વિના એણે મોં મોકળું મૂકી દીધું. નાના બાળકની પેઠે એને હાથપગ પછાડતો જોઇ, માર્વિન પણ શિથિલ

થઇ ગયો. ઢીલા ચામડાના ઢોલ જેવા બોખરા અવાજે એ બોલ્યો, 'ચાલ ચાલ દોસ્ત, મરદ થા જરા! હજુ તો આપણે જીવીએ છીએ ને? ત્યાં સુધી બાજી આપણા હાથમાં જ છે.'

'બાજી ગઈ હોત તો શું ખોટું હતું? આ સહન ..'

'ના રે ના. હજુ કાળાનું તળાવ ક્યાં આવ્યું છે? માત્ર બે જ દિવસ ચાલીશું એટલે સાગર જેટલું મીઠું જળ તૈયાર.'

આટલું બોલતાં તો એ ઊભો થઇ ગયો. એના સરવા કાને કંઇક ઝીણો અવાજ આવ્યો. ચડપ લઇને એણે બંદૂક ખભે ચડાવી અને રાડ પાડી, 'અલ્યા, આ તો પેલું હાથીનું ટોળું.—ફરી વારનું!'

ઝાડવાંની વચ્ચેના સુકા તળાવડામાંથી કાદવ ખૂંદતા હાથીઓના ભારે શ્વાસોચ્છ્વાસ સંભળાવા લાગ્યો. થોડી જ વારમા જાળાંમાંથી એક હાથી બહાર આવ્યો; ત્યાં તો બીજો . . . ત્રીજો . . . . .

'હાથી?' ગાડપણમાં હસતાં બોખરાનાં વૅન્ડર-પૂલ બોલ્યા: 'જેની પાછળ પડ્યા છીએ તે? હાશ, હવે મારો વારો આવ્યો.'

માણસનો અવાજ સંભળાતાં જ હાથી જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચડપ પેસી ગયા. ટૉમ્પ્સન એમના બહાર નીકળવાની રાહ જોતો રહ્યો, પણ કોઇ આવ્યું નહિ. અરધોક કલાક રાહ જોયા પછી માર્વિનમાં હિંમત આવી. કદાચ ત્યા પાણી હોય એમ ધારી સાવધાન થઈ એ હાથીઓ હતા ત્યાં ગયો, અને ધીમે પગલે ભાંગેલી ડાળીઓ અને રેતમાં ચંપાએલાં પગલાંના આધારે ટોળાના રસ્તે આગળ વધ્યો. પણ થોડેક જતાં તો જમીન પત્થરવાળી આવી અને પગેરૂં બંધ થઇ ગયું. અફસોસ! કરમે નિરાશા જ હતી.

નસીબને ગાળો ભાંડતો, જેવો ગયો હતો તેવો એ પાછો ફર્યો. પણ ઝાંખરાંનાં જાળાંમાંથી બહાર નીકળે છે તેવો જ એ થંભી ગયો.

વૅન્ડરપૂલ બેઠો હતો ત્યાં, એની સામે, ભાગ્યે જ વીસ ફૂટ છેટે, એક પ્રચંડકાય હાથી ઊભો હતો. દસ દસ ફૂટ લાંબા દૂધ જેવા સફેદ એના દંતૂશળ ચમકતા હતા. સૂંઢ લાંબી કરી સુસવાટા બોલાવતો એ પવન સૂંઘતો હતો. કાન પછેડીની પેઠે પહોળા ને ટટ્ટાર કરેલા હતા. અધીરાઇમાં વારંવાર પગ ઉપાડમેલ કરી એ નૃત્ય કરતો હતો. નાનો ડુંગર ડોલે એમ એનું વિશાળ શરીર ધામુંધામું ઝૂલતું હતું.

'દોડજો . . . દોડજો . . .' તરસથી રીબાતો વૅન્ડર-પૂલ બરાડી ઊઠ્યો. ગાંડપણમાં સામે ઊભેલા જમદૂતનું એને ભાન ન હતું. ઘડીમાં હસતો, ગાળો ભાંડતો ને શાપ વરસાવતો એ બૂમરાણ મચાવવા લાગ્યો.

ચીસ સાંભળી ટૉમ્પ્સન ફફડી ઊઠ્યો. પહેલાં તો ભાઇબંધની મદદે દોડવાનું એને મન થયું. પણ લાંબા અનુભવે એ શીખ્યો હતો કે એમ કરવાથી તો હાથી ઊલટો વહેલો હુમલો કરશે ને એટલો પેલા અપંગ ધનપતિનો જીવ વહેલો જવાનો. એટલે એણે પોનાથી બન્યું એટલા જોરથી બૂમ પાડી કે 'માર ગોળી! જુએ છે શું? બરોબર આંખમાં વાગે તેમ ફટકારજે.'

'કાળિયા પહાડ! . . . જંગલી! ભોંય ભેગો જ થઇ ગયો સમજજે, જો એકેય ડગલું આગળ ભર્યું તો.' ગાંડાની માફક વૅન્ડરપૂલ બબડતો હતો અને હસતો હતો.

ત્યાં તો એક વસ્તુ જોતાં જાણે પોતે જ ગાંડો થતો હોય એમ ટૉમ્પ્સનને લાગ્યું. વીજળીના ઝબકારાની પેઠે એના મગજમાંથી એક સ્મરણ પસાર થઇ ગયું. તરત જ અધીરાઇથી લથડતે પગે એ આગળ ધસ્યો. વૅન્ડરપૂલ બંદૂક ખભે કરે તે પહેલાં તો હતું એટલું જોર કહાડી એણે દોટ મૂકી અને જોરથી ચીસ નાખી: 'હાં . . હાં . . . થોભ! જોજે છોડતો. આ હાથીને તો હું ઓળખું છું!'

તટસ્થ જોનારને તો માર્વિનના આ શબ્દો એનું મગજ ખસી ગયાની નિશાની જ લાગે. આફ્રિકાના ભયંકર જંગલી હાથીની સાથે ઓળખાણનો દાવો કરનાર આ શિકારી કેવળ વિવશ ચિત્તે જ બોલતો હશે એમ સ્વાભાવિકપણે લાગે. પણ વૅન્ડરપૂલ કંઈ તટસ્થ જોનાર ન હતો. એ તો આ આખા યે નાટકમાં મહત્ત્વનો ભાગ ભજવનાર પાત્ર હતો. વળી મગજ ઉપરથી એનો કાબુ ગયો હતો. એટલે જેવી ટૉમ્પ્સને ઝડપ મારી એની બંદૂક ફગાવી દીધી એવું જ એણે કકળાણ કરી મૂક્યું. આમ બીજી વખત હાથમાં આવેલા શિકારને ખૂંચવી લેવાથી નાના બચ્ચાંની પેઠે એ જમીન પર લોટી પડ્યો, પોતાના મોં તથા વાળમાં ધૂળ ભરવા માંડી અને બરાડા મારતો-ધૂળમાં મોં સંતાડતો રડવા માંડ્યો: 'હાય રે હાય! હર પળે તું તો આગળનો

આગળ. આટલી મારી મહેનતનું ફળ શું?' એણે ડૂસકાં ભરવા માંડ્યાં.

પણ ટૉમ્પસનને આની પરવા ન હતી. એ તો સ્થિર ઊભો હતો. એની આંખો હાથી પર ચોંટી હતી.

'હાઉદીની!' પરાણે અવાજ સ્થિર કરતો, ધ્રૂજતો ધ્રૂજતો એ બોલ્યો, 'હાઉદીની! દોસ્ત, મને ઓળખે છે ને? જો, તારા માટે મેં શું કર્યું હતું તે યાદ છે ને?'

આ માણસનો અવાજ સાંભળતાં જ હાથીની ઝીણી આંખો ચમકી ઊઠી. માર્વિન ફરીથી એનું એ બોલ્યો. બે વખત—ત્રણ વખત. ફરીથી હાથીની આંખોમાં વિચિત્ર તેજ ચમકવા લાગ્યું. એના કાન માથા સાથે ચોંટી ગયા.

ટૉમ્પસન હાથીની પ્રદક્ષિણા કરી જે દિશામાંનો પવન વાતો હતો તે તરફ આવીને ઊભો રહ્યો. એને ગંધ આવતાં જ હાઉદીનીએ બરાડ પાડી. ના પાડતો હોય તેમ માથું હલાવતો તે સૂંઢ વીંઝવાં માંડ્યો ને ધીમેધીમે પાછા પગલે ઝાડીમાં અદશ્ય થઇ ગયો.

એ ગયો કે તરત જ માર્વિને વૅન્ડરપૂલનો હાથ પકડી તેને ઊભો કર્યો, 'ચાલ દોસ્ત.'

'કેમ ભલા? ક્યાં?'

'આપણને પાણી હવે મળશે. આપણે બચી ગયા.'

'આપણી વાત તો ઠીક; પણ આ હાથી તો બચી જવા પામ્યો,—તારે લીધે.'

એનું સાન્ત્વન કરતો ટૉમ્પસન બોલ્યો, 'તુ સમજતો નથી ભાઇ; એને હું ઓળખું છું. એના ડાબા દંતૂશળની અણી આડકતરી ભાંગી ગઇ છે તે તેં જોઇ?'

'હા.' બેવકૂફની પેઠે વૅન્ડરપૂલે ડોકું હલાવ્યું.

'આ હાથી તો ઘણાં વરસો પહેલાં ટચૂની સરોવર પર આવેલી મારી છાવણી પાસે આવતોજતો. ત્રણ વરસ સુધી લાગલાગટ અમારી છાવણીએ એ આવ્યા કરેલો. અમારી વાવેલી શાકભાજી એ ખાઇ જતો. આખરે કંટાળીને મેં એના પોતાના માટે એક ખાસ ક્યારો બનાવ્યો. એટલે પછી તો એ સમજી ગયો. આવે ત્યારે પોતાના ભાગમાં જ એ ખાઇ જાય અને અમારાંને અડકે ય નહિ. મારી આખી જિંદગીમાં મેં આફ્રિકાનો આ એકલો જ હાથી એવો જોયો છે કે જેણે પાળેલાં પ્રાણી જેવાં લક્ષણ દેખાડ્યાં હોય.'

હજી આ વાતચીત ચાલતી હતી ત્યાં અચાનક બંને જણની આગળ જાદુગરની પેઠે ચુપચુપ આવીને પાછો હાથી ઊભો રહ્યો. ઝાડીમાંથી એ એવી તો ચપળતાથી આવેલો કે બંને જણને એના પગરવનો સનકારો પણ પહોંચ્યો નહિ.

'જોયું ને? આટલા સારૂ જ અમે એને હાઉદીની કહેતા. આપણા નામચીન અમેરિકન જાદુગર હાઉદીની જેટલો જ ચપળ. જો તો ખરો!'

ત્યાં તો એક ક્ષણમાં તો લહેકાતોલહેકાતો હાથી પાછો ફર્યો અને ઝાડીમાં પીગળી જતો લાગ્યો. પગ નીચે ન એક ડાંખળી પણ ચંપાઇ, કે ન એની એવડી



તકલીની તાકાત

તકલી દેખાવે તો બહુ નજીવી લાગે છે, પરંતુ એમાં પ્રચંડ સ્વરાજ્યશક્તિ પડેલી છે. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ જેવા પણ તકલીની તાકાત કબૂલી તેની પછવાડે છુપાએલું રાજકીય તત્ત્વજ્ઞાન જોઈ શક્યા છે. તકલી આ સલ્તનતનો આંધળો સ્વાર્થ ખુલ્લો પાડશે. તેના ચક્રાવે સામ્રાજ્ય ડગમગશે. તકલી સર્વવ્યાપી થાય તો લૅંકેશાયર અને મૅન્ચેસ્ટરના વ્યાપારીઓની હિંદના પૈસા પરની તાગડધિન્ના બંધ થાય. વિદેશી માલનો બહિષ્કાર ખાદી દ્વારા જ શક્ય છે એટલું જો કબૂલ કરીએ તો એ ખાદીની ઉત્પત્તિ માટે તકલી જ સાધન છે. તકલી હિંદુસ્તાનનાં લાખો ગામડાંમાં, કરોડોના સમૂહમાં જેટલી સહેલાઇથી અને ઓછા ખર્ચે પ્રવેશ કરી શકે તેટલું રેંટિયા માટે સહજ નથી. તકલી એક વાર ગામડાંમાં બરોબર દાખલ થઇ ગઈ કે પછી હજારો વાર ખાદી હિંદુસ્તાનમાં ઉત્પન્ન થવાની. તકલીમાં ઉત્પાદક શક્તિ ભલે રેંટિયા કરતાં ઓછી રહી, પણ પ્રચારશક્તિ અનેકગણી વધુ છે. એટલે 'ઝાઝા હાથ રળિયામણા'ની દૃષ્ટિએ ખાદીના અર્થશાસ્ત્રમાં તકલીનું સ્થાન પ્રથમ દરજ્જાનું છે. (મુંબાઈ ઉપનગર સત્યાગ્રહ પત્રિકા)

વિશાળ પીઠ પર એક પાંદડું સરખું યે ફરક્યું. એની હીલચાલ એટલી તો શાંત હતી કે જાણે કોઈ અંધકારનો કાળો ઓળો ઝાડીમાં ઓગળી જતો ન હોય! જેમાંથી પેસતાં નીકળતાં માણસ પણ ઉઝરડાય એવી એ ગીચ ઝાડીમાં આવડો મોટો હાથી નીરવપણે આવતો જતો હતો! ટૉમ્પ્સનનું હૃદય ગર્વથી છલકાઇ ગયું: 'હાઉદીની જ આ કરી શકે; બીજો કોઇ નહિ.' *

ફરીથી હાથી આવ્યો. ટૉમ્પ્સને એની જોડે વાતો કરવા માંડી. સૂંઢ લંબાવી એણે ગંધ લીધો. ધીમેધીમે પૂંઠ ફેરવી ને લીલી ડાળીઓ ખાતોખાતો ફરી ઝાડીમાં પીગળી ગયો.

'અલ્યા . . . તું તો કહેતો'તો ને, કે એ આપણને બચાવશે? ને આ તારો જંગલનો જાદુગર તો ક્યાંય ચાલ્યો ગયો!' આમ હાથીને ફરી પાછો જતો જોઇ વૅન્ડરપૂલની ધીરજ ઓગળી જવા લાગી.

'ના ના, ચાલ આપણે જોઇએ તો ખરા કે આ મારી સ્ફુરણા સાચી છે કે માત્ર ભ્રમણા. ચાલ દોસ્ત, હું હાથ પકડું.'

અને બંને જણે પ્રયાણ આદર્યું. અજબ દોસ્તી દાખવનાર હાઉદીનીને પગલે પગલે ચાલતા, થોડીથોડી વારે એને પહોંચી વળતા, વળી છૂટા પડતા તેઓ પંથ કાપવા લાગ્યા. હાથી યે એમની વાટ જોતો હોય તેમ થોડેથોડે અંતરે ઊભો રહેતો. આવે વખતે વૅન્ડરપૂલને ચૂપ રાખી ટૉમ્પ્સન હાથી જોડે વાતો કરતો.

પણ હાઉદીનીએ તો નીચાણમાં પાણી મળે તેવી જગ્યાએ ન જતાં, મેદાનની ઊંચી જગ્યા પર ચડવા માંડ્યું. એ જોતાં જ ટૉમ્પ્સનના પેટમાં ફાળ પડી. ત્યાં પાણી તો હોય જ નહિ; અને અહીં તો હવે તરસથી બંનેના જીવ જતા હતા. ટૉમ્પ્સનની આંખે અંધારાં આવતાં હતાં. તાવ, તરસ અને ગાંડપણથી રીબાતા લંગડા વૅન્ડરપૂલના આખા યે શરીરનો ભાર એના ખભા પર હતો. હાઉદીની હવે એને નિરાશાજનક લાગ્યો. પણ હજી એની હિંમત થોડીઘણી રહી હતી. એટલે સો વાર ચલાય તો એટલું પણ ચાલવાનો એણે નિશ્ચય કર્યો. વૅન્ડરપૂલને નીચે બેસાડી એ ઊંચાણની કોર પાછળ નીચે શું દેખાય છે એ જોવા તે આગળ વધ્યો. હાઉદીની જ્યાં અલોપ થયો હતો ત્યાં આગળ ઝાડીમાંથી એણે જેવી નીચે નજર કરી તેવો જ એ આનંદની ચીસ પાડી ટટ્ટાર થઇ ગયો અને દોડતોકને વૅન્ડરપૂલનું માથું ઊંચું કરી, પાસે હતું તેટલું પાણી એના મોંમાં રેડી દીધું.

નીચે થોડે દૂર મેદાનમાં એમનાં માણસો તંબુ તાણી પડ્યા હતા.

ॐ ॐ

એ રાત્રે ટૉમ્પ્સને પેટ ભરીને નોકરોનો હિસાબ લીધો. એના શબ્દો અને અલંકારો સાંભળવા જેવા હતા. પણ વૅન્ડરપૂલને એ સાંભળવાનો અવકાશ ન હતો. એને એક ખાસ મહત્ત્વનું કામ કરવાનું તો હજુ બાકી હતું. પણ ટૉમ્પ્સનને એનું કાંઇ સાંભળવા કરતાં, બીજી જાતનો ખુલાસો કરવાનો હતો. એટલે જ્યારે એકાદ કલાક બાદ છાવણીમાં ખૂબ શોધતાં પણ વૅન્ડરપૂલ જડ્યો નહિ ત્યારે ગભરાઇને એક ટોળી લઇને એની શોધમાં ઉપડ્યો.

'ગોરા સાહેબ તો પાણીની ડોલ ભરીને ખચ્ચર પર સવાર થઇને ગયા છે.' 'સાવ ગપ' કહી મજૂરની આ વાત ટૉમ્પ્સને માની નહિ. પરંતુ અરધાક કલાકના પગેરાને અંતે જ્યારે એણે જાતે વૅન્ડરપૂલને જોયો ત્યારે મજૂરની વાત સાચી લાગી.

એ સ્થૂલકાય અર્થપતિ ઝાડની ઊંચી ડાળીએ બેઠા હતા. જમીન પર પાણીની ખાલી ડોલ પડી હતી, અને એમની ચોકી કરતો હાઉદીની ઝાડ નીચે ઝૂલતો હતો! કલબલાટ કરી માણસોએ હાથીને હાંકી કાઢ્યો.

નીચે ઊતરી શરમાતાંશરમાતાં વૅન્ડરપૂલે ખુલાસો કર્યો: 'મારા મનમાં કે બીચારા ભલા હાથીને પાણી પાઇ આવું. પણ એને તો એની રજ પણ પડી ન હતી!'

ॐ ॐ

અહીં આ વાત પૂરી થાય છે. માત્ર કંઇ અગત્યનું ઉમેરવાનું હોય તો તે એટલું જ કે ત્રણ અઠવાડિયા પછી એકકેય હાથીને માર્યા વિના વૅન્ડરપૂલે અમેરિકા ભણી પગલાં વાળ્યાં.

'હાઉદીનીને મળ્યા પછી'—ક્લબમાં વાત કરતાં એણે ખુલાસો કરેલો કે—'હાથીને મારવાને મારો જીવ ચાલ્યો નહિ.'

(અંગ્રેજી ઉપરથી) હરિનારાયણ આચાર્ય

---

* હાઉદીની એ આધુનિક જમાનાનો સૌથી નામચીન અદ્ભુત અમેરિકન જાદુગર થઇ ગયો. હાથચાલાકી, અંગચાપલ્ય, બુદ્ધિમત્તા અને અવનવા ખેલોની એની પ્રતિભા જગતભરમાં અદ્ભુત ને અજોડ મનાતી. થોડા વખત પહેલાં એ મરી ગયો.

મગતરાંમાંથી માનવ

સરજવાના કોડ અને કાર્યશક્તિ ધારનાર શ્રી સ્વામીરાવે આ ઉનાળાની રજા દરમ્યાન યોજેલો

ચોરવાડમાં વ્યાયામમાસ

અભ્યાસ અને ભણતરની ખોટી લાલચમાં દેશની અસંખ્ય હાઇસ્કૂલો અને કૉલેજોમાં આજે ઊગતા વિદ્યાર્થીઓનાં લોહીમાસ જે ખાખ થઇ રહ્યાં છે તેમાંથી તેમને બચાવવા એક પણ રાજ્યે, અધિકારીએ કે સંસ્થાએ ઊગતી પ્રજાનું કલ્યાણ સમજી પ્રયત્ન કર્યો છે ખરો? બદહજમી, કબજિયત, ટૂંકી નજર અને કામની અશક્તિ એ તો આજે દરેક જુવાનની સામાન્ય ફરિયાદ થઇ ગઇ છે; છતાં તેનાં ચોંકાવનારાં પરિણામો સંગ્રહણી, દમ, ક્ષય કે ગાંડપણ આવે ત્યાં સુધી સમાજના હિતચિંતકો એ દરદીને રજા, આરામ, દવા કે હવા આપવાનો વિચાર કરી શકતા નથી, અને દિનપ્રતિદિન દેશનું સર્વોત્તમ અને સાચું ધન જે ભાવિ પ્રજા તે કાળના મોંમાં હોમાતી જાય છે. રાજાઓ, દીવાનો, વિદ્યાધિકારીઓ અને હેડમાસ્તરો આ ભયંકર આહુતિઓ જોતા છતાં આજની ઘડી સુધી કર્તવ્યશૂન્ય હતા. સરકારી યુનિવર્સિટીએ શ્રી કનૈયાલાલ મુનશીની ફરજિયાત વ્યાયામની દરખાસ્ત મંજૂર કરતાં કેટલું મોડું કર્યું? અને તે પછી યે તેનું કર્તવ્ય આજે કોણ ઉપાડી લે છે ?



આજથી પાંચ વર્ષ પહેલાં માત્ર એક દંડો ને ઝોળી લઇ શ્રી સ્વામીરાવે કાઠિયાવાડમાં આવીને ભાવનગરમાં ડેરો જમાવ્યો અને બજરંગબલીની હાક નાખવા માંડી. થોડી જ મુદતમાં કૈંક જુવાનડાઓના દેહમાં એમણે બળના વિક્રમ ઊભા કર્યા. અખાડો જામ્યો અને લોકોને ખાતરી કરી આપી કે તાલીમ તથા નિયમિત વ્યાયામથી મગતરાંમાંથી માનવ બની શકે છે. જંઘ અને બાવડાં પર થાપી દેતા, મલખમને વળ નાખતા ને લાઠીઓ ઘૂમાવતા એ વિદ્યાર્થીઓને જોતાં, આજ સુધીના સાંઠીકડા જુવાનોને જોઇ ટેવાએલી આંખો માને પણ નહિ કે એ આ યુગના માનવીઓ હશે. સ્વામીએ તેમને ટાઢતડકો, અંધારાં જંગલ અને ભૂખતરસની કસોટીઓમાં ઉતારી ઘડીઘડીને વજ્રકાય બનાવી દીધા. તેમનાં મન શાંત, પવિત્ર અને સંકલ્પબદ્ધ બનાવ્યાં. કર્તવ્યપરાયણ અને આજ્ઞાધીન છતાં સબળ સૈનિકોનું એક જૂથ ઊભું કર્યું. સ્વામીરાવ (એમના શિષ્યોના પ્રિય 'સ્વામીજી')-ની આ સૃષ્ટિના ઉપવિધાતા બહાઉદ્દીનભાઇ છે. વજ્રકાય, સંયમી અને નિયમન રાખવામાં એક્કા એ ઉસ્તાદે સ્વામીના આ કાર્યને ભાવનગરમાં એકસરખું સચેત અને ઉત્સાહવંતું રાખ્યું છે.

પણ સ્વામીરાવને તો દેશ આખાને વ્યાયામનાં પાણી ચડાવી વીરભૂમિ રચવાનાં સ્વપ્નાં છે. એટલે તેમણે કાઠિયાવાડના લોકનેતાઓને સંગમાં લઇને 'કાઠિયાવાડ વ્યાયામ મંડળ' સ્થાપ્યું છે. આ મંડળને લીધે જ ભાવનગર અને ચોરવાડની રેખા સંધાઇ શકી. ઉનાળાની રજાઓમાં જ્યારે દેશનો વિદ્યાર્થીવર્ગ અને ઘણોખરો નોકરિયાત વર્ગ નવરો હોય ત્યારે તેમને વ્યાયામનો પટ આપવા માટે ચોરવાડમાં વ્યાયામવર્ગ ખોલાવવાનો ખ્યાલ સ્વામીરાવને વરાડ પ્રાંતના ઉમરાવતીમાં ચાલતા ઉનાળાની રજાના વ્યાયામવર્ગો પરથી આવ્યો. મધ્યપ્રાંતની અસહ્ય ગરમીમાં ઠેઠ ત્યાં ઉમરાવતી સુધી પણ ૨૦૦ જેટલા બહારગામના વિદ્યાર્થીઓ તાલીમ લેવા ભેગા મળે છે. પણ ગુજરાત કાઠિયાવાડને ત્યાં પહોંચતાં ખર્ચ ને તકલીફ બહુ પડે છે. આથી સ્વામીરાવને એ જ લક્ષ્ય પર ખુદ કાઠિયાવાડમાં જ કોઇ યોગ્ય સ્થળે વર્ગ ઊભો કરવાનો વિચાર આવ્યો અને તે કાઠિયાવાડ વ્યાયામ મંડળ આગળ મૂક્યો. એ મંડળમાં ચોરવાડના સેવાપરાયણ શેઠ હરખચંદભાઈ છે. તેમણે આગળ પડીને એ વાત ઝીલી લીધી, એટલું જ નહિ પણ ચોરવાડને તેનું મથક બનાવી વર્ગની વ્યવસ્થાની બધી તકલીફ પણ જાતે જ ઉપાડી લીધી.

ચોરવાડ કાઠિયાવાડનું કાશ્મીર કહેવાય છે. વેરાવળની પાસે દરિયાકિનારે લીલી નાઘેર ભૂમિના પાટનગર સમું આ ગામ ભર ઉનાળામાં પણ ગરમીથી મુક્ત રહે છે અને સમુદ્રની લહેરો આંબા નારિયેળીનાં વન વીંઝતી આવી તેના પર ધારી ઠંડક વિસ્તારે છે. ચારેકોર લીલીછમ ખેતી, ધડૂકતા રહેંટ, કલ્લોલતી



સ્વામીરાવ અને બડાઉદ્દીનભાઇ



રોજની કવાયત

કુદરત અને સુખી જનવર્ગ વાળું આ સ્થાન અત્યારના યુગમાં કોઈ અનેરું લાગે છે. ચોરવાડનાં નાગરિકોની સાદાઇ, કાવકાઈ અને સુસંપ તેના વાતાવરણમાં મીઠાશ ઉમેરે છે. કલકત્તા મુંબાઇ જેવાં શહેરોમાં લાખોનો વેપાર ખેડતા અહીંના શેઠિયાઓ પોતાના વતનને જરા યે ભૂલ્યા નથી. દરેક જણે ચોરવાડમાં સુંદર આવાસ બંધાવી આસપાસ બગીચા અને ખેતી સંભાળી રાખી છે. તે ઉપરાંત ચોરવાડ ગામનાં સંસ્કાર અને કેળવણીમાં યે ખૂબ ફાળો આપ્યો છે. ચોરવાડની જનતામાં કૈંક માનવ-સંતો ખીલ્યા છે. સ્વ. અમૃતલાલભાઇ પઢિયારજીનું નામ તો આખો દેશ જાણે છે. આજનું ચોરવાડ તેમનું જ્ઞાનઋણી છે. ચોરવાડનો પઢિયાર આશ્રમ એ ઋણના સ્મરણચિહ્ન રૂપે બંધાયો છે.

પઢિયારજીના પાસામાંથી દીક્ષા પામેલા શેઠ હરખચંદભાઇ એક ખરેખરા નવજુવાન છે. લક્ષ્મીસંપન્ન હોવા છતાં કાયમ માટે ચોરવાડનો વાસ સ્વીકારી ગામની જ સેવાનું વ્રત લીધું હોય એમ શાળા, અખાડો, આશ્રમ કે બાલમંદિરની સેવાઉપાસનામાં મચ્યા જ રહે છે. શ્રી ગોકુળદાસ રાયચુરા જેવા સાહિત્યપ્રિય સજ્જનને આ ગામની મોહિની લગાડી, વસાવી રોકનાર એ જ ભાઇ. એમણે જ આગળ પડી આ વ્યાયામવર્ગની શુશ્રુષા માથે લઇ લીધી ને અંત પર્યંત એકધારે પાર ઉતારી.


આ વર્ગમાં આવનાર દરેક વિદ્યાર્થી દીઠ તેના ખર્ચ પેટે રૂ. ૧૫ ઠરાવ્યા હતા. વ્યાયામવર્ગની જાહેરાત થતાં જ ૧૫૦ જણાએ ઇચ્છા બતાવી હતી, પણ સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ થવાને લીધે માત્ર સત્યાવીશ જણે લવાજમ ભર્યું હતું; છતાં પાછળથી તેમાં વધારો થઇ ૧૨૭ જણની સંખ્યા થઇ ગઈ હતી! એટલા જણને વ્યવસ્થાબંધ તાલીમ આપવાને સ્વામીરાવે, શ્રી બદ્રાઉદ્દીનભાઈ તથા તેમના હાથ નીચે જૂના કસાએલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બોલાવી લીધા હતા. જામનગર અને જુનાગઢ રાજ્ય તરફથી કેટલાક શિક્ષકો પણ આ વર્ગનો અનુભવ લેવા આવ્યા હતા.

સવારના સાડા ચાર વાગ્યે પહેલું બ્યૂગલ થતાં સૌ જાગી ઊઠતા અને પોણા કલાકમાં બધા પ્રાતઃકર્મથી પરવારી સવા પાંચ વાગ્યે થતી સામુદાયિક પ્રાર્થનામાં જોડાતા. તે પછી સાડા પાંચથી સાડા સાત સુધી, પ્રગતિ અનુસાર પાડેલા જુદાજુદા વિભાગો તેમના શિક્ષકો પાસે ડ્રિલ લેતા. ડ્રિલમાં આરોગ્યપ્રદ સાદી કસરતો, હુકમ પ્રમાણે કવાયત ને કૂચ મુખ્ય ભાગે હતાં.

સાડા સાતે સૌ નાસ્તા પર જતા. નાસ્તામાં રાત્રે બાફી રાખેલા ચણા મળતા. કોઇને દૂધ કે ફળ ખાસ જોઇએ તો પોતાના ખર્ચે મેળવવાની સગવડ હતી. ચણાનો ખર્ચ વ્યાયામમંડળ તરફથી અપાતો. નાસ્તા પછી થોડી વારે અરધો કલાક જુદાજુદા વર્ગો ચાલતા, જેમાં વ્યક્તિગત ખાસ કામ શીખવાતું. નવથી સાડા નવ પ્રશ્નોત્તર ચાલતા; તેમા શરીરશાસ્ત્ર, આરોગ્ય, ખોરાક, જાતીય જ્ઞાન વગેરે બાબતો પર પ્રશ્નો પૂછાતા, ચર્ચાઓ ઊભી થતી અને તેનું સમાધાન થતું. સાડા નવ વાગ્યે આ બધામાંથી પરવારી સૌ છૂટા થતા અને નાહીધોઇ સાડા દસ વાગ્યે જમવા હાજર થતા. સાડા અગિયારે ભોજન વગેરે પતી ગયા બાદ બે વાગ્યા સુધી આરામ, વાતચિત, પત્રવ્યવહાર, નોંધ વગેરે માટે દરેકને વખત મળતો.



બપોરનું ભોજન



કુવાકાંઠે સૌ પોતાનાં વાસણ સાફ કરે છે.

એ પછી ફરી પાછા વર્ગો શરૂ થતા તે સાંજે સાત વાગ્યા સુધી. તેમાં સખત તાલીમ, ડ્રિલ અને વ્યાયામ ચાલતાં. સાંજે સાત વાગ્યે જરા આરામ પછી વાળુ મળતું, અને પછી રાત્રે સાડા આઠે હમેશાં ડાયરો જામતો. તેમાં સ્વામીરાવ તરફથી કેટલીક સૂચનાઓ મળે, બહાઉદ્દીનભાઈ તરફથી બીજા દિવસના કાર્યક્રમ જાહેર થાય અને શ્રી રાયચુરાનાં ગીતો ભજનો કે વાર્તાઓ હોય. સાડા નવે સૌ વિખરાય અને દસ વાગ્યે છેલ્લું બ્યૂગલ થયા પછી તદ્દન સામુદાયિક શાંતિ પળાય.

આ બધો કાર્યક્રમ એટલો ચુસ્તપણે પાળવામાં આવતો કે શરૂઆતમાં તો મનગોજી પ્રકૃતિ ને અમિત ટેવોવાળા ઘણાને બહુ આકરૂં લાગતું. પણ ધીરેધીરે ટેવાઈ ગયા પછી મન અને શરીર તેને અનુકૂળ બની ગયાં, અને પછી તો છાવણીના સામુદાયિક જીવનનો અભિનવ આનંદ સૌ માણતા. વખતની બાબતમાં સ્વામીરાવ કે બહાઉદ્દીનભાઇ કોઇને લેશ પણ નમતું આપતા નહિ. સ્થાનિક સજ્જનો પણ તેમના નિયમનને પીગળાવી શકતા નહિ. છતાં એ બંને પ્રત્યે વિદ્યાર્થીઓ અને આવેલા શિક્ષકોની અપાર મમતા પ્રગટી જણાતી હતી. ખાવાપીવાના પદાર્થોમાં બહુ જ સાદાઇ છતાં પૌષ્ટિક તત્ત્વો અને સ્વચ્છતાનું ધોરણ ઉંચું હતું.

વર્ગમાં આવેલા દરેક જણના શરીરનાં વજન અને માપ પહેલે દિવસે નોંધી લેવામાં આવ્યાં હતાં અને મહીનાને અંતે વર્ગ પૂરો થવાને દિવસે ફરી વજન તથા માપ લેતાં સરેરાશ ત્રણ થી ચાર શેર વજન વધ્યું જણાયું હતું. છાતીનો વિકાસ સરેરાશ એક ઇંચનો દરેક જણ દીઠ થયો હતો. વધુમાં વધુ નવ શેર સુધી વજન વધ્યાનો દાખલો હતો. એક મહીના પહેલાં જેઓ અનિયમિત જીવનવાળા માંદલા લાગતા હતા તેઓ ત્રીસ દિવસની તાલીમ અને શુદ્ધ ખાનપાનની અસરથી યૌવનનો ઉત્સાહ ફોરતા પ્રફુલ્લ માનવો બની ગયા દેખાતા હતા. કેટલાક સ્થૂળ શરીરવાળાની ચરબી ઘટાડવાની જરૂર હતી તે પણ બની શક્યું અને તેઓ યૌવનની સ્ફૂર્તિ માણતા હતા. રોજની આટલી સખત મહેનત પછી રાતની ઊંઘનું તો પૂછવું જ શું?

આ જાતના વર્ગો દરેક લાંબી રજા દરમિયાન દેશમાં ઠેરઠેર જમાવવા જોઇએ. જુદાજુદા ગામના વિદ્યાર્થીઓ એક જ છાવણીમાં રહી એકકદમ બને, બદનથી બદન અને દિલથી દિલ મિલાવી એકદિલ ને એકસંગી બને અને પોતામાં રહેલાં સામર્થ્ય ને ખમીરને ઓળખતા થાય એ આ પુનર્વિધાનના યુગમાં ઓછું મહત્ત્વનું નથી.

લાઠી ફેરવવાની ચપળતા, લાંબો વખત સુધી શ્રમ વેઠવાની સહનશીલતા અને કુચકદમની વ્યવસ્થા—એટલું તો ઓછામાં ઓછું આ યુગના દરેક જુવાને મેળવી જ લેવું જોઈએ. એ વિનાનું જુવાનનું શરીર એ ભારતભૂમિને ભાર રૂપ હાડમાંસનો ખડકલો જ છે. રાષ્ટ્રસ્વાતંત્ર્યની જે મહાન લડત દેશે ઉપાડી છે તેના નિઃશસ્ત્ર સૈન્યમાં પણ એ પ્રાથમિક આગત્યના ગુણો તો ખાસ જરૂરના છે. તે ઉપરાંત રાષ્ટ્રવ્યવસ્થામાં અને સંઘબળ કેળવવામાં પણ આવા વ્યાયામવર્ગની કિંમત નાનીસુની નથી,—બલ્કે તે સર્વોપરી ગણાવી જોઇએ અને ભવિષ્યમાં સ્વામીરાવ કે કોઇપણ આ સંસ્થા આગળ વધારે ત્યારે દેશમાં ચારે તરફથી તેને સહકાર ને સત્કાર મળવાં જોઇએ.

ર. મ. રાવળ

રસોડાનો વૈદ્ય



આ મથાળું વાંચીને થોડી નવાઇ લાગશે; પણ એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. કારણકે આયુર્વેદનું સર્વ સામાન્ય જ્ઞાન તો આપણે ત્યાં ચૂલા--પાણિયારાથી માંડીને ગામનાં પાદર, ખેતરના શેઢા-સીમાડા, વન-ઉપવન, જંગલો, ગામડાં અને શહેરો સુધી લોકોમાં પચી ગએલું હતું. આજે કાળબળે કટાઇ ગએલા એ જ્ઞાનને આપણે સ્મરણની ફૂંકથી સજીવ. અને વહેતું નહિ કરીએ તો આપણી બીજી કળાઓ અને જ્ઞાનની પેઠે આ અતિ ઉપયોગી ઘરગથ્થુ જ્ઞાન પણ નાશ પામી જશે.

ઘણી વાર આપણા ઘરમાં બાળબચ્ચાં કે કોઇ મોટાં માણસોને કાંઈ અકસ્માત થાય છે કે કાંઇ સામાન્ય દરદ થઇ આવે છે ત્યારે તરતજ આપણે ઘોડાગાડી, મોટર કે માણસોથી દોડાદોડી કરી મૂકીએ છીએ અને ડાકટરો, વૈદ્યો કે હકીમોને બોલાવીએ છીએ. જ્યારે બીજી બાજુએ કેટલાંક ગરીબ કે મધ્યમ કુટુંબો સામાન્ય જ્ઞાનને અભાવે તેમજ ગાડી-ઘોડા જેવાં સાધનો કે મદદ કરનાર માણસોને અભાવે, દરદથી પીડાય છે કે વખતે મરણ પણ પામે છે. ઘણી વાર રાત્રિ કે સખ્ત ઠંડી અથવા વરસાદ જેવાં કારણોને લીધે કે ધંધાદારીઓની બેદરકારીને લીધે, સાધનો હોવા છતાં સાધનસંપન્ન મનુષ્યોને પણ મદદ વગર દુખી થવું પડે છે. આવે વખતે આપણે આપણાં રસોડા તરફ જોવું જોઇએ અને વિચારવું જોઇએ કે આપણા ઘરમાં કાંઇ દવાદારૂ છે કે નહિ ? અને તેનાથી કાંઈ લાભ થાય તેમ છે કે નહિ ?

ઘણી વાર ઘરમાં નાનકડાં બાળકોને કે મોટાં માણસોને શરીરના કોઈ અવયવ ઉપર સામાન્ય સોજો આવે કે તરત જ આપણે ટિંકચર આયોડિનની શોધ કરવા મંડીએ છીએ અને વખતે-કવખતે પણ ડૉક્ટર કે ડ્રૂગિસ્ટનું ઘર ઊઘડાવવા દોડીએ છીએ. આવે વખતે રસોડાની દવા મીઠું વાપરી જોવું જોઇએ. થોડું મીઠું ઠંડા પાણી સાથે વાટીને નાના વાસણમાં દેવતા ઉપર જરા ગરમ કરવું અને તેને એક કપડાની વચ્ચે પોટીસની પેઠે પાથરીને દરદવાળા ભાગ ઉપર બાંધી દેવું. કોઇ વાર આ દવા અજમાવી ને પરિણામ જોજો. તમારા પૈસા અને શ્રમ બચી જશે.

રમતાંરમતાં કામ કરતાં કે શાકભાજી સમારતાં, સોપારી કાતરતાં કે બીજી રીતે આપણે કે બાળકને હાથે શરીરનો અવયવ ઘવાય છે. આવે વખતે ઘણા ગૃહસ્થો ટિંકચર બેન્ઝૉઇનની શોધમાં પૈસા અને સાધનોનો વ્યય કરે છે. તેને બદલે મીઠું જ થોડા પાણીમાં ઓગાળીને, તેમાં એક કપડાનો કકડો બોળીને તે બાંધી દેવો. લોહી બંધ કરવા માટે પ્રથમ ઠંડા પાણીની ધાર કરવી. ઠંડું પાણી લોહીને બંધ કરે છે. થોડી વાર ધીરજ રાખી ધાર કર્યે જવી. લોહી બંધ થવાનો આધાર તેને મળતા જોર ઉપર છે. વખતે થોડી વાર લાગે પણ ગભરાવું નહિ, અને જરા ધીમું પડે પછી જ ઉપર જણાવેલ મીઠાનો પાટો બાંધવો. એટલું યાદ રાખવું કે મીઠાનો પાટો બાંધ્યા પછી તેને જલદી છોડવો નહિ, તેમજ સુકાવા પણ દેવો નહિ. એને બાંધેલો રાખી થોડીથોડી વારે ઉપર મીઠાનું પાણી રેડ્યા કરવું. મીઠાનો પાટો બાંધ્યા પછી ઘા ઉપર તેલ કે એવો કોઇ પણ પદાર્થ લગાડવો નહિ, કારણકે એથી મીઠાનો ગુણ જતો રહે છે. મીઠું જંતુઓને મારી નાખે છે અને આવનાં અટકાવે છે. કાર્બોલિક ઍસિડ કે એવી કોઇ બહારની વસ્તુ હોય તો જ કામ ચાલે એવું કાંઇ નથી. મીઠાની પેઠે જ ઘાસતેલનું પોતું મૂકીને પાટો બાંધી દેવાથી પણ ઘા રૂઝાય છે અને પાકતો નથી. ઘાસતેલ મૂક્યું હોય તો પછી પાણી કે એવી બીજી ચીજ મૂકવાની જરૂર નથી. આવી જ રીતે સ્ટવ સળગાવવામાં વપરાતા મેથિલેટેડ સ્પિરિટનું પોતું મૂકીને પણ પાટો બાંધવાથી લોહી બંધ થઇ જશે. એકબે વાર સ્પિરિટથી જ ભીનો કરવો. એથી પણ ઘા રૂઝાશે ને પાકશે નહિ. પાટો વખતો-વખત કે તુરતાતુરત ખોલવો નહિ એ સારૂં છે. આમાંનું કાંઇ ન મળે તો થોડું તેલ ગરમ કરી તેની અંદર

એટલું જ મધ મેળવી સારી રીતે એકત્ર કરીને તેનું પોતું ઘા ઉપર મૂકીને પાટો બાંધી દેવો, અને બીજે કે ત્રીજે દિવસે છોડવો. એથી પણ ઘા પુરાઈ જાય છે.

ખોબામાંથી કોલસા કે છાણાં લેવા જતાં અથવા પેટી નીચેથી કચરો કાઢતાં ઘણી વાર વીંછી ફટકાવે છે, ત્યારે પણ મીઠું ઉપયોગી છે. મીઠા ઉપર એક વાર થોડું પાણી નાખી તેને ધોઇ નાખવું. પછી તે ચોકખું મીઠું પાણીમાં ઓગાળવું. અને તેટલું વધારે ઓગાળવું (સૅચ્યુરેટેડ સોલ્યુશન કરવું). જ્યારે મીઠું ઓગળતું બંધ થાય ત્યારે એ પાણીનાં એકબે ટીપાં બંને બાજુની આંખમાં નાખવાં અને ડંખ વાળી જગ્યા ઉપર મીઠાનું પાણી ઘસીને તે પાણીમાં પોતું બોળીને પાટો બાંધી દેવો.

ક્વચિત્ ઘરના કોઇ માણસને કૉલેરા જેવી અસર જણાય ત્યારે પણ ઝાડા ઉલટી થવા માંડે ત્યારથી જ મીઠું, પી શકાય એટલું ગરમ પાણી કરીને, તેની અંદર ખારૂં લાગે તેટલું નાખીને, દરદીને પાવા માંડવું. દર ઉલટી અને ઝાડા વખતે ચાનો એક પ્યાલો ભરીને પાણી પાવું. એટલાથી ઉલટી ન થાય તો વધારે પાવું અને ગળામાં પીછું ફેરવીને કે આંગળી ઘાલીને પણ દરદીને ઉલટી કરાવવી. થોડા કલાકમાં ઝાડા ઉલટી બંધ થઇ દરદી સ્વસ્થ થશે. પેટ, આંતરડાં અને હોજરીમાંથી કચરો અને ઝેર કાઢી નાખવામાં મીઠું મદદ કરે છે અને લોહીને સેલાઇન સોલ્યુશન પૂરૂં પાડી શરીરની ગરમી જાળવી રાખે છે તથા શરીરનું લોહી ફરતું રાખે છે. આ બહુ જ સાદા જેવા દેખાતા ઉપચારથી એક વાર ઝાડેશ્વરમાં મેં ઘણા દરદીઓને મદદ કરી હતી એમ મને યાદ છે.

કોઇકોઇ વાર ઘરનાં માણસોને લૂખી ઉધરસ થઇ આવે છે અને રાત્રે ઊંઘવા પણ દેતી નથી. તે વખતે સાધારણ ખારૂં લાગે તેટલું મીઠું નાખેલું પાણી વાટકીમાં ગરમ કરી તેની અંદર એક ચમચી ઘી નાખીને ચા જેવું ઊનુંઊનું પાવું. દરદી પીને સૂઇ જશે; પછી ખાંસી નહિ આવે.

બચ્ચાંને ગાલપચોળાં અથવા લાપોટિયાં (અંગ્રેજીમાં જેને મમ્પ્સ નામનો રોગ કહે છે તે) થાય ત્યારે પણ આગળ જણાવ્યા પ્રમાણે મીઠાની ખીરનો પાટો બાંધવો, અથવા દૂધમાં ખૂબ મીઠું નાખી જાડું રાબ જેવું ઘટ્ટ બનાવવું અને તે ચોપડવું. બીનાસ્રકું ચોપડયા કરવાથી આરામ થશે. ગળું દુખવા આવે અથવા ગળશુંડો થાય કે કાકડો વધ્યો હોય ત્યારે પણ ગળાની બહાર આ મીઠાની ખીર બાંધવી અથવા ચોપડવી.

ઘણીવાર ગળામાં બંને બાજુની ગાંઠો ફૂલી (ટૉન્સિલાઇટિસ થઇ) આવવાની ઘણાની હમેશની પ્રકૃતિ હોય છે. કોઇને ઘણીવાર વચ્ચેનો કાકડો ફૂલે છે. ત્યારે ગ્લિસરિન ટૅનિકની શોધમાં પડવાની જરૂર નથી, તેમજ કાકડો કપાવવા માટે સર્જનને શોધવા જવાની પણ જરૂર નથી. માત્ર થોડું મીઠું બારીક લસોટી આંગળી ઉપર લઇ ગળાની બંને ગાંઠો (ટૉન્સિલ્સ) ઉપર થોડુંથોડું દાબવું અને લાળ ગળતી મૂકવી. કાકડો વધ્યો હોય તો થોડું કાકડા ઉપર લગાવી કાકડો ઉપર દબાવવો અને લાળ ગળતી મૂકવી; અથવા મીઠાનું પાણી કરી સમાઈ શકે તેટલું મોઢામાં ભરી પંદર મિનિટ સુધી નીચું જોઇને બેસી રહેવું. અકળામણ થાય ત્યારે કાઢી નાખવું. આથી પણ દરદ મટી જશે; અથવા ઓછું તો જરૂર થશે.

દાંત દુખવાની ટેવ હોય કે સડવા માંડયા હોય તો હમેશાં, જેટલી વખત ખાવામાં આવે કે ચા જેવું પીણું પીવામાં આવે તેટલી વાર, મીઠું ચાવીને કોગળા કરવા. આથી દરદ નહિ થાય અને દાંત સારા રહેશે. પછી આગળ ઉપચાર લેવા.

કોઇક વાર આધાશીશી ચડે (અરધું માથું દુખવા આવે) ત્યારે માથું લટકતું રાખીને નાકમાં મીઠાના પાણીનાં ટીપાં નાખવાથી દરદ મટી જાય છે. ઘણાં ચામડી પરનાં દરદોમાં ડૉકટરો દરિયાના પાણીથી નહાવાની ભલામણ કરે છે. તેવાં બધાં દરદોમાં નહાવાના પાણીમાં મીઠું નાખીને સ્નાન કરવાથી ફાયદો થાય છે.



ઘણાં માણસોને કબજિયાતનું હમેશનું દરદ હોય છે. તેઓ

રાત્રે થોડું મીઠું નાખીને ટમ્બ્લર ભરીને ઊનું પાણી પીએ અને સવારમાં પણ પીએ તો કબજિયાતની ફરિયાદ ધીમેધીમે દૂર થઇ જાય છે.

ઘણાના પેટમાં મળ સૂકો પડી ગાંઠા થઇ જાય છે. તેવાં માણસો જમતાંજમતાં અરધો ખોરાક ખાધા પછી, બેઆનીભાર મીઠું, અઢીથી ત્રણ રૂપિયાભાર ભાત અને અરધાથી એક રૂપિયાભાર ઘી સાથે મેળવીને ખાઇ જાય; પછી બાકીનો અરધો ખોરાક પૂરો કરે. થોડા દિવસ તો આવો મીઠાવાળો ભાત ભાવતો નથી. તે વખતે થોડું ખાટું લીંબુ અંદર નીચોવે તો ભાવે. આ ઉપાયથી ઘણાની કબજિયાતની ફરિયાદ દૂર થઇ છે.

ગાંઠ, બદ અને બીજા સોજા ઉપર તેમજ શ્વાસ, ન્યૂમોનિયા અને પેટના શૂળ ઉપર તથા પેટ ચડવા ઉપર મીઠાની પોટલીનો શેક કરવાનો રિવાજ તો જાણીતો છે. મીઠા પછી આપણા રસોડાની બીજી જાણીતી દવા તે હળદર છે. તેની વાત હવે પછી.

અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણી

આ અંકના પૂઠા પરનું ચિત્ર

જે ભાઇનું છે તે વ્યાયામવિશારદ ભાઇ બાળારાવ, વડોદરાના લક્ષ્મીનાથ વ્યાયામશાળાના કુલપતિ શ્રી માણિકરાવજીના ભાણેજ થાય. મામાની છાયામાં રહી તેણે વ્યાયામના સર્વ પ્રકારોમાં સંપૂર્ણ કુશળતા મેળવી છે. વ્યાયામમાં આગળ વધનારા બુદ્ધિમાં પાછળ હોય છે એ લોકવાર્તા તેણે ખોટી પાડી છે. ઇન્ટર સાયન્સ પૂરી કરી ચૂકેલા ૧૮ કે ૧૯ વર્ષની વયના એ યુવાનને તમે જુઓ. તો દેશનો નમૂનેદાર વિદ્યાર્થી કેવો હોય તેનો ખ્યાલ મળે. સુંદર ચકચકિત દંતપંક્તિઓમાંથી ઝરતું નિર્દોષ મધુર હાસ્ય, અંગેઅંગમાં ચપળતા અને બળનો આવિર્ભાવ, શિસ્ત અને સંયમથી વ્યવસ્થિત બનેલી દેહયષ્ટિ કોઇને પણ તેના પ્રતિ ભાવ ઉપજાવે.

મલખમના વ્યાયામમાં તો તે અદ્‌ભુત કુશળતા ધરાવે છે; અને એ સિદ્ધિના બળે લકડીદાવમાં અથવા તલવાર કે ખંજરના દાવમાં એ જે ચપળતા દાખવી શકે છે તે વિરલ લાગે છે.

શિસ્તપાલન અને સહિષ્ણુતામાં તેની પરીક્ષા એક વખત થઈ હતી. વ્યાયામશાળાના એક ઉત્સવ-દિને મેળાવડામાં તે ગુરુજીની સાથે તલવારના દાવમાં ઉતર્યો. માણિકરાવજીએ દાવ કરી બેઉ તલવાર વચ્ચે બાળારાવનો હાથ દબાવ્યો અને તલવાર છોડવી. અજાણતાં તે વખતે બાળાની હથેળીમાં તલવારના દબાણથી કાપ પડ્યો; પણ બહાદુર જુવાન તે વિષે ચુંકારો યે ન કરતાં બાજુ જઈ ઉપર ખિસાનો રૂમાલ બાંધી બીજા પ્રયોગોમાં હાજર થયો. બધો કાર્યક્રમ ખલાસ થયા પછી જ એ લોહી નીતરતો રૂમાલ સૌની નજરે પડ્યો.

ભાઈ બાળારાવે ચોરવાડના વ્યાયામવર્ગોની સેવામાં પોતાની આખી વૅકેશન આપી હતી અને પોતાની હાજરીથી તેણે અનેક વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. તેના સૌજન્યથી સૌ તેને યાદ કરશે. ચોરવાડના પ્રસંગોની યાદગીરી તરીકે શેઠ જીવનલાલભાઇએ તેને એક ઘડિયાળ ભેટ આપ્યું હતું.



ચોરવાડનો દરવાજો

ચોર—આ કેસ પાર ઉતરતાં કેટલો વખત લાગશે?

વકીલ—મને તો બેએક અઠવાડિયાં લાગશે; પણ ગુનોહ ઘર ફાડવાને લગતો હોઇને તમને ચારેક વર્ષ લાગશે.

ઝ

કુમુદ, તને એક નાનું અને એક મોટું એમ બે જામફળ આપ્યાં હોય અને તેમાંથી એક તારા ભાઇને આપવાનું કહે તો કયું જામફળ ભાઇને આપે?

કુમુદ—પણ પહેલાં મને જવાબ આપો કે મારા નાના ભાઇને આપવાનું કે મોટા ભાઇને?

ઝ

બચુ—કાકા! આજે તો અમે ખૂબ ખાધું, પણ ધરાયાં જ નહિ. કાકા—વળી એવું તે શું ખાધું?

બચુ—છીંક ખાધી, બગાસું ખાધું, ઉધરસ ખાધી, થાક ખાધો, રાવ ખાધી, ઠપકો ખાધો, પણ ધરાયાં જ નહિ.

કાકા—એમ? ત્યારે તો આ બબલી કહે છે કે એણે ખુબ માર્યાં પણ કોઇને વાગ્યું જ નહિ.

બચુ—એ શું વળી?

કાકા—શું કેમ વળી? મટકાં માર્યાં, ગપ્પાં માર્યાં, આંટા માર્યા, વલખાં માર્યાં..., પણ કોઇને વાગ્યું જ નહિ, ને!



રખડુ ટોળી

અજાણ્યા પ્રદેશના પ્રવાસની અદ્‌ભુત સાહસભરી કહાણી

ડૉ. નીલ નામનો શિક્ષક પોતાની સ્વતંત્ર શાળાનાં પાંચ નાનકડાં બાળકોને આ વાર્તા કહે છે. ગૂંથણી એવી કરે છે કે એ પાંચ શિષ્યોને જ વાર્તાનાં પાત્રો બનાવી પોતે નાયક બને છે. ઉપરાંત સાતમું પાત્ર પીકૅફટ નામનો એક કરોડપતિ અમેરિકન છે. નીલે શોધેલી વૈજ્ઞાનિક સાધનોથી ભરેલી એક અદ્‌ભુત કાચની મોટરમાં ઊડીને સૌ બ્રાઝિલનાં ભયાનક જંગલોના પ્રવાસે નીકળે છે. ત્યાંના હજી કદી ન શોધાએલા એવા અગમ્ય પ્રદેશમાં જવા માટે ઍમેઝોન નદીના મૂળ તરફ ઊડતાંઊડતાં રસ્તે તેમને પૅટોમન નામના જંગલીઓ મળે છે. તે સરળ સ્વભાવના હોવાથી તેમને સુધારવાના પ્રયત્નો કરવા માટે ત્યાં રોકાઈ તેમની ભાષા વગેરે જાણે છે.

એવામાં ત્યાં સોના ને કોલસાની ખાણો મળી આવતાં તેઓ જંગલીઓને ધાતુની ચીજો ઢાળતાં શીખવે છે. પણ ઉપયોગી ચીજો ઢાળવા માટે તેઓ લોઢાની ખાણની શોધમાં નીકળે છે. એટલામાં દૂરથી કોઇ લશ્કર આવતું દેખાવાથી તેની માહિતી મેળવવા તેઓ પૅટોમન રાજાને બોલાવી લાવે છે. પોતાના કટ્ટા દુશ્મન રાજા અમાઝનું લશ્કર જોતાં પૅટોમનનાં હાંજા ગગડી જાય છે. મુસાફરો મિત્રરાજાને મદદ કરવા તૈયાર થાય છે ને અમાઝને પાછા ફરવાનું કહેવડાવે છે, પણ અમાઝ ઉદ્ધત જવાબ સાથે આગળ ધપે છે. તેમને અટકાવવા તેઓ કારમાંથી બૉમ્બ ફેંકે છે, અને ઘડી પછી થનારી તેમની કફોડી સ્થિતિ માટે શોચ અને દયા ખાતા તેઓ આંખ મીચી પડી રહે છે.

ભડાકો કાન ફાડી નાખે એવો થયો. જેક્રે નીચે જોયું તો તેણે મુખીને જમીનદોસ્ત થએલો ભાળ્યો. તેના ચાર અમલદારોનાં મુડદાં પણ પાસે પડ્યાં હતાં. બાર જણ ઘાયલ થયા હતા. આ અવાજ અને દૃશ્યથી લશ્કર પાછું હટ્યું હતું. પણ થોડી વારમાં એ જગ્યાએ એક જુવાન માણસ દોડતો-દોડતો આવ્યો. તે અમાઝ પાસે ધસી ગયો અને તેને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. પણ જ્યારે તેને માલૂમ પડ્યું કે તે ખરેખર મરી ગયો છે ત્યારે તેણે તેને હળવેથી નીચે મૂકી દીધો. પછી તે તેની પાસે ઘૂંટણીએ પડ્યો અને બંને હાથે ધરીને કુહાડી ઊંચે પકડી રાખી, મોટા અવાજે પ્રાર્થના કરતો હોય એમ કંઇક બોલતો જણાયો.

પૅટોમન રાજાએ કહ્યું, 'આ એનો કુમાર છે. અમાઝનો સૌથી મોટો દીકરો, અને હવેનો નવો રાજા.'

હેદગાએ પૂછ્યું, 'શું એ પોતાના પિતાના આત્મા માટે પ્રાર્થના કરે છે?'

બીનાંબીનાં પાટોમને કહ્યું, 'તે પ્રાર્થના નથી કરતો. તે મારા ઉપર વેર લેવાના સોગંદ ખાય છે. તે બોલે છે કે મારા ગામનો એક પણ જીવ જીવતો નહિ રહેવા દઉં.'

નવો રાજા ઊભો થયો, લશ્કરને આગળ વધવા હુકમ છોડ્યો અને પોતે લશ્કરને મોખરે આગળ ચાલ્યો.

ડોનલ્ડે ડેરિકને બીજો બૉમ્બ હાથમાં આપતાં કહ્યું, 'આમ દરેક નવા રાજાને આપણે ક્યાં સુધી બૉમ્બથી ઉડાવતા જઇશું? એમાં તો એક પછી એક રાજા થતા જશે, પણ આપણી પાસે એટલા બૉમ્બ જ ક્યાં છે? ચાલો આપણે લશ્કરની સામે જ જઇને મોરચો માંડીએ.' આ દરખાસ્ત સૌને ઠીક લાગી.

આગળ વધતા લશ્કરની સામે ત્રણ માઇલ દૂર જઈ મોટરોએ પડાવ નાખ્યો. અમાઝ રાજાના છોકરા નોલાએ જેવી સામે પડેલી કારોને જોઇ કે તરત હલ્લો કરવાને તેણે લશ્કરની હાર ગોઠવી. આખું મેદાન માણસોથી કાળુંકાળું થઈ ગયું.

આ દરમ્યાન કારવાળાઓએ પોતાના બચાવની ગોઠવણ કરી લીધી. ડેરિક અને ગિલ્બર્ટે છાપરા

પરની મશિનગનો સંભાળી, ડૉનલ્ડ અને હેલ્ગા પાછ-ળની મશિનગનો સાચવીને બેઠા અને જેક્રે તથા નીલ આગળની મશિનગનો પર ગોઠવાયાં. પૉકેટ રિન્ગિંગથી આગેવાનોને ઉડાડવાનું માથે લીધું.

હોકાર કરતું નોલાનું લશ્કર આગળ ધપ્યું. બા-ળકોને જોકે કારનું રક્ષણ હતું, છતાં ક્ષણભર તો આ ધસ્યા આવતાં ઝનૂની લશ્કરને જોઇ તેમના મોં ફિક્કાં પડી ગયાં. પણ પછી તો ટર્‌ર્‌ર્‌ર્‌ર્‌ર્‌ર્‌ર. . . . મશિનગન ચાલી.

પણ એ ભયંકર ખૂનરેજીનું વર્ણન કરવાની જરૂર રહેતી જ નથી. એ કાંઇ યુદ્ધ નહોતું. ત્યાં તો કેવળ કસાઇખાનું ચાલતું હતું. માત્ર જે થોડા જંગલીઓ બચ્યા તેઓ કાર ઉપર ધસ્યા, પણ ત્યાં તો વીજળીના તારથી ભસ્મ થઇ હેઠે પડ્યા. કેટલાક નાસી છૂટ્યા.

હજી યે એ ભયંકર દિવસને સંભારતાં તેમને ત્રાસ છૂટતો. કદાચ વાતેવાત નીકળતાં એ યાદ આવી જાય તો હજી તેમને કમકમાં આવે છે. અને તે વિશે કહે છે કે 'ખરેખર, એ ખુનામરકી જ હતી. પણ બીજું થાય પણ શું? અમારે તો આખરે મિત્રોને બચાવવા હતા.'

ભાગતા દુશ્મનોની પાછળ પોતાનાં માણસોને મોકલવાની રાજા પૉટોમનને મરજી થઇ, પણ આ મુસાફર બાળકોએ આજીજી કરી તેને તેમ કરતાં રોક્યો અને કહ્યું, 'તેમને જવું હોય તો ભલે જાય. હવે પછી બીજું કંઇ તોફાન ન કરે એટલે બસ.' પછી તેમણે ઘાયલ થએલાઓને સાથે લઈ લેવા રાજાને કહ્યું. કે જેથી તેમની સારવાર થાય. આ સાંભળી પૉટોમનને ખૂબ નવાઇ લાગી. ઘાયલ દુશ્મનને જતો કરવો એટલું જ નહિ પણ ઊલટી તેની સારવાર કરવી એ વાત તેનાથી સમજાઇ જ નહિ. તેણે કહ્યું, 'અમારા જેવી બધી જાતોમાં દુશ્મનોને મારી નાખ-વાનો જ રિવાજ છે. જો અમે એમને જતા કરીએ તો સાજા થઇ ઊલટા તેઓ અમને જ મારે.'

છતાં તેણે હુકમ આપ્યો ને ઘાયલ લોકોને છાવણી-માં લાવવામાં આવ્યા. હેલ્ગાની સૂચના નીચે સૌની સારવાર થવા લાગી. ઘાયલ થએલાઓમાં ખુદ નોલો પણ હતો. સાથળમાં બંદૂકની ગોળી વાગવાથી તે જખમી થયો હતો. રાજા પૉટોમને એને માટે એક ખાસ ઝુંપડું આપ્યું અને એક રાજાના મોભાથી એને માનપૂર્વક રાખવામાં આવ્યો. છતાં નોલાએ આભારની લેશમાત્ર લાગણી દર્શાવી નહિ. ઊલટો ખિજાઇને તે બગડ્યો, 'ધોળા લોકોના હથિયારથી હું ઘવાયો.'

ગિલ્બર્ટ એની સાથે વાત કરવા ગઇ. તે બોલી, 'હં, હવેથી તું અહીં આવતાં વિચાર કરીશ. અમારી પાસે તારાં હથિયારો કરતાં વધારે સારાં હથિયારો છે.'

[**વચ્ચે વાતચીત**

જેક્રે: 'નીલ, આપણે આ લડાઈમાં કેટલાને મારી નાખ્યા?'

'વીસ હજારને મારી નાખ્યા અને ચાલીસ હજા-રને ઘાયલ કર્યા.'

ડૉનલ્ડ: 'જેઓ નાસી છૂટ્યા તેમની પાછળ આપણે પડવું જોઈતું હતું, અને નોલાને પણ ઠાર કરવો જોઇતો હતો. નહિતર સાજો થઇને ઘેર જશે એટલે પાછો વધારે લશ્કર એકઠું કરી લડવા આવશે.'

જેક્રે: 'હું પણ એમ જ ધારું છું. નીલ હમેશનો મૂર્ખો જ રહ્યો. હમેશ આવી રીતે દુશ્મનોને જવા દે છે; પછી જ્યારે આપણે તૈયાર નથી હોતા ત્યારે તેઓ આવીને આપણા પર હલ્લો કરે છે જો એ પાછો ન આવે ને કારની ચોરી ન કરે તો ૧૦,૦૦૦ પાઉંડ હું હારૂં.'

ડેરિકે આનંદથી બૂમ પાડી, 'એ નીલ, ત્યારે એની પાસે કારની ચોરી ન કરાવતો!'

મેં કડકાઈથી કહ્યું: 'આ વાર્તા તમે કહો છો કે હું?']

વાર્તા

નોલાએ ગિલ્બર્ટને જવાબ આપ્યો. 'તું બહુ ખૂબ-સૂરત છો, અને હું તને ચાહું છું. તું મને પરણ તો હું વચન આપું કે ફરીથી પૉટોમન લોકો ઉપર કદી પણ હુમલો આણું નહિ.'

શાંતિથી ગિલ્બર્ટે કહ્યું, 'હું બીજાને ચાહું છું.'

[**વચ્ચે વાતચીત**

ગિલ્બર્ટ: 'કોને? કહે જોઇએ; કહેતો? તું ધારતો હોઇશ કે તને? ના રે; તારા જેવા બુઢ્ઢા ખખને હું ચાહું કેમ? તું તો મારા બાપ કરતાં યે ઘણો મોટો લાગે છે. તારા ઉપર હું મોહિત છું એમ માને છે? તને પરણું એના કરતાં તો હું નોલાને જ પરણું. નહિ હેલ્ગા? ધોળા વાળ, ને રાતા પડી ગએલા તારા દાંત. છી, તને તે કોણ પરણે!'

જેક્રે: 'બાઇ અમને વાર્તામાં ચાહવા બાહવાનું નથી જોઇતું. એ બધી મૂર્ખાઈ છે.'

મેં કહ્યું, 'તો તો પછી આ સુંદર મધુરી ગિલ્બર્ટને આપણે ઘેર જ રાખવી જોઇએ.'

ડૉનલ્ડ: 'અથવા કાળા સાથે ભલે એ પરણે; પછી આપણે એની કાશ મટી.'

મેં પૂછ્યું, 'આ સૌની ખાતર તું કાળા રાજાને

પરણીશ, ગિલ્બર્ટ ?'

ગિલ્બર્ટે દાંતિયાં કર્યાં ને કહ્યું, 'હા, જો તું એ કાળા રાજાની બેનને પરણે તો ?'

મેં ના પાડી ને વાર્તા આગળ ચલાવી]

વાર્તા

ગિલ્બર્ટે નોલાને તેની સાથે પરણવાની ના પાડી કે નોલા તો ગુસ્સાથી રાતોપીળો થઈ ગયો. તેનું મોં ચડી ગયું. તે પછી કદી કોઇની સાથે તે બોલતો જ નહિ. આખરે તે સાજો થયો ને ઘેર જવાનો દિવસ આવ્યો. તેણે ગિલ્બર્ટને મળવાની મરજી બતાવી. તેણે ગિલ્બર્ટને કહ્યું, 'એક દિવસ હું લશ્કર લઇને તારે માટે આવીશ.'

ગિલ્બર્ટ જો ભવ્ય અદ્‌ભુત છોકરી ન હોત તો તેણે આ નોલાની ધમકીની વાત સૌને કહી હોત. પણ ખરીરીતે તો એ સાંભળતાં તેના ગાલ પર શરમના શેરડા પડ્યા ને તે હસી. મનમાં ને મનમાં એ મલકી. એના મનમાં કંઇક એવું પણ થયું કે લશ્કર લઇને પોતાને લેવા તે પાછો આવે તો સારૂં.'

અને તે સ્વગત ગણગણી, 'હાં, એ જરા કાળો તો છે; પણ ગમેતેમ તો યે એ જરા સંસ્કારી પણ છે.'

[**વચ્ચે વાતચીત**

મેં કહ્યું, 'હવે અહીં અટકીએ. આ પ્રકરણ અહીં પૂરૂં. જરા કરુણાન્ત તો ખરૂં.'

ડેરિક: 'હાસ્તો, કેટલાં યે લોકો મરણ પામ્યાં.'

જેફ્રેએ કહ્યું: 'હું એનો વિચાર નહોતો કરતો. હું તો ગિલ્બર્ટના લગ્નના વિચારમાં પડ્યો હતો કે પછી શું થયું? એ પેલા જંગલી સાથે ભાગી ગઇ કે શું?'

હેલ્ગાએ બચાવ કરતાં કહ્યું,' હું નથી માનતી કે એણે એમ કર્યું હોય.'

ગિલ્બર્ટ જાણે સમજતી હોય એમ હસીને બોલી, 'નીલે વાર્તામાં આવું શું કામ આણ્યું એનું કારણ કહું? સવારે મારી પાસે ચાકલેટ હતી તે નીલ કહે, મને કટકો આપ અને મેં ન આપ્યો. જો હું વાર્તા કહેતી હોત તો જરૂર મેં ઘરડા નીલને માણસખાઉ કરકબાઇ સાથે પરણાવ્યો હોત.'

મેં કહ્યું: 'મારી એવી દરખાસ્ત છે કે આ વાર્તા હવે ગિલ્બર્ટ જ આગળ ચલાવીને પૂરી કરે.'

જેફ્રેએ બૂમ પાડી:'ગિલ્બર્ટ,' ને એ ધિક્કારથી હસ્યો.

ગિલ્બર્ટે કહ્યું;'એમ ધારે છે કે હું વાર્તા પૂરી ન કરી શકું ? જો સાંભળ, એ પછી તેઓ ત્યાં રહીને થાકી ગયાં અને ઘેર ઉપડ્યાં. પણ નીલે બીયર ઠીક ઠાંસ્યો હતો એટલે તેનું માથું ભમવા લાગ્યું. તે કાર બરાબર ચલાવી શક્યો નહિ. કાર ઝાડ સાથે અથડાઇ અને ડેરિક, જેફ્રે ડોનલ્ડ, પીર્કફટ અને નીલ પોતે, બધાં ય મરી ગયાં. માત્ર હું અને હેલ્ગા સહીસલામત ઘેર આવ્યાં.'

તિરસ્કાર સાથે ડેરિકે કહ્યું, 'હં ! પણ નીલે બીયર કાઢ્યો ક્યાંથી ?'

ગિલ્બર્ટે ખુલાસો કર્યો: 'કારમાં જ હતો, તું એમ ધારે છે કે નીલ બીયર વિના મુસાફરીએ નીકળે?'

ડોનલ્ડે કહ્યું, 'પણ વાર્તામાં નીલે કદી પણ બીયર પીવાની વાત કીધી નથી.'

મેં કહ્યું: 'જુઓ, તમે યાદ લાવશો તો સાંભરશે કે પહેલવહેલા મુસાફરીએ નીકળતી વખતે ચીજો સાથે લેવાની જે યાદી કરી હતી તેમાં ગિલ્બર્ટની યાદીમાં નીલને માટે બીયર હતો.'

ગિલ્બર્ટે ડોકું ધુણાવીને કહ્યું, 'હા, એ જ બીયર કારમાંથી નીલે પીધો તે. મારા મનમાં એમ હતું કે જો સાથે બીયર લઇએ તો નીલ તે પીને ભાન ભૂલશે અને કાર પાછી નીચે ગબડી જશે.'

સમંતિ દર્શાવતો હોઉં તેમ મેં તેના સામે જોયું ને કહ્યું, 'ખરેખર વાર્તા કહેનારના ઉત્તમ ગુણો ગિલ્બર્ટમાં છે. એ સ્વભાવથી જ જૂઠી છે. લાગણી જેવું તો એનામાં કશું જ નથી. પ્રકૃતિથી એ વિનોદી છે, કાં તો ઉત્તમ નવલકથાકાર થાય અથવા તો ભશડી તોફાની થાય. મને તો લાગે છે બંને વસ્તુ એનામાં છે, કારણકે દરેક નવલકથાકાર જન્મથી ભશડી જ હોય છે. તિરસ્કાર સાથે ગિલ્બર્ટ ત્યાંથી ઊઠી. ચાલો અહીંથી ઊભાં થઇએ; ભાઇએ આદરી છે બધી માનસ-પૃથક્કરણની પડચ.'

ત્યાં ઊભા થઇને બધાં ચાલ્યાં ગયાં.]

વાર્તા

સાહસિકોને તરત જ માલૂમ પડ્યું કે પૅટોમેન્સને પહેલી જરૂર તો બચાવનાં સાધનોની છે. તેમને એકાએક સુધારાનાં સાધનો આપવાનો કંઇ અર્થ નથી. જંગલીઓની એકાદ પાડોશની જાતિ ગમે તે ક્ષણે તેમના પર ચડી આવે અને તેમની આખી પ્રજાનો નાશ કરી શકે. રમતિયાળ જેફ્રેએ કહ્યું, 'આપણે એમને યુદ્ધ કરતાં શીખવવું જોઇશે.'

પીર્કફટ સુધારીને બોલ્યો, 'યુદ્ધ નહિ. આજના જમાનાની લડત એ યુદ્ધ નથી, એ તો માત્ર એક બીજાની ખુનામરકી છે. ફરક માત્ર સાધનોમાં. આમાં કૃત્રિમ મેઘગર્જના અને ભૂકંપથી વિનાશ કરવાનો છે. અરધો ડઝન મશિનગન અને બે પાંચ હજાર

બંદૂકો આપણે તેમને ભેટ આપીએ. એટલે એક પેઢી સુધી તેઓ તદ્દન સહીસલામત.'

આ વાત થયા પછી નીલ અને પીર્ક્ફક્ટ થોડા દિવસે હોમરમાં બેસી રાગો ગયા. રાગોમાંથી પીર્ક્ફક્ટે મશિનગન્સ અને રાઇફલો ખરીદ્યાં. બધો સરંજામ તેઓ કારમાં નાખી લાવી શક્યા નહિ, તેથી ડેરિક અને જેક્રૂએ બીજો આંટો ખાધો અને હજારો કારતુસો લઇ આવ્યા. રાગોના એક વર્તમાનપત્રના ખબરપત્રીએ કારમાં દારૂગોળો ભરાતો જોયો. બીજે દિવસે અમેરિકાના પેપરોમાં ખબર ઊડયા કે મધ્ય અને દક્ષિણ અમેરિકાનાં પ્રજાસત્તાક રાજ્યોએ પોતપોતાનું લશ્કર ભેગું કરવા માંડયું છે. એમને બીતિ લાગી હતી કે તુરતમાં એકાદ બળવો થશે.

પછી આ સાધનો વડે પૅટોમનનું લશ્કર કેવી રીતે ગોળીબાર કરતાં શીખ્યું હશે અને છાતી કાઢી નિશાન નાકતું હશે તેની આપણે કલ્પના કરી શકીએ.

એક દિવસ નીલ અને ડોનલ્ડ-પ્રૅક્ટિસ થતી હતી તે જોતા બેઠા હતા એટલામાં ત્યાં રાજા આવ્યો.

નીલે કહ્યું, 'હમણાં જ હું તમારો વિચાર કરતો હતો. વખતે રાજમાં અંદરઅંદર કંઈ તોફાન થાય તો લશ્કર તમને જ જોખમરૂપ થઇ પડે. ધારો કે તમારો ભત્રીજો કુમાર એકો તમારા રાજ્યથી અસંતોષ પામ્યો અને તેને મોટી પદવીની લાલસા જાગી.'

રાજા હબકી ગયો. તેણે કહ્યું, 'હેં? ના. એકો વફાદાર છે. હમેશ તે મને વફાદાર રહ્યા છે.' વળી ગભરાતાં તેણે નીલનો હાથ પકડ્યો અને પૂછ્યું, 'તમે કંઈ એવું સાંભળ્યું છે?'

નીલ હસ્યો ને કહ્યું, 'એમાં કાંઇ ગંભીર નથી. એ તો જરા કલ્પના હતી. એનો કશો વિચાર પણ ના કરતા. એના કરતાં કાંઇક વધારે અગત્યનું વિચારવાનું છે. ડોનલ્ડે એક સુંદર સૂચના રજુ કરી છે. એનું કહેવું એવું છે કે તમારા થોડાએક જુવાન માણસોને એકાદ સુધરેલા શહેરમાં લઇ જઇએ, અને ત્યાં તેમને આજની બધી નવીનવી બાબતો—સંચાકામ, ભાષાઓ વગેરે શીખવીએ.'

રાજાએ હર્ષથી કહ્યું, 'બહુ સરસ વિચાર છે ડોનલ્ડ.'

રાજા પૅટોમન ઉત્સાહવાળો માણસ હતો. બીજે દહાડે સવારે જ્યારે નીલ વગેરે આવ્યા ત્યારે કારની સામે છ જુવાનો ખડેપગે હાજર હતા.

ડેરિકે પૂછ્યું, 'કેમ? કેમ આવ્યા છો?'

'રાજાસાહેબે અમને આવવાનું ને જવાનું કહ્યું છે.'

જરા નિરાશથી ગિલ્બર્ટે કહ્યું, 'ત્યારે જાઓ.'

ડોનલ્ડે કહ્યું, 'ચૂપ ગિલ્બર્ટ. હું ધારું છું કે પેલા રાગો લઇ જવાના એ જ આ જુવાન માણસો છે. એમને ત્યાં લઈ જઇ ભણવા મૂકવા છે.'

ડોનલ્ડે ફરી પૂછ્યું, 'ત્યારે બોલો, તમારાં નામ શું?'

એમનાં નામ ઍટસી, મોર્સો, ઇંડુનો, ટુબેક લપ્ટા અને મુડસેક હતાં.

ગિલ્બર્ટ અંગ્રેજીમાં બોલી, આ છેલ્લો મુડસેક મને જરાય ગમતો નથી. એનો ચહેરો કેવો ખરાબ છે!'

હેલ્ગાએ કહ્યું, 'દુષ્ટ ચહેરો.' ત્યાં જેક્રૂએ કહ્યું, 'એમ તો ત્રીજો પણ ભરોસો રાખવા જેવો નથી.'

નીલે કહ્યું, 'ઓઈ, બસ કરો. જુઓ, પસંદ કરવાનું કામ આપણું નથી. રાજાએ આ છને પસંદ કર્યા છે. આપણું કામ એ નથી કે રાજા પાસે જઇએ ને કહીએ કે અમને એમના ચહેરા ગમતા નથી! આપણા ચહેરા એમને ગમતા હશે એની શી ખાત્રી?'

પીર્ક્ફક્ટે કહ્યું, 'સાંભળો, સાંભળો! એવું પણ દુનિયામાં છે કે ઘણા કુરૂપ ચહેરાની પાછળ સુંદર હૃદય છુપાએલું હોય છે.' અને આમ કહીને તેણે જેક્રૂ તરફ આંગળી ચીંધી. જેક્રૂનો ચહેરો લાલચોળ થઈ ગયો.

ગિલ્બર્ટે હળવેથી કહ્યું, 'જુઓ તો, જેક્રૂ ખિજાયો છે.' અને સાચે જ આ સાંભળીને જેક્રૂનું મોં ઊતરી ગયું. તે ભોંઠો પડી ગયો.

[**વચ્ચે વાતચીત**

ગિલ્બર્ટે બૂમ પાડી કહ્યું, 'જુઓ તો, જેક્રૂ કેવો લાલ-લાલ થઈ ગયો છે.' બીચારો જેક્રૂ મૂંઝાઇ ગયો.

ગિલ્બર્ટ બોલી, 'તમે કહો એટલી વાર એને રાતોચોળ કરી દઉં. મને ખીજવતાં બરાબર આવડે છે. પણ હું તો કદી લાલચોળ થાઉં જ નહિ. કેવું સરસ!'

નીલ: 'શું સરસ ધૂળ? ઊલટાં કમનસીબ. માણસ કદી લાલચોળ પણ ન થઈ શકે? અરેરે!'

ડોનલ્ડે ભવાં ચડાવી કહ્યું, 'ઓહ... હવે આગળ કહેશો? કે બસ વચ્ચે આવી લપ લઇને જ બેસશો?']

વાર્તા

આખરે એમ ઠર્યું કે એ છયે જણને લઇને ડોનલ્ડે રાગો ઊપડવું. જિંદગીમાં પહેલવહેલું જ આ વખતે

ડૉનલ્ડને એકલા જવાનું હતું, એટલે તે મનમાં ને મનમાં ખૂબ મલકાતો હતો. પણ હવે મુશ્કેલીની વાત એ આવી કે પેલા ૭ ભાઈબંધોને પહેરવાને કપડાં જ ન હતાં.

હેલ્ગાએ કહ્યું, 'સુધરેલા શહેરમાં આવાં ૭ નગ્ન માણસોને ન લઈ જવાય.'

ડૉનલ્ડે કહ્યું, 'છે, એનો ઉપાય મારી પાસે છે.'

સાચે જ ડૉનલ્ડની યોજના સારી હતી. તેણે રાયો પહોંચીને મોટરને ગામ બહાર નીચે ઉતારી, અને તેનાં ઉડવાનાં પ્રોપેલર કાઢી નાખીને ઊડતી મોટરને સાદી કાર બનાવી દીધી. પછી પડદા પાડી નાખી મોટરને તેણે બજાર વચ્ચે લીધી અને દરજીની દુકાને જઈ ૭ જણને માટે ૭ જોડ તૈયાર કપડાં ખરીદ્યાં. ૭ પહેરણ, ૭ પાટલૂન, ૭ કૉલર, ૭ ટાઇ વગેરે વગેરે. આ જંગલી લોકોને બટન અને કૉલર બીડતાં શીખવતાં તેને ભારે માથાકૂટ કરવી પડી. આખરે જેમતેમ કરીને તેમનાં શરીર ઉપર લૂગડાં તો ચડાવ્યાં. કંઇ નહિ તો ગામમાં હરીફરી શકે તેવા તેઓ થયા.

હવે વળી બીજી મોટી મુશ્કેલી એ ઊભી થઇ, કે ઊતરવું કોને ઘેર?

ડૉનલ્ડ બ્રિટિશ કૉન્સલ પાસે ગયો ને તેને બધી વાત કરી. કૉન્સલે એક શાંત લત્તામાં તેને મકાન બતાવ્યું. અહીં આ મંડળીએ ઉતારો કર્યો. આ નવી પરિસ્થિતિમાં આ બીચારા જંગલીઓની કેવી વલે થઇ હશે તેની તમે ફક્ત કલ્પના જ કરી લેજો. બીચારાઓએ બાપગોતર પલંગ જોએલા નહિ; છરી અને કાંટા કદી ભાળેલ નહિ; બારી અને નીસરણી પણ પહેલવહેલાં અહીં જ જોયાં. બીચારાઓ ડગલે ને પગલે ગભરાતા હતા. પ્રત્યેક પળ ગભરામણની જતી હતી.

ગોઠવણ એવી હતી કે ડૉનલ્ડે આ લોકોને રાયોમાં મૂકીને તરત પાછા વળવું અને પછી ધીરેફેરે જઇ તેમના ભણતરની વ્યવસ્થા કરવી. પણ કોણ જાણે શું બન્યું કે ડૉનલ્ડને પાછાં ફરતાં બહુ જ વાર થઇ. એની ગિરમંડળી ચિંતા કરવા લાગી. જેકૂએ બીકથી કહ્યું, 'હું ધારું છું કે એ લોકોએ એને મારી નાખ્યો ને કારને ઉપાડી ગયા.' ડેરિક આ સાંભળી તરત ફિક્કો પડી ગયો.

એક અઠવાડિયું ચાલ્યું ગયું, બે અઠવાડિયાં પસાર થઇ ગયાં, પણ ડૉનલ્ડનો કંઈ પત્તો લાગ્યો નહિ. ડેરિકે કહ્યું, 'આ ઢીલ તો હવે નથી ખમાતી. આપણે તો ઉપડવાના એની શોધમાં.' [ચાલુ]

ગમે તેવડી લાંબી રકમના

દોઢાંના ગુણાકાર તથા ભાગાકાર

ઝડપથી અને સહેલાઇથી કરવાની રીત

કોઇ રકમને જ્યારે દોઢે ગુણવી હોય ત્યારે આપણે ત્રણ વડે ગુણીને બે વડે ભાગીએ છીએ; અને ભાગવી હોય ત્યારે બે વડે ગુણીને ત્રણ વડે ભાગીએ છીએ. પણ એ કરતાં વધારે સરળ રીત નીચે આપી છે.

એક દાખલો લો: ૫૬૯૮ × $\frac{3}{2}$. આપણે દોઢાં શીખ્યા છીએ તેનો ઉપયોગ કરીને સીધેસીધો દાખલો આમ થાય: આઠ દોઢે બારનો બગડો, વિદ્યા એક. પણ આઠની પહેલાં નવડો છે, માટે તેને દોઢે ગુણતાં સાડા તેર થશે. આ દશકની જગ્યાએ $\frac{1}{2}$ તે એકમની જગ્યાએ પાંચ બરોબર થાય. એટલે શરૂઆતમાં જ આમ ગણવું: આઠ દોઢે બાર અને આગલી એકી રકમનાં પાંચ મળી સત્તરનો સાતડો વિદ્યા આવી એક. આમ જ્યારેજ્યારે આગળનો આંકડો એકી હોય ત્યારે તે પછીના આંકડાને ગુણકથી ગુણતી વખતે જ પાંચ ઉમેરી દેવા. પછી નવ દોઢે સાડા તેરના તેર ને વિદ્યાનો એક મળી ચૌદનો ચોગડો ને વિદ્યા એક. પછી છ દોઢે નવ ને વિદ્યાનો એક તથા આગળની એકી રકમ (પાંચડા)ના પાંચ મળી પંદરનો પાંચડો ને વિદ્યા એક. પછી પાંચ દોઢે સાડા સાતના સાત ને વિદ્યાનો એક થઇને આઠ. માટે જવાબ ૮૫૪૭. મેળવી જુઓ; ખરો છે ને?

આમ ઉદાહરણમાં તો બહુ લંબાણ લાગે છે. પણ મોટા ગુણાકાર કરતી વખતે, મહાવરો પડી ગયા પછી, હમેશની રીત કરતાં આ રીત વધુ સરળ પડશે.

હવે ભાગાકાર. દાખલો: ૮૫૪૭ ÷ $\frac{3}{2}$. ગુણાકારમાં જેમ અમુક જગ્યાએ એકી સંખ્યા હોવાને કારણે $\frac{1}{2}$ આવે તો તેને માટે તેની પછીના આંકડામાં પાંચ ઉમેરીએ છીએ, તેમ અહીં હવે ભાજ્યમાં અમુક જગ્યાએ એકી સંખ્યા હોય અને ચાર ઉપરનો આંકડો હોય તો તેમાંથી પાંચ બાદ કરી તેને માટે આગલા આંકડામાં $\frac{1}{2}$ ઉમેરીને પછી જ ભાગાકાર કરવો. એવી રીતે ૮ના ૮$\frac{1}{2}$ થાય અને ૫ ની જગ્યાએ ૦ રહે હવે ૮$\frac{1}{2}$ને દોઢ વડે ભાગો. ભાગ ચાલ્યો પાંચે. પાંચ દોઢે સાડા સાત ને શેષ ૧. તેના ઉપર ૦ ઉતારવાથી થયા ૧૦. ૬ દોઢે નવ. શેષ આવી ૧. હવે ચાર પછીનો આંકડો તે પાછો એકી આવે છે; માટે તેમાંથી પાંચ બાદ કરી સાતની જગ્યાએ ૨ રાખીને ૪ × $\frac{1}{2}$ નીચે ઉતારવા એટલે થયા સાડા ચૌદ. ભાગ ચાલ્યો નવે: નવ દોઢે સાડા તેર શેષ વધી ૧. તેના ઉપર સાતમાંથી પાંચ જતાં વધેલા બે ઉતારતાં થયા બાર. આઠ દોઢે બાર. માટે ૫૬૯૮ જવાબ.

વધારે બુદ્ધિવાળા વિદ્યાર્થીઓ આમાંથી સવા ને અઢીના ગુણાકાર કે ભાગાકાર કરતાં શીખી લેશે.

શામજી લવજી આલગિયા



દાદાની તલવાર

કોઈને ખબર નહિ કે અમે મેડીએ ક્યારે ચડયા. જ્યારે નીસરણીએ પગ મૂકીએ કે ઘરમાંથી કોઈને કોઈ કહેતું જ કહેતું: 'અલ્યા ઉપર ચડવાનું નથી. ત્યાં કોઈ ચડશો મા.' અમને થતું કે ત્યાં એવું તે શું હશે ? ચડવાની ના શા માટે પાડતાં હશે ? મનમાં થાય કે એકવાર ઘરમાંથી બધાં બહાર જાય તો પછી મેડીએ ચડીએ.

એકવાર એવું જ બની ગયું. બાપુ ગામ ગએલા; મોટાભાઈ કચેરીમાં ગએલા; બા નાની બેનને લઈ માશીને ત્યાં ગએલી. એકલા હું અને જગુ બે ઘેર રહી ગયા. બા કહેતી જ ગએલી કે આ ઓશરીમાં જ રમજો; અહીં જ રમજો.

કોણ જાણે કેમ, પણ બાએ બહાર પગ મૂકયો ને અમને મેડી સાંભરી. ઘરમાં નજર પડી ને મેડી ઉપર ચડવાનો વિચાર થઈ આવ્યો. જગુએ ફળિયાની ખડકીની સાંકળ વાસી દીધી ને અમે ઘરમાં ગયા.

નીસરણી ઉપર પગ મૂકયો ને અટકીને ઊભો રહ્યો: 'ત્યાં ચડવાનું નથી; ત્યાં ચડશો મા.' એ વાકયો કાનમાં સંભળાયાં. બાપાએ ને બાએ એ વાકયો કેટલી બધી વાર સંભળાવેલાં!

'શા માટે ના પાડી હશે ? કાંઈક બીક જેવું હશે? કાંઈક સંતાડયું હશે? કાંઈક વાગી જાય એવું હશે? શું હશે? શું કામ ના પાડી હશે?'

પગ ધ્રૂજ્યો ને હું પાછો વળ્યો. વળી વિચાર આવ્યો, 'ના ના, આજે તો ભારે લાગ મળ્યો છે. અને ઘરમાં કોઈ નથી. બસ મેડી ઉપર જવું તો ખરૂં જ. બસ જવું જ.'

પાછો નીસરણી પાસે ગયો. જોર કરીને, હિંમત કરીને પેલા પગથિયા ઉપર પગ મૂકયો, ને બીક બધી ઊડી ગઈ. પછી તો ઝટઝટ પગથિયાં ચડતો ગયો તે પહોંચ્યો મેડીએ. મારી પાછળ જગુ પણ ચડયો.

'મેડી ઉપર ચડવાની શું કામ ના પાડી હશે? અહીં તો કાંઈ નથી. થોડાએક માટીના ગોળા ને માટલીઓ છે. જૂના લાકડાના કટકા છે. ફૂટી ગએલી અથાણાની બરણીઓ છે. ઘણી બધી ધૂળ છે. કેટલાં બધાં બાવાં અને કરોળિયાનાં જાળાં છે.'

જગુ ને હું ચારેકોર ઝીણી નજરે જોવા લાગ્યા. 'શું કામ ના પાડતાં હશે?' એનો જવાબ શોધતા હતા.

શોધતાશોધતા એક ભાંગી ગએલા ડામચિયા પાસે આવ્યા. જગુ તે જોતો હતો ત્યાં જ તે પડયો. ને . . . ને . . . અરે! આ એની પછવાડે શું છે? અરે! અરે! આપણા ઘરમાં તલવારો ક્યાંથી? ને આ ભાલો ક્યાંથી ? અને અરે ! આ તો લાંબી એવી બંદૂક છે !


અમે તો આભા જ બની ગયા. હેબતાઈ ગએલા. આપણે બ્રાહ્મણ અને આપણે ત્યાં હથિયારો ! હથિયારો તો સિપાઈને ત્યાં હોય; કોળીવાઘરીને ત્યાં હોય !

જગુએ હળવેથી તલવાર લીધી. ગાડું એક ધૂળ એના ઉપરથી હેઠે પડી. મેં બીજી લીધી. મ્યાન સડી ગયાં હતાં. મૂઠ કાટ ખાઈ ગઈ હતી. કોણ જાણે કેટલા ય વખતથી પડી હશે.

તલવાર હાથમાં તો લીધી, પણ ખેંચવી કેવી રીતે? કોઈ દિ' તલવાર હાથમાં લીધી હોય તો ને? સિપાઈની કેડે લટકતી ભાળી હતી.

પણ કોણ જાણે કેમ, પણ તલવાર ખેંચવાનું મન થઈ આવ્યું. કોણ જાણે કેમ, ઝટ દઈને તલવાર ખેંચાઈ ગઈ. ને તલવાર ખેંચાણી કે મેડીમાં અજવાળું થઈ ગયું! બે તલવારો સબાક્ સબાક્ સબકારા કરતી હતી. જાણે હમણાં જ સરાણે ચડાવી હોય. અમે બે નાના છોકરાઓ, અને અમારા હાથમાં તાતી તલવારો ! તલવારો ! પલકારામાં માણસનું માથું વાઢી લે એવી તલવારો! કોણ જાણે કેમ અમારા હાથ ધ્રૂજ્યા નહિ, કાળજું થડકયું નહિ ને અમારા હાથમાં તલવારો જાણે રમવા લાગી.

અમે તો તલવારો સમણવા



બાળ વિભાગ

લાગ્યા. વાહ! આમ, આમ, સિપાઇઓ ફેરવે એમ! અમે તો લહેરમાં આવી ગયા. અમને ખબરે ન પડી કે બાએ અંદર હાથ નાખીને ફળીની સાંકળ ક્યારે ઉઘાડી ને ક્યારે ઘરમાં આવી. બા ઘરમાં આવી ગઈ ને અમે તો ઉપર રહી ગયા. હવે? ચડવાની ના પાડી હતી ને ચડ્યા હતા. હવે? જગુ કહે તું પહેલો ઉતર ને મેં કહ્યું તુ પહેલો ઉતર. ત્યાં તો બાએ બૂમ પાડી, 'અલ્યા જગુ, રમુ, ક્યાં ગયા છો? કેમ દેખાતા નથી? શું કરો છો?'

અમે મૂંગા થઇને બેસી ગયા. તલવારો મ્યાન કરી દીધી. પણ હવે?

બાને વહેમ ગયો ને નીસરણી ઉપર ચડવા લાગી.

તલવારો ખીતીએ મૂકી દઇએ તે પહેલાં તો બા ઉપર આવી પહોંચી ને અમે તો શિયાંવિયાં થઈ ગયા. અમે ગભરાતા બોલ્યા: 'બા . . . ઇ તો . . . .'

બા કહે, 'હવે હેઠા ઊતરો હેઠા. ટાંગી દ્યો એ કાતા એની ખીલીએ. એ શોભનારા એ ગયા ને એ દિવસોએ ગયા.' અમે નીચે આવ્યા.

રાત્રે વાળુ કરીને બેઠા ને બાપુએ વાતો માંડી, 'જુઓ છોકરાઓ, કોઇને કહેશો નહિ કે આપણે ત્યાં તલવારો છે. તલવાર ન રાખવાનો રાજાનો કાયદો છે. જાણી જાય તો તલવારો લઇ જાય ને ઊલટો દંડ કરે.'

મેં પૂછ્યું, 'આપણે ત્યાં તલવારો ક્યાંથી?'

બાપુએ જૂની વાતો સંભારીને કહ્યું, 'એ તો આપણા વડદાદાના વખતની છે. વડદાદા એટલે મારા બાપા ને એના બાપા ને એના બાપા. વડદાદાનું નામ શામજી ત્રવાડી. આપણા રાજાના એ કારભારી હતા. એકવાર આપણે આંગણે ઘોડાં હણહણતાં ને ડેલીએ આરબો બેસતા. મહારાજ ગેમાનસંગ આ ત્રણસો ગામનો ધણી, દાદાને પૂછીને પાણી પીતા. શામા દાદા કહે એટલું થાય. પણ શામા દાદાનું કારભારું એટલે માથાનું સાટું. ચારે કોરનું. મહારાજ ગેમાનસંગ માથે વેર ગાજે. આણી કોરથી કાઠીઓ, આણી કોરથી ખસીયા, આણી કોરથી રાવળિયા તો આણી કોરથી ચુંવાળિયા દિ' રાત બળવા કર્યા જ કરે. ઇ તો શામજી ત્રવાડીની હાક વાગે તે ઠેકાણે રહે. શામજી ત્રવાડી એક દિવસ પણ ઘરે ન હોય. ઘોડીના પલાણ ઘોડીની પીઠ ઉપરથી વાર પૂછીને ઊતરે. મોઢા આગળ પોતે ને પાછળ પચાસ અસવાર. જયાં ઘુમાટો થાય ત્યાં શામજી ત્રવાડી પહોંચ્યા જ હોય. અમારાં ડોશી કહેતાં હતાં કે શામો ત્રવાડી ભારે રૂપાળો હતો. એવો જ ઊંચો ને એવો જ શરીરનો ભરેલો પડછંદ આદમી. હાથમાં ભાલો રાખતો, વાંસે ઢાલ, ને કેડે ઓલી તેં લીધી હતી એ અસલ સીરોહીની તલવાર લટકાવતો. ઇ તલવારે કૈંનાં ધડમાથાં નોખાં કરેલાં.'



ગાડી

મનુ, કનુ, સૌ ચાલો ચાલો,
સાડા નવ તો વાગી ગયા;
ગાડી કેમ હજુ ના આવી,
બેસારૂ સૌ તાકી રહ્યા.

કનુભાઈ, તું સૌથી મોટો,
તારે તો ઇજીન થાવું;
મનુ, તનુ, સવિતા ને સરલા,
ડબ્બા થઇને જોડાવું.

મોઢેથી સૌ છુક છુક કરજો,
ધણધણતાં પગલાં ભરજો;
ઘરેરાટ ધડધડ કરતા સૌ,
મુંબઇ ને સુરત ફરજો.

મનુભાઇ કે' 'ગાર્ડ બનું હું,
ગાડીને ઊભી રાખું';
કનુભાઇ કે' 'સ્ટેશનમાસ્તર,
થઇને હું ટિકિટ આપું.'

ગાડી તો તૈયાર બનીને,
ઘરેરાટ જો ચાલી જાય;
ચલો ગોઠિયા, ચલો દોસ્ત સૌ,
ટિકિટ તમારી માફ કરાય.

બ્રજલાલ શાહ



શામજી
ત્રવાડી

અમે તો સૌ હલ્યાચલ્યા વિના વાત સાંભળ્યે જતાં હતાં. ખોંખારો મારી બાપુએ આગળ કહ્યું, 'શામા ત્રવાડીનાં કારભારાં આજે પણ ગવાય છે. એના થકી આ આપણું મોટું રાજ છે, સમજ્યા?' અમે જોઇ રહ્યા. વળી બાપુ આગળ બોલ્યા, 'શામા દાદા પછી થયા હીરા દાદા. ને હીરા દાદા એટલે શું સમજો છો? સામે જોતાં દુશ્મનની છાતી ફાટે એવા આદમી. એ મોટા પંજાબી જેવો આદમી. ઊજળો વાન, અને મૂછો તો જાણે સિંહની કેશવાળી. જસવંતસિંહ બાપુની ફોજનો ધણી, ફોજનો સરદાર. હીરા દાદા જ્યારે ચોરણી ઉપર કેડિયું ચડાવે માથે કસબી શિરપેચ મૂકે ને કેડે બાંધેલી ભેટમાં જમૈયો ખોસી હાથમાં ભાલો લઈ ઘોડે ચડે ત્યારે કોઇ ન કહે કે આ બ્રાહ્મણ હશે! હીરા દાદાની હેઠે મકરાણી, આરબો, કાઠી, ખુમાણ, ખસિયા ને એવા એવા કૈંક હતા. કોઇને ગાંઠે નહિ એવા. પણ ડોશી કહેતાં કે હીરા દાદા આંખ કાઢે ત્યાં આખી ફોજ ચું કે ચાં!' એક હુકમે બધા નરમ ઘેંશ. આ એ તેં લીધાં હતી એ તલવાર હીરા દાદાની પોતાની. હીરા દાદા તલવારના એવા જાણકાર કે સામે ગમે તેટલા ગમે તેવા હોય ને, તો પણ એક હીરો દાદો ને એક એની તલવાર બસ થઇ રહે. એ તો એક આરબ ફૂટ્યો, ને સામાવાળાને જઇને કહી દીધું કે હીરો દાદો ક્યાં સૂએ છે. રાત્રે ને રાત્રે ઊંઘતા હીરા દાદાને ઘાએલા. તોપણ હીરા દાદા ભડ હતા. અરધી રાત્રે ધીંગાણું થયું ને હીરા દાદા લડવા ઊઠ્યા. એના માનીતા મકરાણીએ આ એની તલવાર જ સંતાડી લીધેલી. પણ દાદા એમ ભાગે એવા નહોતા. એકલો ભાલો લઇ ઉપડ્યા, ને પચાસ જણને ભોંય ભેગા કર્યા ત્યારે છેવટે પોતે ઘવાયા ને પડ્યા.'

આખું ઘર થંભી ગયું હતું. અમે તો ખીલો ખોડાઇ જાય એમ ખોડાઇ ગયા હતા. આંખનું મટકું પણ મારવું ભૂલી ગએલા. બાપુએ કહ્યું, 'હીરા દાદા પછી રામ દાદા—એટલે મારા બાપા થયા. અમે એને મોટા ભાઈ કહેતા. મોટાભાઇ પણ હીરા દાદાના પુતર. અસલ જાણે જોઇ લ્યો બીજા હીરા દાદા. રાજા રતનસંગે એને દેવગાણા મહાલના વહીવટદાર નીમ્યા હતા. અને વહીવટદાર તરીકે એની કાંઇ સુવાસ હતી! એ મોટાભાઇ દિલાવર દિલના. લોકોને કશી રંજાડ નહિ. પણ ઈ વખતમાં કોગળિયું આવ્યું ને એમાં મોટાભાઇ ખપી ગયા. હું તે વખતે પાંચેક વર્ષનો. ઝાંખુઝાંખું સાંભરે છે. મોટાભાઇ કેવા હતા? મોટાભાઇ મને દેવો-ડાબલી કહીને રમાડતા ને હું ખડખડ હસતો.'

ઘરમાં માજી બેઠાં હતાં તે અત્યાર સુધી મૂંગાં હતાં. તે બોલ્યાં, 'બાપુ, મૂકોને ઇ વાત. ઇ દિવસો તો ગયા. શીદને જૂની સંભારો છો.'

માનું મન કચવાતું ભાળી બાપુએ વાત બદલી. બાપુ કહે, 'હવે સમજ્યાને એ તલવારો કોની છે?'

મેં કહ્યું, 'પણ બાપુ, એ સંતાડીને શું કામ રાખી છે? હેઠે ઉતારોને, અમે પણ થોડીથોડી સમાણીએ! અમને વાપરતાં શીખવો તો શીખીએ.'

બાપુએ કંઇક ગંભીર થઈ કહ્યું. 'હમણાં હથિયારબંધીનો કાયદો થઇ ગયો છે. બધાંનાં હથિયાર લઇ લીધાં છે. દાદાનાં હથિયારો એટલે તો ઘરનાં દેવદેવલાં. દેવસેવા અળગી કરાય તો ઇ કરાય. પણ જો ખબર પડે તો આપણે જેલમાં પુરાવું પડે.'

રાતના બાર વાગવા આવ્યા હતા. માજી નિસાસો મૂકતાં હતાં. નાનો કંકો ક્યારનો ઊંઘી ગયો હતો. બાને હજી હવે અબોટ કરવો હતો. વાતના રસમાં એ તો રોકાઇ ગયાં તે રોકાઇ ગયાં.

નાનપણમાં બાપાને ગોદે આ વાત સાંભળેલી. એ સંભળાવ્યાને ય ચાળીશ વર્ષ વીતી ગયાં. આજે એ જૂનીજૂની વાત જૂના દિવસોમાંથી નીકળી આવી તે તમને કહી છે.

ગિજુભાઈ



માધુકરી

ભીખ્યા, ભટક્યાં, વિષ્ટિ, વિનવણી, કીધાં સુજનનાં કર્મ,
આર્યે સુજનતા દૈન્ય ગણી તો યુદ્ધ એ જ યુગધર્મ;
સજીવન થાય પડ્યા યે પ્હાણ: પાર્થને કહો ચડાવે બાણ
નૃલોક જોશે, કાળ નિરખશે રણરમતો મુજ વંશ,
સત્ય શીલ ને ધર્મ યજ્ઞમાં હજો વિશ્વ-વિધ્વંસ;
ઊગે જો નભ નવયુગનો ભાણ; પાર્થને કહો ચડાવે બાણ:
વિધિનાં એ જ મહાનિર્માણ; પાર્થને કહો ચડાવે બાણ.—**કવિ નાનાલાલ**

વિપ્લવનો અગસ્ત્ય

અરધી સદી પહેલાં સૌકોઇ બ્રિટિશ શાંતિનાં જયગાન ગાતું. ભણેલાઓને સરકારી નોકરીની પ્રતિષ્ઠા મળતી, સુધરેલાઓને નવા જમાનાની કેટલીક સગવડો મળતી અને હિંદી વિદ્વાનો બ્રિટિશ અમલદારોનો વિદ્યાપ્રેમ તથા પાંડિત્ય જોઇ મોહાતા. આથી બ્રિટિશ પગપેસારાનાં ભાવિ પરિણામ સમજવાની કોઇએ પરવા કરી નહિ. લગભગ બધાએ બ્રિટિશ અમલને પ્રભુપ્રેરિત બક્ષિશ માની વધાવી લીધો. આ સ્થિતિ ૧૮૯૭ સુધી ટકી. એ અરસામાં લોકમાન્ય તિલક મહારાજ વગેરે આર્ષદૃષ્ટિ વિભૂષિત મહાપુરુષોએ જોરશોરથી બ્રિટિશ સલ્તનતનાં કારસ્થાન પ્રજાને સમજાવવાનું શરૂ કર્યું. શ્યામજી કૃષ્ણવર્મા તો એ યુગની પણ પહેલાંના વિપ્લવવાદી હતા. ગઇ તા. પહેલી મેએ જીનીવામાં એમનું અવસાન થયું.

ઇ. સ. ૧૮૫૭માં, જ્યારે હિંદીઓ આઝાદીનો છેલ્લો પ્રયત્ન કરી જીવન-મરણના ખેલ ખેલી રહ્યા હતા તે વખતે, ભવિષ્યમાં થનારા એવા જ જબ્બર વિપ્લવના અગસ્ત્ય સરખા એ ગુજરાતી-કચ્છી-વીરનો જન્મ કચ્છ-માંડવીમાં એક ભણશાળી કુટુંબમાં થયો. ભૂજમાં અંગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કરી ૧૮૭૩માં તે મુંબાઇ આવ્યા. સંસ્કૃત ભાષા પરના કાબુને લીધે તેમને પંડિતની પદવી મળી. ૧૮૭૪માં એમણે બે મહાન સંસ્કૃત ગ્રંથોનું સુંદર વિવેચન લખ્યું. પ્રોફેસર સર મોનીઅર વિલિયમ તેમના એ સંસ્કૃત જ્ઞાનથી મુગ્ધ બની તેમને ૧૮૭૯માં ઑક્સફર્ડ તેડી ગયા ને ત્યાંની યુનિવર્સિટીમાં વાઇસ પ્રિન્સિપાલ બનાવ્યા. ત્યાં ગ્રીક લૅટીન વગેરે ભાષાઓમાં પ્રવીણતા મેળવી તેમણે ન્યાય ને અર્થશાસ્ત્ર પર પણ સરસ કાબુ જમાવ્યો. ૧૮૮૧માં બર્લિનમાં પૌરસ્ત્ય વિદ્વાનોની પરિષદમાં હિંદુસ્તાનના પ્રતિનિધિ તરીકે તેઓ ચૂંટાયા. એ સમયમાં યુરોપભરમાં શ્રીયુત શ્યામજી કૃષ્ણવર્મા વેદાન્ત ને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનમાં નિપુણ ને પ્રખર વિદ્વાન ગણાતા.

પણ આ બધા વિદ્યાવ્યાસંગ અને પાંડિત્ય કરતાં યે વધારે પ્રબળ અને જ્વલંત તો એમના સ્વાતંત્ર્યના મનોરથ અને વિચારો હતા. ૨૪ વર્ષની ઊગતી ઉંમરે પોતાની વિદ્વત્તાને બળે યુરોપની કીર્તિમાળ વરી બર્લિનથી પાછા ફરી એ પહેલાં રતલામના ને પછી જૂનાગઢ રાજ્યના દિવાનપદે આવ્યા. પણ બુદ્ધિથી પ્રોજ્જ્વલ અને દેશની આઝાદીની તમન્નાથી ભભૂકતો ૨૫ વર્ષનો તેજસ્વી જુવાન ત્યાં કેમ ટકી શકે? કોઇ ભેદી કારણોને લીધે એમને જૂનાગઢમાંથી દેશવટો લેવો પડ્યો. ત્યારથી તેમણે ઇંગ્લંડ, પારીસ અને સ્વિટ્ઝર્લૅંડમાં રહેણાક કર્યું, સોશ્યલિસ્ટ વિચારોનું વાવેતર કર્યું અને દેશ-દેશાવરના એનાર્કિસ્ટો સાથે મળી, હિંદની મુક્તિ માટે છેલ્લો શ્વાસ ચાલ્યો ત્યાં સુધી અવિરત પ્રયત્નો કર્યા.

પ્રથમ તો એમણે ઇંગ્લંડમાં રહીને રાજકીય ચળવળ કરનારા સ્વાતંત્ર્યવાદી વિદ્યાર્થીઓ તૈયાર કરવા માંડ્યા. એ ઉપરાંત લંડનમાં મુસવેલ હિલ ઉપર તે હિંદી મુસાફરો માટે એક હૉસ્ટેલ ચલાવતા. આ હૉસ્ટેલ જ સ્વાતંત્ર્ય-દીક્ષાનો ગઢ હતો. પણ ઇંગ્લંડમાં જ રહીને આ પ્રવૃત્તિ વધુ સમય ચલાવી શકાય તેવું ન લાગવાથી તેમણે ઇંગ્લંડ છોડી ફ્રાન્સમાં રહેવા માંડ્યું. અહીં કામા નામની પારસી બાઇએ તેમને ઠીક મદદ કરી. પરંતુ ફ્રાન્સ પણ જ્યારે ઇંગ્લંડની જેમ સામ્રાજ્યવાદી બન્યું અને ત્યાં પણ તેમની પ્રવૃત્તિની સલામતી ન જણાઈ ત્યારે પંડિતજીએ એ દેશનો ત્યાગ કરી યુરોપના એકમાત્ર સમભાવી ને સ્વતંત્ર્ય રાષ્ટ્ર—વિપ્લવવાદીઓના ધામ સ્વિટ્ઝર્લૅંડમાં રહેવા માંડ્યું. ત્યાં રહીને તેમણે 'ઇન્ડિયન સોશ્યલિસ્ટ' પત્ર દ્વારા પોતાના વિચારો ફેલાવવા શરૂ કર્યા; પણ એ પત્રને ઇંગ્લંડ અને હિંદુસ્તાનમાં દાખલ કરવાની મનાઈ થઇ ત્યાર પછી તો મહાયુદ્ધ જાગ્યું. એટલે

પોતાના મતપ્રચારનું કાંઇ સાધન ન રહેતાં છેવટે તેમણે એ ધમાલ છોડી દીધી અને જીનીવામાં શાન્તિથી રહેવા માંડયું.

નાસિકના કલેકટર મિ. જૅકસનના ખૂનના સંબંધમાં ઇગ્લંડમાંથી મિ. સાવરકરને પકડી સ્ટીમરમાં હિંદ આણવામાં આવતા હતા તે દરમ્યાન તે પૂર્વ આફ્રિકાના પોર્ટુગીઝ બંદરેથી સ્ટીમરમાં છટકી ગયા હતા, ત્યારે આંતરરાષ્ટ્રીય ચળવળથી તેને હિંદી સરકારને ન સોંપવામાં આવે તે બાબતમાં શ્રીયુત શ્યામજી કૃષ્ણવર્માએ યુરોપમાં ભારે ધડગથલ્લ કરી હતી.

આજે તો ભભૂકતા દાવાનળની પેરે ક્રાન્તિની આગ હિંદના ખૂણેખૂણામાં ફરી વળી છે, પણ આજથી ૫૦ વરસ પહેલાં હિંદમાં વિપ્લવનો પહેલો વિચાર કરનાર અને મંત્ર ફૂંકનાર ક્રાન્તિના એ અગસ્ત્યે જ્યારે પોતાના વિચારો ફેલાવવાની શરૂઆત કરી ત્યારે માત્ર આંગળીને વેઢે ગણાય એટલા જ અનુયાયીઓ થયા હતા. ભારતીય ક્રાન્તિની ઉત્પત્તિનો ઘણો યશ ભવિષ્યનો ઇતિહાસકાર શ્યામજી કૃષ્ણવર્માને આપશે એ નિર્વિવાદ છે. હિંદભરનો એ પહેલો વિપ્લવવાદી કાઠિયાવાડી હતો ને અત્યારની આ અપૂર્વ લડતનો સરમુખત્યાર પણ સોરઠી છે એ જાણી કાઠિયાવાડી હૈયું કેટલું ફૂલાશે? ('સૌરાષ્ટ્રમિત્ર' અને 'ગુજરાતી' પરથી સંકલિત)

શહીદ વિઠ્ઠલભાઈ

'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ' તેમ વિઠ્ઠલભાઈને કોણ ઓળખતું હતું? ધૂળમાં ઢંકાએલું રતન પવનના સપાટે ધૂળ ઊડી જતાં ઝગમગી ઊઠે તેમ વિઠ્ઠલભાઈ નું બન્યું ..

છપ્પનીયાના ભયંકર દુકાળના વર્ષે બારડોલીના અંભેટી ગામમાં વિઠ્ઠલભાઇએ પૃથ્વી પર પહેલ વહેલાં તેજ જોયાં. વિઠ્ઠલભાઇ સૌથી નાના પુત્ર હતા એટલે સહેજે લાડમાં રમવાનું મળ્યું. બાળક મટી વિઠ્ઠલભાઇ વિદ્યાર્થી બન્યા અને વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા પસાર કરી માસ્તર બન્યા. જીવનની છેલ્લી ઘડી સુધી પોતાના મિત્રવર્ગમાં માસ્તરના નામથી જ તે સંબોધાતા. અભ્યાસ અને શિક્ષકના ધંધા દરમ્યાન તેઓ પોતાના વડવાઓના ધંધાને ભૂલ્યા નહી. વારતહેવારે આરામ કે મોજ કરવાને બદલે તેઓ ખેતીમાં કામે જતા. ભાતકાપણી અને બીજા એવા પ્રસંગે વિઠ્ઠલભાઇ હડીતોડ મહેનત કરતા. શિક્ષક ઉપરાંત તેઓ સાચા ખેડૂત પણ હતા.

હજી તો વીસ વર્ષની વય હતી. મૂછનો દોરો માંડમાંડ ફૂટયો હતો. ત્યાં અસહકારનાં આંદોલનો સારા દેશમાં પથરાવા લાગ્યાં. વર્ષોજૂનાં ગુલામીનાં બંધન વિદારવાને મહાત્મા ગાંધીજીએ દેશ આગળ અસહકારનું હથિયાર રજુ કર્યું. બારડોલી તો મોખરે જ હતું ને? બારડોલી તાલુકામાં વસીને વિઠ્ઠલભાઇ માસ્તરપણું કેમ કર્યા કરે? 'સરકારી નોકરી છોડો'ની હાકલ પડતાં જ વિઠ્ઠલભાઈએ નોકરી ફગાવી દીધી ને બારડોલીએ આરંભેલ મહાયુદ્ધમાં શામિલ થયા. ઉનાળાના ધખધખતા તાપમાં, શિયાળાની કડકડતી ઠંડીમાં કે ચોમાસાના પૂરંપૂર કાદવમાં રાતના દિવસ કરીને વિઠ્ઠલભાઇ ગામેગામ આથડતા. અને આટલો પરિશ્રમ છતાં એ કાર્ય બનતાં તેમની છાતી વેંતવેંત ઉછળતી. બારડોલીમાં પ્રજાકીય સરકારનાં થાણાં ઠામઠામ સ્થપાઈ ચૂક્યાં. પણ એવામાં બારડોલીથી દૂરદૂર કોઇ પ્રદેશમાં ભયંકર તોફાન સળગી ઊઠયું ને બારડોલીની લડત એકાએક અટકી. સૌકોઈ પળભર ચોંકી ગયું. રચનાત્મક કાર્યની રૂપરેખા બારડોલી પાસે રજુ થઇ. તેમાં યે વિઠ્ઠલભાઇ પાછા પડે એમ ન હતું. રેંટિયા, પિંજણ વગેરેનો અનુભવ લઇ વિઠ્ઠલભાઇએ એકલે હાથે એ રચનાત્મક કામ ઉપાડી લીધું અને પોતાના ગામમાં રાષ્ટ્રીય શાળા પણ શરૂ કરી. જબરા વિરોધ છતાં ધીરજ ને શાંતિપૂર્વક કેટલાંક વર્ષો સુધી શાળાને નભાવી. વખત પલટાયો ને શાળા બંધ થઇ. વિઠ્ઠલભાઇ ખેતીના કામમાં દાખલ થયા.

ઇ. સ. ૧૯૨૭-૨૮માં તાલુકાનું મહેસુલ સરકારે વધારી દીધું. તાલુકાના નવજુવાનો ખળભળી ઊઠયા. વિઠ્ઠલભાઈ તો તેમાં હોય જ. વલ્લભભાઇને મહાપ્રયાસે બોલાવી લાવ્યા ને તેમની સરદારી નીચે લડત મંડાઇ. ગામે ગામ છાવણીઓ પાડી અંભેટી ગામમાં જુવાનોને મોખરે વિઠ્ઠલભાઈ ઘૂમતા હતા. લોકોને પ્રેરણા હિંમત ને ચેતવણીઓ આપતા જપ્તી અમલદારોના ત્રાસથી લોકોને બચાવવા નોબત ગગડાવતા. અંતે બારડોલીની એ લડત જીતાઇ.

લાહોરની મહાસભા પછી દેશમાં હોલવાએલો અગ્નિ ફરીથી પ્રદિપ્ત થયો.. સારા દેશની પહેલી નજર બારડોલી ઉપર જ ઠરી. સૈનિકોની નોંધણી શરૂ થઇ. વિઠ્ઠલભાઇનું નામ પહેલી જ ટુકડીમાં ઊભું હતું. મહાત્માજીએ દાંડીથી ફરમાન કાઢયું. 'તા. ૬ઠ્ઠી એપ્રિલે બારડોલીના સૈનિકોએ મીઠાનો કાનુનભંગ કરવાનો છે.' પણ એ જ ૬ઠ્ઠીના અરસામાં અંભેટીમાં સેટલમેન્ટ ઑફિસર આવવાનો હતો. તેને જોઇતી સગવડો આપવાની વાતો કેટલાક લોકો ચર્ચતા હતા! વિઠ્ઠલભાઇના કાને એ વાત પડી ને કાળજું વીંધાયું. તા ૬ઠ્ઠીનો પ્રથમ દિવસ-હિંદના ઇતિહાસનો સોનેરી દહાડો; તે દહાડે અંભેટીમાં-પોતાના ગામમાં સરકારી નોકર માલમલીદા ઉડાવે? વાતવાતમાં વિઠ્ઠલભાઇથી કહેવાઇ ગયું, 'ભાઇ! આ લોકો કંઇ એમ નહિ માને. આ ગામને તો એકાદ ભોગ જોઇએ છે. તો જ કંઈક અસર થશે. અને કોણ જાણે, એ શબ્દો સાચા પાડવા જ, તે પછી બરાબર અઢારમે દહાડે વિઠ્ઠલભાઇ પોતે જ ગામને શિરછત્રરૂપ પોતાનો ભોગ—આહુતિ આપીને ચાલતા થયા!

મીઠાનો કાનૂનભંગ થઇ ગયો, પણ સરકાર પોતાનો વ્યૂહ બદલતી નહિ હોવાથી ૧૭મી એપ્રિલે વિજલપુરમાં મળેલી સૈનિકોની સભાના ઠરાવ પ્રમાણે બધાને રચનાત્મક કામ માટે જીલ્લાના જુદાજુદા ભાગમાં ટુકડીઓ પાડીને વહેંચી દેવામાં આવ્યા. વિઠ્ઠલભાઈ જલાલપોર તાલુકાના સાતેમ ગામની છાવણીમાં પોતાની ટુકડી સાથે તા ૨૮મીની સાંજે

પહોંચ્યા. બીજે દિવસે પ્રભાતે ત્યાંથી ત્રણ માઇલ દૂર આવેલા નાગધરા-પુણી ગામે ખજુરાં કાપવા આખી ટુકડી ઊપડી ગઇ. અરધા પોણા કલાકમાં ચાલીસેક ખજુરાં જમીનદોસ્ત થઇ ગયાં. કામથી પરવારીને ઘેર પાછા વળવાની વાતો થતી હતી. વિઠ્ઠલભાઇ પોતાના એક સાથિયાની મદદે ગયા. બાજુમાં બીજા બે ભાઇઓ ખજૂરી કાપતા હતા. કામ ધમધોકાર ચાલતું હતું. ત્યાં પાછળ કાપનાર ભાઇઓની ખજૂરી કપાઈ ચૂકી અને પડવા લાગી. સૌની નજર જમીન પર તૂટી પડતી ખજુરી પર ઠરી. તેની બરોબર નીચે જ વિઠ્ઠલભાઈ કુહાડાના ઘણાકા કરતા હતા. સૌથી એકાએક બૂમ પડાઇ ગઈ 'એ... ભાગો...' ને વિઠ્ઠલભાઇ ભાગવા ગયા. પણ ક્યાં ભાગે? તે પહેલાં તો ખજુરીનું થડ કડડભુસ કરતું એ સુકલકડી દેહને દાબીને જમીન પર પડ્યું. તરત જ ખજુરીને ઉપાડી લેવામાં આવી ને વિઠ્ઠલભાઇ પોતાની મેળે બહાર નીકળી આવ્યા. તેમના જમણા પગના નળાનાં બંને હાડકાં ભાંગીને ભૂકો થઇ ગયાં હતાં! હાડકાની કચ્ચરો પડેલા ઊંડા ઘામાં જ્યાં ત્યાં ભરાઇ ગઇ હતી. ઘડી પહેલાનું ઉત્સાહપૂર્ણ વાતાવરણ શોકસાગરમાં ડૂબી ગયું. પગમાંથી ધડડાટ વહેતું લોહી અને ઊંડા જખમ જોઇને સૌને ધ્રુજારી છૂટી. પણ વિઠ્ઠલભાઇએ જરા યે ધીરજ ન ગુમાવી. તેમના આત્મબળ આગળ તે દુઃખ કંઇ વિસાતમાં ન હતું. પાસેના ગામમાંથી ખાટલો લાવી વિઠ્ઠલભાઇને સાતેમની છાવણીએ લઈ આવ્યા. જખમી સિપાઇને જોવા આખું સાતેમ ગામ ઊલટ્યું. મોટર ઉપડતાં પહેલાં સૂતાંસૂતાં વિઠ્ઠલભાઈએ મહાત્મા ગાંધીજીના જયનાદ ગોકરાવ્યા. ત્યાંથી નવસારીની ઑસ્પિટલમાં લાવી ઘા સાફ કરી સાવધાનીથી પાટો બાંધવામાં આવ્યો. સૌને શાંતિ વળી. વિઠ્ઠલભાઇ પણ આનંદમાં હતા.

એ જ દિવસે મહાત્માજી બારડોલીમાં ગયા હતા. ત્યાંથી પાછા વળતાં આ સમાચાર તેમને મળ્યા. તરત જ ઑસ્પિટલના દરવાજે મોટર ઊભી રહી. બાપુજી હસતાહસતા ખાટલા પાસે ઊભા: 'કેમ? શું કરી આવ્યા?... હાં... આવું તો બનવું જ રહ્યું. એ પણ બલિદાન જ છે ને? બહુ દરદ તો નથી ના?' એનું એ મુક્ત હાસ્ય આજુબાજુ ઊભેલા માનવીઓને કાને અથડાયું. પાંચદસ મિનિટ જગતની તે મહાન વિભૂતિ એક નાચીઝ સિપાઇની પથારી પાસે ઊભીઊભી અમૃતભરી આંખે જોઈ રહી. દરદીના આખા શરીરે હાથ પંપાળ્યો, નાડ જોઇ બાપુ કરાડીના પંથે રવાના થયા.

તે આખી રાત વિઠ્ઠલભાઈએ સુખચેનમાં ગાળી. પણ બીજા દિવસે સવારે ચિત્તભ્રમ શરૂ થયો. ડૉક્ટરોએ પોતાની બધી શક્તિ અજમાવી, પણ જરા યે અસર ન પહોંચી. પળેપળે વેદના વધતી જ ગઈ. ધનુરનું જોર વધી ગયું.

તાલુકામાં બધે ખબર પ્રસરતાં જ નાયકો, સૈનિકો, સગાંવહાલાં અને ગામલોકોનાં ટોળેટોળાં ઊભરાવા માંડ્યાં. ઑસ્પિટલ જાણે એક ધામ બની ગયું. સોમવારે રાત્રે મૌન છોડીને બાપુ ફરી આવી ગયા. તે વખતે વિઠ્ઠલભાઇનો શ્વાસ બહુ જોરથી ચાલતો હતો. અંતે ચાર રાતના અસાવધપણા પછી બુધવારે સવારે દસ વાગ્યે વિઠ્ઠલભાઇ આ લોક છોડી ગયા.

અવસાનના સમાચાર ચોમેર વીજળીવેગે ફેલાતાં જ નવસારીનો માનવસાગર, સ્વરાજસંગ્રામના એ શહીદને જોવા દવાખાના તરફ ઊલટ્યો. દુકાનો ધડોધડ બંધ થઇ. હિંદુ, મુસલમાન, પારસી સૌ કામધંધો બંધ કરી સ્મશાનયાત્રામાં જોડાયા. માળીઓએ પોતાની દુકાનના ફૂલના ઢગલા વિઠ્ઠલભાઇની શબવાહિની ઉપર ઠાલવી દીધા. ઠામઠામ પરબો મંડાઇ ગઇ. બરફવાળાઓ બરફનાં ચોસલાં છૂટે હાથે વહેંચી દીધાં. ઘરઘરથી, છાપરેથી ને અગાસીએથી વિઠ્ઠલભાઇનાં શબ ઉપર પુષ્પની વૃષ્ટિ થઇ. હજારો વંદન ઝીલતું વિઠ્ઠલભાઇનું શબ પૂર્ણા નદીને કાંઠે પહોંચ્યું ત્યાં ચંદનના કાષ્ટમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પાસે ઊભેલા વડના ઝાડ ઉપર વિઠ્ઠલભાઇના સ્મરણમાં એક ઝુંડો ચડાવવામાં આવ્યો. કોઇની આંખમાંથી આંસુનું બુંદ સર્યું નથી. એમના વૃદ્ધ વીર માતા, ભગિની, પત્ની અને ભાઇઓની ધીરજ માટે સહેજે માથું નમે. જાણે વિજયનો મહા ઉત્સવ ઊજવાઇ ગયો!

કોણ કહે છે વિઠ્ઠલભાઈ ગયા? એ તો અમર થઇને આપણી વચ્ચે રહ્યા. સ્વાતંત્ર્યસંગ્રામનો એ પહેલો ને નિર્દોષ બલિ હતો. બાપુએ લખ્યું છે તેમ 'બીજાને દોષે પોતે નિર્દોષ હોઇ મરવું એનું જ નામ બલિદાન છે.'—ડૉ. સોલા

ભ્રાતૃભાવની પ્રેરણા

વિરોધીને પ્રેમથી કેમ જીતાય તે બતાવતો એક સુંદર દાખલો મહાદેવભાઇ જેલ ગયા તે જ દિવસે એમણે પાડી બતાવેલો. તે, એમના પોતાના જ શબ્દોમાં આશ્રમવાસી મીરાં બહેને યંગ ઇંડિયામાં ઉતાર્યો છે આ રહ્યો:

"મુકદ્દમો પૂરો થયો કે તરત જ મને કેદીના ખટારામાં બેસાડવામાં આવ્યો. એ ગાડીની પાછળ એક અંગ્રેજ સાર્જન્ટ બેઠો હતો. ચોમેર માનવ મેદનીનાં ટોળાં ઊભરાતાં હતાં. એવામાં ઓચિંતો, કોણ જાણે ક્યાંથી, પત્થર ફેંકાયો. સાર્જન્ટની દાઢીએ તે અથડાયો અને તેને સખ્ત આઘાત પડ્યો. પત્થર ઊંચકી લેતાં તે બોલી ઊઠ્યો, 'ઓહ! તમારા દુષ્ટ લોકોનાં કારસ્થાન જોયાં? અહિંસાવૃત્તિને જો તેઓ વળગી રહે તો અમારે કશું કહેવાનું રહે જ નહિ. પણ ખ્યાલ કરો આવા વર્તનનો. જેઓ અહિંસક રહી શકે તેમ ન હોય તેવાઓ તો આ લડતમાંથી આઘા ખસી જાય એ જ બહેતર છે; નહિતર તેઓ હાની કરશે.' મેં તરત જ દિલગીરી દર્શાવતાં કહ્યું, 'તમે ગાડી જરાક થોભાવો તો એ ટોળાંને બે શબ્દો સંબોધીને હમણાં જ હું શરમિંદું પાડી શકું તેમ છું.' 'ના, મારાથી થોભાવાય નહિ.' એમ કહીને સાર્જન્ટ પાછો રોદણાં રડવા લાગ્યો. મેં ખુલાસો કર્યો, 'પણ ગાડીમાં પૂરાઇ

રહ્યારહ્યા હું શું કરી શકું? આ બનાવ જોઇને મને અત્યંત ખેદ ઊપજે છે એટલી જ તમને ખાતરી કરાવી આપી શકું. વિના સંકોચે હું એનું પ્રાયશ્ચિત્ત કરીશ. તમે એ જ પત્થર વતી મને મારો એટલે કંઇક વસુલાત થશે.' સાર્જન્ટનું હૃદય કાંઈક પોચું પડતાં તે બોલી ઊઠ્યો, 'ના ના!' પણ પછી પાછો તરત જ તે એની એ જ બાબતનો બડબડાટ કરવા લાગ્યો: 'જુઓની! લોકો કેવાં દુષ્ટ કામ કરી રહ્યા છે? પેશાવરનો મામલો જુઓ! આવા માણસો આ લડતમાં શા સારૂ ઝંપલાવતા હશે?' હું પણ તેની હાએ હા કરીને તેની સાથે બાપુ ને હાલની પરિસ્થિતિ સંબંધી વાર્તાલાપ કરવા લાગ્યો.

પરંતુ ફરી પાછો તે પોતાના હાથ માંહેના પત્થર તરફ દૃષ્ટિ કરીને બોલી ઊઠ્યો, 'આને એક સ્મારક તરીકે હું સંઘરી રાખીશ.' મેં કહ્યું, 'ના ના: મહેરબાની કરીને એમ કરતા રખે. મારી શુદ્ધ અંતઃકરણની દિલગીરીથી જો તમને સંતોષ થતો હોય તો એ પત્થર ફેંકી દેજો.' અને ખરેખર આ શબ્દોએ એના અંતઃકરણ પર જાદુઇ અસર કરી હોય તેમ એણે તે જ ક્ષણે પત્થર ફેંકી દીધો.

ત્યાર બાદ આશ્રમ આગળથી પસાર થતાં મેં આંગળી ચીંધીને એને કહ્યું, 'જુઓ, પેલું મારૂં ઘર!' એણે જવાબ દીધો, 'ઘણું સરસ છે. મેં આશ્રમ કદી જોયો નથી. તમે જેલમાંથી છૂટા થશો ત્યારે તમને મળવાને હું અવશ્ય આવીશ.' 'હા, જરૂર આવજો. હું પણ રાજી થઇશ. તમારૂં નામ મને આપો તો મારી પાસે રાખીને તેની યાદગીરી જાળવી શકું.' એ કહેવા લાગ્યો, 'સારી વાત છે, પણ મારી પાસે લખવાને પેન્સિલ નથી.' તારના બંડલમાંથી મારી ફાઉન્ટન પેન આપતાં મેં કહ્યું, 'લ્યો, આ મારી પેન વડે લખો.' તેણે પોતાનું નામ લખ્યું અને કાગળ ભેગો પેન પાછી આપવા જતો હતો. પણ હું બોલી ઊઠ્યો, 'ના ના, એ પેન તો રહેવા દો તમારી પાસે. આપણી પિછાનનું એ એક સુંદર સ્મારક બની રહેશે. પેલા પત્થર કરતાં તો એ વધારે સારૂં છે. આથી એના પર ઘણી સરસ અસર થઇ અને મુક્તકંઠે પ્રશંસા કરતાંકરતાં પેનને ગજવામાં મૂકી"

મહાદેવભાઇએ પોતાની આ વાત ખતમ કરતાં હર્ષથી પુલકિત ચહેરે કહ્યું, 'અને આજ સાથી મિત્રતાની ગાંઠ જકડાઇને અમે એકબીજાથી છૂટા પડ્યા' (નૂતન ગુજરાત)

ડુપ્લિકેટર ઘેર બનાવો

હસ્તલિખિત માસિકો કે નાના હસ્તપત્રો વગેરેની નકલો કાઢવા માટે (અને આ સ્વાતંત્ર્યસંગ્રામને વખતે તો સંગ્રામના સમાચાર શહેરની શેરીએ શેરીએ ને ગામડે ગામડે પહોંચાડવા માટેની પત્રિકાઓ કાઢવા માટે) સામાન્ય રીતે બજારનાં મોંઘાં વિલાયતી ડુપ્લિકેટરો વપરાય છે. તેને બદલે નીચેની રીતે કાળજીથી કામ કરશો તો ઘેર બનાવી શકાશે. ડુપ્લિકેટરનું મુખ્ય અને અગત્યનું અંગ તે છાપ ઉતારવાનું



પડ અથવા ગાદી છે તે જેટલી સારી તૈયાર થઇહોય તેટલી ચોખ્ખી અને વધારે નકલો તે પરથી ઉતારી શકાય એટલે તેની બનાવટમાં ખાસ કાળજીની જરૂર છે. ઉપરના ચિત્રમાં એ ગાદીના મિશ્રણ માટે માપ આપ્યાં છે. તે મુજબ એક ઔંસ જિલેટીન (અથવા તેને બદલે સારો વિલાયતી સરેસ) રાત્રે ત્રણ ઔંસ પાણીમાં પલાળી રાખવું. બીજે દિવસે તેને નીચેની રીતે ગરમ કરવું. સરેસ પલાળેલા વાસણ કરતાં ઠીકઠીક મોટા એક બીજા વાસણમાં પાણી ગરમ કરવા મૂકવું અને પાણી સારી પેઠે ઊકળે એટલે તે પાણીમાં સરેસવાળું વાસણ મૂકી દેવું. એ ગરમ પાણીની એકસરખી ગરમીથી સરેસ ઊકળવા માંડશે. તે શરેસવાળા વાસણમાં ગરમ પાણી ન પડે તે ધ્યાન રાખવું. તે સારી રીતે ખદખદે એટલે વધારાનું પાણી નીતારી નાખવું. પછી એ જ રીતે એક બીજા વાસણમાં ઉપર બતાવેલા માપ મુજબ ગ્લિસરીનને ખૂબ ગરમ કરવું અને પછી તે બંનેને મેળવવાં. તે સાથે જ, તેમાં ઉપલા ચિત્રમાં બતાવેલા માપ પ્રમાણે બેરિયમ સલ્ફેટ તથા સાકરનો ભૂકો નાખવાં અને સારી પેઠે હલાવીને મેળવવાં. ઠંડું પડે અને જાડો રસ થાય એટલે પતરાની એક ચોખ્ખી છીછરી રકાબીમાં તે ઠારવું. એ ગાદી તૈયાર થઇ.

એ ગાદી પર જે પહેલી નકલ છાપવાની તેને માટે શાહી પણ ખાસ તૈયાર કરવી જોઇએ. બજારમાં જાંબલી રંગના ગાંગડા મળે છે. બે ભાગ એવા ગાંગડા, બે ભાગ મેથિલેટેડ સ્પિરિટ, ૧ ભાગ સાકર. ૪ ભાગ ગ્લિસરિન અને ૨૪ ભાગ પાણી એ તેનું માપ. પહેલાં ગ્લિસરીન તથા સ્પિરિટને ભેળવીને તેમાં રંગ ઓગાળવો અને સાકરને પાણીમાં ઓગાળવી. પછી બંને મિશ્રણને એકઠાં કરી દેવાં: એ શાહી તૈયાર થઇ.

આ શાહી વડે કોઇ પણ જાતના સારા લખવાના કાગળ પર લખવું. માત્ર તેની ટાંક જુદી રાખવી, અને ડબકાં પડ્યા વિના કે જાડા પાતળા અક્ષરો થવા દીધા વિના એક સરખું સ્વચ્છ લખાણ લખવું લખ્યા પછી પાંચેક મિનિટ સુકાવા દઇને પેલી ગાદી ઉપર તેને કરચલી ન રહે તેમ બરોબર સપાટ ચોંટાડી દેવું; ધીમે હાથે થોડું પસરાવવાથી છાપ અંદર જામવા માંડશે. એ સ્થિતિમાં પણ તેને પાંચેક મિનિટ રહેવા દેવું. પછી કાળજીથી કાગળ ઊખેડી લેવાથી ઊલટી છાપ ઊતરી ગએલી જણાશે બસ, તે પર કોરો કાગળ મૂકતા જઇ, ઉપર બ્લૉટિંગ મૂકીને હાથ પસારવાથી, અગર સપાટ વેલણ જેવા સાધન વડે ધીમું દબાણ આપવાથી એક પછી એક નકલો ઉતારી શકાશે.


દવા પીતી વખતે

યુરોપ અમેરિકામાં ડાક્તરો પોતે સામાન્યરીતે દવા બનાવી

આપતા નથી. તેઓ માત્ર પ્રિસ્ક્રિપ્શન લખી આપે. પછી બજારમાં દવાઓ બનાવી આપનારી જુદી દુકાનો હોય ત્યાંથી તે મુજબ દવા બનાવડાવીને લઇ જવાની. અમેરિકાના આવા દવા બનાવનારાઓના મંડળના ખબરખાતા તરફથી હમણાં એક પત્રિકા બહાર પડી છે તેમાંની સૂચનાઓ આપણે પણ જાણવા જેવી છે. પત્રિકા કહે છે કે દવા પીતી વખતે, શીશી ઉપર માપના આંક અથવા કાપા મૂકેલા ન હોય તો અડસટ્ટે કદી દવા ન પીવી. ત્રણચાર આનાનો મેઝર ગ્લાસ બજારમાં મળે છે તે ઘરમાં વસાવવો એ ઉપયોગી શાચ છે. બીજી સૂચનાઓ પણ જાણવા જેવી છે. (૧) કદી અંધારે દવા ન પીતા; (૨) દવા પીતાં પહેલાં શીશી પરની સૂચનાઓ કાળજીથી વાંચી જજો; (૩) ઝટ પીએ તો ઝટ સાજા થઇએ, અગર એક વખત ભૂલી જવાયું માટે બીજી વાર બે વખતનો સામટો ડોઝ પી લઇએ, એવા ઇરાદાથી કદી માપ કરતાં વધુ દવા પીતા નહિ; (૪) પ્યાલામાં દવા કાઢતી વખતે લેબલને ઉપરની બાજુએ રાખવું કે જેથી દવાના રેલા ચાલી તે બગડે નહિ; (૫) બીજાને માટે બનાવેલી દવા તમને પણ ગુણ લાગશે એમ સમજવાની ભૂલ કરીને કદી કોઇની દવા પીતા નહિ; કદાચ તે તમારી પ્રકૃતિને પ્રતિકૂળ અને નુકસાનકર્તા પણ હોય; (૬) ગોળીઓ, ટિકડીઓ કે કૅપ્સ્યુલ, દાક્તરે ખાસ સૂચના ન આપી હોય તો, હમેશાં થોડાક પાણીની મદદથી ગળે ઉતારવી એ જ સલાહભર્યું છે; (૭) દવાની શીશીઓ હમેશાં બાળકોનો હાથ ન પહોંચે એવે ઠેકાણે રાખવી; (૮) પીવાની કે ચોપડવાની, કોઇ પણ દવાની શીશીનાં બૂચ કે ઢાંકણાં બરોબર સાવચેતીથી બંધ રાખવાં અને તેમને કદી અતિશય ઠંડી, ગરમ, કે ભેજવાળી જગ્યાએ ન મૂકવાં; (૯) ગોળી અથવા ભૂકીની નામ વાળી ડબ્બીઓનાં ઢાંકણાં પરસ્પર બદલાઈ ન જાય તેની કાળજી રાખજો; (૧૦) આંખ ધોવાનો આઇ-કપ વાપરી લીધા પછી તેમાંની દવા પાછી શીશીમાં ન રેડતા; એથી શીશીમાંની દવા પર ઊલટી અસર થઇ બગડી જવાનો સંભવ છે. (લિટરરી ડાઈજેસ્ટ.)

ઊંટના પેટમાં પાણીનો સંઘરો કેમ રહે છે?

મુસાફરીમાં ઊંટ દિવસોના દિવસો સુધી તરસ્યું રહી શકે છે એ વાત તો જાણીતી છે. તરસ્યા મુસાફરો કાંઈ રસ્તો ન સૂઝે ત્યારે છેવટે ઊંટને મારી નાખીને તેના પેટમાંનું પાણી પી તરસ છીપાવે છે એવી કથાઓ પણ ઘણાએ સાંભળી હશે મિ. પાઇક્રૅફ્ટ નામના એક અંગ્રેજ પ્રાણીશાસ્ત્રી આ બાબતમાં ઘણી શોધો કર્યા પછી જણાવે છે કે ઊંટના પેટમાં પાણીનો જથ્થો લાંબી મુદત સુધી રહી શકે છે એ વાત ખરી છે; પણ તે તેની હોજરીમાં નહિ, પરંતુ હોજરીને વીંટાઇને જુદાં જ નાનાંનાનાં ખાનાંઓ આવી રહેલાં હોય છે તેમાં એ જથ્થો રહે છે. અરબસ્તાનનાં ઊંટ સખત મુસાફરી અથવા કામકાજ કરતાં છતાં પણ ભર ઉનાળામાં પાંચ દિવસ



મથાળે: ઊંટની હોજરી પરનાં પાણી સંઘરી રાખનારાં ટાંકાં.
નીચે : ઊંટની હોજરી-તે પર આવી રહેલાં ટાંકાં સહિત.

સુધી ને શિયાળામાં તો ૨૫ દિવસ લગી પાણી વિના ચલાવી શકે છે. સહરાના રણના પશ્ચિમના ભાગમાં તો આકરી મુસાફરીમાં ઊંટો, પાણીનો બીજો ઝરો ન મળે ત્યાં સુધી—એટલે બારબાર દહાડા લગી પાણી વિના રહે છે. આવે વખતે ઊંટની હોજરી પર વળગેલાં એ નાનાંનાનાં ટાંકાંઓમાં ભરી રાખેલો પાણીનો જથ્થો ઊંટ વાપરે છે. મિ. પાઇક્રૅફ્ટ તેની રચના સમજાવતાં લખે છે કે 'મરેલા ઊંટની હોજરી તપાસતાં તેમાં આ પાણીનાં ટાંકાં હમેશાં ખુલ્લાં જ જોવામાં આવે છે, પરંતુ જીવતું ઊંટ પાણી પીએ છે ત્યારે, આ ટાંકાં પાણીથી ભરાતાં વેંત, તેની આસપાસની ચકરીવાળી કુદરતી રચનાને લીધે આપોઆપ તેનાં મોં બંધ થઇ જાય છે; પછી હોજરીમાંનો પાણીનો જથ્થો ખૂટતાં તે મોં ઉઘડતાં જાય છે અને જોઇતું પાણી હોજરીને મળ્યા કરે છે.' (લિટરરી ડાઇજેસ્ટ)

ગાય અને સંગીત

કનૈયાની બંસી અને રાયકાઓ (ભરવાડ)નો પાવો એ જગજૂની આર્ય સંસ્કૃતિનાં સંભારણાં રૂપ છે. સંગીત એ સૌમ્ય, શામક અને આલ્હાદક કળા હોઇ જ્ઞાનતંતુઓ ઉપર મીઠી અને શીળી અસર પેદા કરે છે. વનસ્પતિને પણ મજ્જાતંત્ર (નર્વસ સિસ્ટમ) હોય છે એમ સમર્થ વૈજ્ઞાનિક સર જગદીશ બોઝે સાબિત કર્યા પછી પશુઓને મજ્જાતંત્ર હોય છે એ સ્વીકારવું અઘરૂં નથી. ગાય જેવાં કોમળ, ચપળ ને ચકોર પ્રાણી—તેમાં યે દુગ્ધપ્રધાન પ્રકૃતિની ગાયો-નાં જ્ઞાનતંતુઓ સતાર અને વાયોલિનના તારની પેઠે ઝણઝણાટ પેદા કરે તેવાં તીવ્ર અને વેગવાન હોય છે. દૂધ આપતી વખતનો પારસો (પોરસ=સિરપથી) મૂકવાની ક્રિયા સુખ્યત્વે કરીને

આ સંવેદન તંતુને અધીન છે: એટલે ગાય પ્રસન્ન હોય, અગર તેને પ્રસન્ન કરી શકાય તો તે દૂધ વધુ આપે એ દેખીતું છે. તે અપ્રસન્ન રહે, ખીજાય, હેરાન કે દુઃખી થાય તો દૂધ ન આપતાં ચોરી લે છે એ તો ઘણાના અનુભવની વાત હશે. ત્યારે કનૈયાની બંસરી કે ગાયકાઓના પાવા અને તેમના મધુર મંજુલ ગોપગીતોના લલકારથી ગાયોની પ્રસન્નતા સંપાદન નહિ થતી હોય શું? અને દૂધના ફુવારા છલકાવવામાં એ સંગીતનો કશો ફાળો નહિ હોય શું?

આ અનુમાનના પુરાવામાં જાણવા મળે છે કે જર્મનીના એક વૈજ્ઞાનિક પોતાની ગોશાળામાં—ખાસ કરીને દૂધ દોહતી વેળા—સંગીત દાખલ કરીને, તેના મીઠા સરોદોથી દૂધની નીપજમાં, કુલ નીપજના છઠ્ઠાથી સાતમા ભાગનો વધારો કરી શક્યા છે! એથી ઊલટું, પશુને ખીજવીને દૂધ ખોઈ બેઠાના દાખલા તો ક્યાંય શોધવા જવા પડે તેમ નથી. આ રીતે સંગીતથી ભાવાત્મક ને ઋણાત્મક (અભાવાત્મક) (નેગેટિવ અને પૉઝિટિવ) અસર નીપજતી જણાય છે.

(હસ્તલિખિત-'કૃષિવિજ્ઞાન'માંથી) ડાહ્યાલાલ જાની

અદૃશ્ય ચશ્માં

એમ જણાય છે કે હવે આ દુનિયામાંથી નાકે ચડાવવાનાં ચશ્માં સદંતર નીકળી જશે. કેમકે હમણાં જ કીએલના જર્મન નેત્રશાસ્ત્રી ડૉ. લીઓપોલ્ડ હેઇને હેરત પમાડે તેવા ચશ્માંના કાચની શોધ કરી છે. નાક અને કાનને ટેકે આંખ ઉપર ચશ્માં ચડાવવાને બદલે તે કાચ હવે બારોબાર આંખની અંદર ડોળા પર જ બંધબેસતા કરી શકાય છે—જેમાં બનાવટી દાંતનાં ચોકઠાં પહેરાય છે તેમ જ! અને પહેરનાર સિવાય કોઇને ખબર પણ પડે નહિ કે ચશ્માં પહેર્યાં છે. શરૂઆતમાં પહેરનારને જરા જણાય—ખૂંચે, પણ પછી ટેવ પડતાં તે આંખમાં છે કે નહિ તેની પણ ખબર ન પડે. ને વળી આંખમાં સદા ચાલુ રહેતા પાણીની ભીનાશથી તે સાવ અદૃશ્ય બને છે.

આ 'કૉન્ટૅક્ટ લેન્સ' ડોળા ઉપર બરાબર ગોઠવતાં મહાવરાની જરૂર છે અને શરૂઆતમાં તો જાણકાર ડૉક્ટરની મદદ લેવી જરૂરી છે. પણ એક વખત હાથ બેઠા પછી ચપ પહેર્યાં ને ચપ કાઢ્યાં. વાર જ નહિ! એ કાચ અતિશય પાતળો હોય છે, પણ સાથે તેટલો જ મજબૂત હોય છે. વળી પહેરવો હોય ત્યાં સુધી પહેરી શકાય છે: બીલકુલ કાઢો નહિ તો યે ચાલે. પાંપણને લીધે તે ધૂળ અને બીજા કસ્તરથી બચવા પામે છે અને પોપચાંના મટમટવા સાથે આપોઆપ સાફ થયા કરે છે. વળી તે ડોળાની સાથે હરેફરે છે, એટલે દૂર રહેલી વસ્તુ પણ સ્પષ્ટરીતે જોઇ શકાય છે. બીજાં સાધારણ ચશ્માંના કાચ કરતાં તે કાચ ઘણો સુરક્ષિત છે. કોઇવાર અકસ્માત થતાં નાકની દાંડીએ રહેતાં ચશ્માં તો ફૂટતાં આંખમાં ઇજા થવાનો યે સંભવ, પણ આ અદૃશ્ય ચશ્માં તો પોપચાં નીચે હમેશાં સુરક્ષિત!

આદર્શ કેદખાનાં

પોતાના દેશનાં કેદખાનામાં આદર્શ માનુષી સુધારા કરી તેનાં પરિણામોનાં મીઠાં ફળ અનુભવતા પ્રશિયા (જર્મની) અને મેક્સિકો (દક્ષિણ અમેરિકા) પર આજ દુનિયા આખીની નજર ચોંટી છે. પણ હજી પોતપોતાના દેશમાં એવા સુધારાના અખતરા કરવાની એકે દેશની હિંમત ચાલતી નથી. લોકો કદાચ સુધરીને દેવ સમા બની જવાની તેમને ભીતિ રહેતી હશે?

આ બંને દેશોમાં ગુનોહ એ એક જાતનો રોગ સમજવામાં આવે છે, અને ગુનેહગારને તેવા રોગનો ભોગ બનેલો સમજી દરદીની જેમ તેની સારવાર કરવામાં આવે છે. જેમ જુદાજુદા રોગના દરદીઓ માટે ભિન્નભિન્ન દવાખાનાં હોય છે, તેમ અવનવા ગુનાહો માટે એવી જાતનાં કેદખાનાં બાંધવામાં આવે છે કે જ્યાં ગુનાહને યોગ્ય વિભાગમાં કેદીને રાખી શકાય.

વળી ત્યાં બીજા દેશોની જેમ નથી હોતા ન્યાયમૂર્તિ ન્યાયાધીશો કે જેઓ અમુક જાતનો ગુનોહ સાબિત થતાં મુકરર કરેલી કલમોની સજાઓ ફરમાવે. પણ ત્યાં એક એવું સરપંચ નીમવામાં આવે છે કે જે ગુનેહગાર કેમ અને કેવા સંજોગોમાં ગુનોહ કરવા પ્રેરાયો તેની તપાસ કરે છે; એટલું જ નહિ પણ તેની પહેલાંની જિંદગી, કુટુંબ, વંશપરંપરાના સંસ્કાર વગેરેની ઝીણવટથી શોધ ચલાવે છે અને પછી તેના ઉપર વિચારપૂર્વક યોગ્ય નિર્ણય બાંધી સજા ફરમાવવામાં આવે છે. સજા એટલે સખત મજૂરીની, સાદી, અંધારકોટડીની, જંજીરની એવી નહિ. અમુક મુકરર વખત સુધી ગુનાહ-ઇસ્પિતાલમાં રહેવાની સજા. ગુનાહના પ્રમાણમાં અને માણસની માનસિક સ્થિતિને હિસાબે ટૂંકી કે લાંબા સમયની સજા થાય છે. અને તેમના ગુનાહ પ્રમાણે અનુકૂળ વર્ગમાં મૂકવામાં આવે છે. તમામ જુવાન કેદીઓને એક સાથે રાખવામાં આવે છે. અને જેમને લાંબા સમયની શિક્ષા હોય તેવાઓને ટૂંક મુદતવાળાઓથી અલગ રાખવામાં આવે છે.

આ બધા બંદીવાનોને માટે સારા કેળવાએલા માનસશાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસીઓ રોકવામાં આવે છે. દાક્તર જેમ દરદીની બહુ જ કાળજીથી માયાળુપણે સારવાર કરે છે તેવી જ, બલ્કે તેથી પણ વિશેષ કાળજીપૂર્વક આ લોકો પોતાના કેદી-દરદીઓની બરદાસ્ત ઉઠાવે છે. કેટલાક કેદીઓને અરધી મુદત પૂરી થતાં વધારે સારી અને સગવડવાળી ઓરડી આપવામાં આવે છે. જેલજીવનના કડક નિયમપાલનને બદલે આ બંદીજનો પોતાના ઘર જેટલી જ સગવડો અને આનંદ અહીં લૂટતા હોય છે. ચારેબાજુ પથ્થરની દીવાલો અને લોખંડી સળિયાનાં જાળિયાંને બદલે હવાઉજાસ માટે પડદા નાખેલી બારીઓ હોય છે; પહેરવાને પરસેવાથી ગંધાતાં બીજા કેદીઓનાં ઊતરેલાં જૂ માંકડથી ખદબદતાં, કેદીના સિક્કાવાળાં ચડ્ડી ને બાંડિયું નથી મળતાં, પણ પોતાને ફાવે તેવા પહેરવેશ તેઓ બહારથી લાવી પહેરી શકે છે; અને ખાવાપીવા

માટે લોઢા કે ટિનનાં ભાંગેલાં ફૂટેલાં થાળી વાડકામાં પરાણે ગળે ઊતરે તેવી પાણી જેવી ભાજી (ગોતાળાફણું) અને કદી યે નહિ જોએલ એવા જાડા, કાચા કાંકરીવાળા રોટલાને બદલે ખુરશીટેબલ પર નિરાંતે બેસીને ભાવતું ભોજન ચોખ્ખાચણુક વાસણમાં જમવાનું તેમને મળે છે. સગાંસંબંધીઓને મળવા દેવાની સદર પરવાનગી હોય છે. પત્રવ્યવહાર કોઇપણ જાતની અટકાયત વગર થઈ શકે છે. તેઓને હરરોજ કારાગાર છોડીને પાસેના કોઈ કારખાના કે દુકાનમાં કામ કરવાની પણ છૂટ મળે છે. આને કારાગૃહ કેમ કહી શકાય?

આ તો પ્રશિયાની વાત થઇ. હવે મેકિસકોનાં બંદીખાનાં જોઇએ. ત્યાં ગુનેહગારોને ન્યાય અને સજા ફરમાવવા પાંચ માણસનું પંચ જેને અંગ્રેજીમાં સુપ્રીમ કાઉન્સિલ ઑફ સોશલ પ્રોટેક્શન ઍન્ડ પ્રિવેન્શન (સમાજરક્ષક વરિષ્ઠ મંડળ) કહે છે તે સ્થાપવામાં આવે છે. આ મંડળ માનસશાસ્ત્રની પદ્ધતિને ચુસ્તપણે વળગી રહી તે પ્રમાણે ગુનેહગારોને શિક્ષા ફરમાવે છે; એટલે તેમને લાંબી કે ટૂંકી મુદતની નિશ્ચિત સમયની શિક્ષા નહિ, પણ અનિશ્ચિત બંધારણ વગરની સજા કરવામાં આવે છે. જેમ રોગી કેટલા વખતમાં ઇસ્પિતાલમાંથી સાજો બનીને આવશે તે કહી શકાય નહિ, તેમ જ ગુનેહગાર પણ કેટલા વખતમાં સમાજમાં રહેવાલાયક મનુષ્ય બનશે તે કેમ કહી શકાય? વહેલો માણસાઈમાં આવે તે વહેલો, નહિ તો જ્યારે સમાજમાં રહેવા લાયક ઠરે ત્યારે છૂટે. (ટ્રેઝર ચેસ્ટ)

પેલી નાચીઝ રાખ

'રાખ જેવું છે' કહીને વગોવવા માટે જે વસ્તુને આપણે આગ દલકામાં હલકી ગણી વગોવીએ છીએ એ નાચીઝ રાખ જીવનમાં કેટલી ઉપયોગી છે એનો વિચાર કર્યો છે? વાસણ માંજવાથી માંડીને દવા સુધી તેના ઉપયોગ છે. અને અનાજ સંઘરી રાખવામાં એના જેવું ઊમૂલ ને સફળ સાધન કયું છે. વાસણને જરા પણ ઘસારો આપ્યા વિના તે ચિકાશ અને મેલ સાફ કરે છે અને ઓપ લાવે છે. ઉલટી કે મેલાંની દુર્ગંધ અટકાવવા માટે ફિનાઇલ જેવો ગુણ તેનામાં છે. માકડ, મંકોડા, કીડી જેવાં જંતુઓના ઉપદ્રવ વખતે વેરવાથી તે સપાટાબંધ તેમને નસાડે છે; અગર તમારી પથારીની આસપાસ તેની પાળ બાંધવાથી સુરક્ષિત બનાવે છે. સૂકા મગજના અડાયાની રાખના ચોખ્ખા પોડાને મીઠાના પાણીમાં ભીંજવી સુકાવી દઇને દંતમંજન તરીકે વાપરવાનો નુસખો તો બહુ ઓછા જાણતા હશે. વળી શીતળા ટંકાવ્યા પછી દાણા ઉપર બોરિક ઍસિડને બદલે આપણા જૂનવાણી લોકો તો હજી યે અડાયાની સ્વચ્છ રાખ વાપરીને રૂઝ આણે છે. અસલથી એ ઘરગથ્થુ, મફતનો અને સાવત્રિક નુસખો ચાલ્યો આવ્યો છે. બીજું તો બધું ઠીક, પણ આપણા ફેઇસ પાઉડરને બદલે પણ રાખ વાપરવાની સૂચના કોઈ કરે તો હસવું જ આવે ને? કહે છે કે ૪૦-૫૦ વરસ પર એ જ વપરાતી. ગુલાબજળમાં કાલવીને આજે પણ વાપરી જોજો. (ન. વી.)



વૃક્ષમહિમા

જેમ પ્રાણ વિનાનો દેહ તેમ વૃક્ષો વિનાનો દેશ. પ્રાણ ઊડી જતાં ખોળિયું ખાલી પડે છે—શરીર જડ બને છે, તેમ વૃક્ષો-ઝાડપાન વિનાનો ગમે તેવો વિશાળ પ્રદેશ લૂખો, ઉજ્જડ ચેતનવિહોણો રણ સમો ભાસે છે. વૃક્ષો વિનાના પ્રદેશમાં વરસાદ પડતો નથી એ તો જાણીતી વાત છે. વૃક્ષઘટાઓના આકર્ષણ અને રૂંધન જ આકાશનાં વાદળાંઓને નીચે વરસાવે છે. જંગલો વાળા પ્રદેશમાં વરસાદ હમેશાં વધારે પડે છે. વૃક્ષોને લીધે જ જમીનને વૃષ્ટિ ને રસ મળે છે. આમ વૃક્ષો એ દેશની શોભા છે, સંપત્તિ છે, ગૌરવ છે; ખરૂં કહીએ તો કુદરતે બક્ષેલી અમોઘ જીવનસંપત્તિ છે. એનાં મૂલ કહી આંકી શકાય જ નહિ.

પણ કમનસીબ છે કે બળતણ, કાગળ, ઇમારતો અને વસવાટ અર્થે ક્રૂર માનવીઓ એ સંજીવનીરૂપી વૃક્ષોને જમીનદોસ્ત કરતાં નથી ખંચાતા કે નથી ભવિષ્ય તરફ દષ્ટિપાત કરતા. માત્ર સ્વાર્થબુદ્ધિને વશ થઇ આપણે તેનો વધારે પડતો દુરૂપયોગ કરીએ છીએ. જો આ પ્રમાણે તેનો સદંતર નાશ ચાલુ રહે તો તો કાળક્રમે દુનિયા આખી એક અફાટ રણ બની જાય; વૃષ્ટિ ઘટી જાય, જમીન સૂકી અને કસવિહોણી થઈ જાય. પછી ન મળે રસભરિત અન્ન ફળફૂલનાં ભંડાર, કલ્લોલતાં પક્ષીઓના કિલકિલાટ કે કુદરતી જીવનના લ્હાવા.

વૃક્ષોનું આટલું રહસ્ય જાણ્યા પછી હરેક તેનો નાશ થતો અટકાવવા પૂરતો યત્ન કરવો જોઇએ. દુનિયાના સમજુ દેશોમાં તો વૃક્ષોને કાપવાં એ ગુનોહ ગણાય છે વૃક્ષ વિનાના કેટલાક દેશોમાં વૃક્ષ વાવનારની કદર થાય છે. આપણે ત્યાં પણ પ્રાચીનકાળમાં વૃક્ષારોપણનો મહિમા હતો અને પર્વો ઠરાવેલાં હતાં. આજે પણ દેશની સમૃદ્ધિ અને ગૌરવને અર્થે વૃક્ષવિહોણા પ્રદેશોમાં નવાં વૃક્ષો રોપાવાં જોઇએ. એકલાં ખેતરોમાં ને ગામ બહાર જ નહિ પણ શહેરમાં રસ્તા પર, ઘરનાં આંગણાંમાં અને જ્યાં જોગવાઇ હોય તેવા સર્વ ઠેકાણે વૃક્ષારોપણ થવું જોઇએ.

પૂનાના કેળવણી ખાતાએ નિશાળે જવાનો કાયર છોકરાંને લલચાવવાને ઇનામો આપવા માંડ્યાં છે; જેમાં મુખ્ય ઇનામ તરીકે નિયમિત હાજરી આપનારને સાબુની ગોટીઓ આપે છે

❁ માથા સાટે મોંઘી વસ્તુ સાંપડવી નહિ સ્હેલ જોને ❁

મુંબાઇની એક સભામાં લોકમાન્યની વિદ્વત્તા ને બુદ્ધિ પ્રતિભાથી મુગ્ધ થએલા સભાના પારસી પ્રમુખે પાછળથી કહેલું, 'મિ. તિલક, આટલી અગાધ તમને બુદ્ધિની બક્ષિસ છે તેનો રાજકારણના કીચડમાં તમે શા માટે દુરૂપયોગ કરો છો ? ઇતિહાસસંશોધનનું કામ કરશો તો જગતભરમાં કીર્તિ થઇ જશે.' લોકમાન્યે જરા બદલાએલે અવાજે ઓજસ્વી ઉત્તર વાળ્યો, 'હિંદ કાંઇ વંધ્યા નથી. સ્વરાજ થશે એટલે મારા જેવા હજારો પંડિતો પાકશે. આજે તો દેશની વહારે ધાવાની જરૂર છે. દરેક જણે આજે પોતાની બુદ્ધિ, શક્તિ ને સર્વસ્વ સ્વરાજ પાછળ આપી છૂટવું જોઇએ.'

અનેકાર્થી શબ્દ: ધડો=સાર, બોધ; =મગજનું સમતોલપણું, ભાન:=બરોબરિયું માપ.

અસલ ખરી કસ્તુરી, નર કસ્તુરીમૃગની જનનેન્દ્રિય અને દૂંટીની વચ્ચેના ભાગમાં એક કોથળી હોય છે તેમાંથી મળે છે; માંડ અરધાથી એક તોલો. જ્યારે આજનું વિજ્ઞાન કોલસામાંથી થોકબંધ કસ્તુરી બનાવે છે. બજારમાં વેચાતી સસ્તી કસ્તુરી તે એ બનાવટી જ. ખરી તો મોંઘી યે મળવી મુશ્કેલ.

ચકલી વધુમાં વધુ ૪૦ વર્ષ. પોપટ ૧૦૦ લગભગ, ગરુડ સૈકાથી યે વધારે, હંસ ૧૫૦ ને જંગલી કાગડા ૨૪૦ વર્ષ સુધી જીવ્યાના દાખલા મળી આવ્યા છે.

રજકણ: ખુલ્લા પ્રદેશમાં વાતાવરણ પ્રમાણે, દર ઘન સેન્ટિમીટરે ૧૬ થી ૭૦૦૦ સુધી રજકણો હોય છે. બીડીની એક ફૂંકમાં ચાર અબજ રજકણ હોય છે.

હાથ પર પડેલા શાહીના ડાઘ ટમેટાંનો રસ ઘસી ધોવાથી જતા રહેશે.

અમેરિકામાં હમણાં જ છેલ્લી વસ્તીગણતરી થઇ તેમાં એકઠી થએલી હકીકતોના આંકડાની તારવણી કરવા માટે મશિનો શોધાયાં છે. એ ન શોધાયાં હોત તો કામ ભારે મુશ્કેલ થઇ પડત.



આ સુંદર દેખાતું ચિત્ર એક આખી સળંગ લીટી છે. ઝીણી ટાંક કે પેન્સિલની બારીક અણી વડે એક છેડેથી શરૂ કરી લીટીએ ચાલ્યા જાઓ: ખાતરી થશે.

પૃથ્વીના એક નવા ભાઈ–સૂર્યમાળાના નવમા ગ્રહની હમણાં જ શોધ થઇ છે.

એક રતલ રેશમ માટે ૨૩૦૦ કીડાઓએ રેશમના તાર કાઢવા જોઇએ.

કપડાં-ચોપડીઓના કબાટ, ગાદલાં ગોદડાંના પટારા કે હારમોનિયમ જેવાં વાજાંમાં કંસારીઓનો ઉપદ્રવ થતો અટકાવવા કપુર મૂકજો એની વાસથી હશે તે નાસી જશે, ને નવી નહિ આવે.


છૂંદેલી ડુંગળીનો કૂચો નાકે દબાવવાથી હિસ્ટિરીઆ કે વાઇની મૂર્છા વળે છે.

મસક વાજાની શોધ વિષે એક મશ્કરો ભાઇબંધ કલ્પના કરે છે કે સૂતેલી બિલાડી કોઈના પગ નીચે આવી જવાથી તે ચીસ પાડી ઊઠી હશે. તે પરથી મસક વાજાની શોધ થઇ હોવી જોઇએ !



પાલીતાણા નજીક અણીડા ગામના ચુંવાળિયા કોળી આ રણછોડ દાદા, પાલીતાણે પ્રતાપસીંગ ગાદીએ બેઠા તે વખતે ૧૨ વરસના હતા, એ હિસાબે સવાસો જેટલી ઉમરના ગણાય. ઘેર પટેલાઈ છે. બત્રીસે દાંત ફરી આવ્યા છે હજી ઘોડે ચડી મુસાફરી કરી શકે એવા તંદુરસ્ત છે. જુવાનીમાં એકલે હાથે હીપા ખુમાણને ગામને પાદરથી હાંકી કાઢી ગામની આબરૂ રાખી હતી. ઇતિહાસની વાતો બધી એમને હજી ગઈકાલ જેવી લાગે છે.

પાણી ભરેલા ઊંડા કુવામાં પડેલી ચીજ શોધવા માટે ડૂબકી મારનારાઓ મોંમાં તેલનો કોગળો ભરી તળિયે જઈ નાખે છે. તેથી દરેક વસ્તુ ત્યાં સ્પષ્ટ જણાય છે.





આ ત્રીજી છાયાછબી : ઓળખાય છે, કોની ?

આગલી બેની પેઠે આના પણ કાળા ગાળા કાપી કાઢીને પછી નાનકડા દીવાના પ્રકાશ સામે ધરતાં તરત ભીંત પર પડેલી છબી ઓળખી કાઢશો.